મસ્તાની મણી.



મધુકર.

મસ્તાની મણી.

(રસ છલકાતી વાર્તા.)

લેખક:-મધુકર.

મુદ્રક અને પ્રકાશક,
મગનલાલ વનમાળીદાસ.
“[illegible] મિત્ર પ્રેસ, લીમડાચોક-સુરત.

આવૃત્તિ ૧ લી. ૧૯૨૯ પ્રત ૧૦૦૦

કિંમત બાર આના.

પ્રકરણ ૧ લું.

હોપ પૂલપર ખુન!

સુરતના શેશન્સ જજની કોર્ટમાં કેદીના પીંજરામાં સત્તર વર્ષની ભર જોબનમાં ઝોલા ખાતી રમણી પોતાનાં મદીલાં નયનો નીચાં ઢાળી ઉભી હતી. વકીલોની ખુરશી એકે ખાલી ન્હોતી. ન્યાયાસનપર લાલ પોષાકમાં સજ્જ થઇ સેશન્સ જજ ગંભીર અને શાંત વદને બેઠા હતા. કોર્ટ પ્રેક્ષકોથી ચીકાર ભરાઈ ગઇ હતી, છતાં લેશ માત્ર ઘોંઘાટ થતો ન્હોતો.

રમણીનું નામ મણી હતું. તેના પર રસીકલાલ નામના પોતાના આશકને હોપ પુલપરથી ધક્કો મારી નદીમાં નાખી દઇ તેનું ખુન કરવાનો આરોપ હતો. ગઇ અમાસની રાતે પુલ પરના પોલીસ સીપાઇએ મૃત્યુની એક કારમી ચીસ સાંભળી હતી. તે સાંભળી તે પુલ પર દોડી ગયો. તે સમયે મણી ભયથી બેબાકળી થઇ સામેથી નાસી આવતી પકડાઈ હતી. પોલીસે તેને પરહેજ કરી. રસીકની લાશ બહાર કાઢવામાં આવી. મણી એકવાર રસીકની માશુક હતી એ બીના પોલીસે શોધી કાઢી. ખુન થયું તે સમયે રસીક મણીને તજી ગયો હતો, અને પ્રેમમાં નીરાશ થયલી મણીએ રસીકની દગાબાજી માટે તેનું ખુન કર્યું હતું એવી સરકારી વકીલની દલીલ હતી. મણી સામે સબળ પુરાવા હતા. ખુન થયું ત્યારે હોપ પુલ પર તેના સીવાય કોઇ ન્હોતું. તે મધરાતે ખુન કરવાના હેતુથીજ પુલપર

ગઇ હતી. ત્યાં તેણે રસીકને કંઇ બ્હાને બોલાવ્યો હતો, અને તે આવતાંજ તેને ધક્કો મારી તાપી માતાને શરણે સોંપી દીધો હતો.

મણી જોબન હીંચોળે હીંચોળા ખાતી હતી. તેની કાળી, મોટી મારકણી આંખોમાં તે નીશો હતો કે જે બીજાને નીશો ચઢાવતો. મેનકાના નયનબાણુથી વીંધાઇ વીશ્વામીત્રે પોતાના ભયંકર તપને ગંગાના વહેતા પુરમાં ફેંકી દીધું હતું, તેમ મણીના કાંતીલ નયન શર પણ ભલભલા સંયમ તોડાવે તેવાં હતાં. તેના ગોળ, ભરાઉ અને ઘઉંવર્ણા બદન પર તંદુરસ્તીની લાલી હતી. તેના બીંબાધર પર ચુંબનની પીપાસા સ્પષ્ટ તરવરી રહી હતી. તેના મોહક ગાલ રેશમ જેવા મુલાયમ હતા, અને તે જોતાં ગમે તેવા અરસીક બોથડને પણ કવી થવાની પ્રેરણા થઇ જતી. તસતસતી ચોળીમાં કેદ પુરાયલા તેના હૃદયાબુજો જાણે બહાર નીકળવાને ડોકીયાં કરતાં હોયની એવાં લાગતાં હતાં.

કોર્ટના પીંજરામાં તે ઉભી હતી. તેના શરીરપર કલકત્તાનું સફેદ ચંદની જેવું ગવન શોભતું હતું. તોફાની પવન સેશન્સ જજની શરમ રાખ્યા વીના કોઇ કોઇવાર તેના સુંદર અંબોડા સાથ અડપલું કરવા માટે તેના માથાપરનો છેડો પાડી નાંખતો, અને તે સમયે મણીની જાદુઇ ખુબસુરતીમાં ઓર રંગત આવતી.

સુરતની પોલીસે આ ગુલબદન પર ખુનનો આરોપ મુકયો હતો અને સરકારી વકીલે પોલીસે ભેગા કરેલા પુરાવા પરથી તેને દોષિત ઠરાવવ સખત જેહમત લીધી હતી. મણીએ કોઇ વકીલ રોકયો ન્હોતો. તે ચંડીકા જેવી જાણે સઘળાને પોતાના ખપ્પરમાં સ્વાહા કરી જવાની હોય તેમ નીડર રીતે કોર્ટમાં ઉભી હતી, તેની મદીલી

કાળી આંખોમાં ભયનું ચીન્હ ન્હોતું. તેના કોમળ શરીરમાં થથરાટ ન્હોતો. સરકારી વકીલની દલીલો સાંભળી તે કોઇ કોઇ વાર ધીક્કારથી હસતી અને જડ કાયદાના ગુલામોની હૃદયહીનતા માટે અફસોસ કરતી. કોઇ પણ સાક્ષીની ઉલટ તપાસ લેવાની તેણે તસ્દી લીધી નહી. જ્યુરીના સભ્યો તેને કુતુહલતાથી ટીકી ટીકી જોઇ રહ્યા હતા. પણ જુરરો અથવા જજની ભેદક દ્રષ્ટી મણીના ઉંડા અંતરનો ભેદ જોઇ શકી ન્હોતી.

સરકાર પક્ષની જુબાની પુરી થઇ, સઘળા સાક્ષીઓની તપાસ લેવાઇ રહી એટલે ન્યાયાધીશે મણીને પુછ્યું: "બાઇ ! તમારે કંઇ કહેવું છે?"

"હા–નામદાર!..." મણી ટટ્ટાર થઇ. તે ફાંસીને લાકડે ચઢવા માંગતી નહોતી. હજુ તેને જીવવાની હોંસ હતી. તે પોતાના મોહક શરીરને જેલમાં સડાવી મારવાને તૈયાર ન્હોતી.

"હું નીર્દોષ છું..." મણીએ ન્યાયાધિશ અને જુરરો તરફ દ્રષ્ટી સ્થીર કરી બોલવા માંડ્યું: "જાલીમ હીંદુ સમાજની રાક્ષસી પ્રથામાં હોમાઇને "વીધવા"ના કલંકિત ખીતાબથી નવાજાયલી હું એક વણીક વીધવા છું. હું બારમે વર્ષે પરણી ત્યારે શ્રીમાળી વાણીઆઓએ મારે કપાળે પંચાવન વર્ષનો બુઢો ખખ ઠોક્યો ને તે મારો આ લોક અને પરલોકનો ધણી થઇ બેઠો. બાર વર્ષની વયે ધણી અથવા પતિ ચાર પગનું જાનવર હોય છે કે બે પગનું તેનું મને ભાન નહોતું. હું એટલુંજ જાણું છું કે ઘોડેસ્વાર થઇ, હાથમાં શ્રીફળ પકડી, બન્ને લાલ વસ્ત્રથી ઢાંકેલી તલવાર અડાડી એક બત્રીસી વીનાનો બોખો વાજતે ગાજતે મારે આંગણે આવ્યો હતો. જે ઘરડા

કુંવરે તે રાતે શ્રીમાળી વાણીઆની નાતને શીખંડ પુરી ને ઢોકળા જમાડયા હતા એટલે અમથાલાલ શેઠની ઉદારતાની તે દીને વાહવાહ પુકારાતી હતી. ટુંકામાં હું પરણી ને અમથાની ઘરવાળી થઇ." છેલ્લું વાક્ય રૂપી પ્રચંડ ધીક્કારથી બોલી. પોતાના પતીનું સ્મરણ થતાંજ તેની આંખોમાંથી ભયંકર અગ્નિ વરસતો હતો. શ્વાસ લેવા એ પલ થોભી. તેણે પોતાના બળતા જીગરને જરા શાંત કર્યું અને પુનઃ પોતાની કરમકથા શરૂ કરી:

"અમથાને ખહીનો રોગ હતો. હું બાર વર્ષની નાહાન બાળા હતી, તે પચાવન વર્ષનો વૃધ્ધ ગધેડો હતો. છતાં પરણ્યા પછી તરતજ તેના જોબનમાં પુર આવ્યું. કદાચ તેણે વીર્યનો ઝરો ઉત્પન્ન કરનારી કોઇ નીમ હકીમની જડીબુટ્ટી ખાધી હશે! તેણે મારા બાળ શરીર પર આક્રમણ કરવા માંડ્યું. હું ગભરાઇ-ત્રાસી અને મારે પીએર નાસી ગઇ. થયું, મારી માએ ને સગાંવ્હાલાંએ મને ટુંપી ખાધી. રાક્ષસ જેવા પતિનો જુલમ પણ સતીએ સહન કરવોજ જોઇએ એવી અમારા જાલિમ હીંદુ સમાજની કરડી આજ્ઞા છે. પતી ચકલામાં જઇને પત્નીને સીફીલીસની બક્ષીસ આપે તો પત્નીએ તેને દેવનું વરદાન ગણીને રક્તપીત અથવા વીસ્ફોટકને આમંત્રણ કરવું જોઇએ! મારો પતી ખહી રોગી હતો-તે સાથે તેને સંગીત કલાનોય શોખ હતો અને પંજાબની બુલબુલો સીવાય સંગીત કોઇજ જાણતું નથી એવી તેની માન્યતા હોવાથી તે ઘણીવાર સ્હવારે ચારચાર વાગા સુધી કોઇ છન્નીજાન કે મુન્નીજાનના જલસા સાંભળવા જતો. ચકલા જેવા સ્વર્ગસદનમાં વીહાર કરવાથી તેના ખહી રોગી શરીરને પરમા ચાંદી જેવા ખિતાબો પણ વળગ્યાં હતાં. અને એ બધી મોંઘી બક્ષીસ

સ્વીકારવાની મેં સાફ ના પાડી એટલે મારા પર આફત આવી. મારી નાતની સતીઓના લીસ્ટમાંથી મારા નામ પર છેકો મુકાયો. મારી માએ હું જલદી જલદી પુત્રવતી થઇ અમથાલાલ મીલકતની વારસ થઇ જાઉં તે માટે મને મારી મારીને પાછી એ રાક્ષસને ઘેર મોકલી. પણ તેટલામાં તો અમથાના બાર વાગી ગયા હતા. તેના જોબનમાં આવેલું પુર ઉતારવા માટે તે કોઇ દિવ્યાંગનાના પ્રેમ પિયુષનું પાન કરવા ગયો હતો અને તેની બાહુતી રતીએ તેને મોતના દરવાજા ખોલવાની ચાવી ફક્ત બે રૂપીઆ લઇને આપી દીધી હતી. હું પાછી સાસરે ગઇ ત્યારે રાજેશ્રી બાદશાહી રોગોની રાજવંશી દવા કરતા બીછાને પડયા હતા. ઘરમાં બીજું કોઇ ન્હોતું એટલે મેં તેને બે [illegible]ાડવા માંડયું અને બીમાર કુતરાને જોઇને દયા આવે તેટલીજ દયાથી મેં તેની સારવાર કરી. તે બીછાનેથી સાજો થઇ બેઠો થાય અને મારા ચાલ્લા ચુડી સલામત રહે તે માટે મારી માએ મોટા મંદીરમાં સવાશેર માખણ ને મીસરી પધરાવવાની. સજોડે શ્રીનાથજીના દર્શન કરાવવાની, અંબાજીને પગે લગાડવાની વિગેરે જાત જાતની બાધા લીધી પણ શ્રીનાથજી મેવાડના ડુંગરામાં શિકાર ખેલવા ગયા હતા અને અંબાજી અંબાજી ચકલે બેઠી બેઠી નૈવેદ્ય આરોગતી હતી એટલે મારા સૌભાગ્યનું રક્ષણ કરવા માટે આ બે દેવદેવીઓને અમથાલાલના વૈદ્ય થવાનું સુજયું નહિ ને અંતે અમથાની દેહને ફુલપાડામાં ફુંકી મુકવાની નાતીલાઓને અનિવાર્ય જરૂર જણાઇ...

“એક ખરાબ રોગવાળો ઘરડો ઠુંઠ ફુલપાડાની ચીતામાં સળગીને ખાખ થઇ ગયો, તેથી હીંદુ સમાજે મને “વીધવા”નો ત્રણ અક્ષરી ખીતાબ વગર માગે ભેટ આપ્યો. મને મારા વગ્નાણપણો

પહેરવાની મના થઇ. હું કાળા મ્હોંની અપશુકનીઆળુ ગણાવા લાગી. મ્હારા માથાના સુંદર વાળ એક મુસલમાન હજામને બોલાવીને કપાવી નાંખવામાં આવ્યા, અને આ રીતે એક ખુબસુરત છોકરીને બેડોળ બનાવી દીંદુ સમાજે સતીત્વનાં કીલ્લાને સુરક્ષીત બનાવી દીધો...

"એક વર્ષ મેં ખુણો પાળ્યો. એટલામાં મારા વાળ પાછા વધી ગયા. હું માતાના ગુસ્સાની પરવા કર્યા વીના મોહક ગુચ્છા પાડી વાળ ઓળવા લાગી. હવે મને ઘરમાં પુરાઇ રહેવાનું ન્હોતું. મારા પર ચોકી પહેરા તો સખ્ત હતા. કોઇ પુરૂષ સાથે વાત કરવાની કે સખીઓ સાથે ટોલટપ્પાં કરવાની મને બેખંડી કાયદાની મના કરી હતી. પણ મોટે મંદીરે જવાની-મંદીરમાં ગીરદીમાં ભચડાવાની અને જલગરીઆ અથવા ચોબાઓ સાથે હસી હસીને વાત કરવાની મને સદર પરવાનગી હતી...રોજ ઠોર ને માલમલીદા ઉડાવનારા શ્રીનાથજીના ભક્તોમાં વીકાર ઉત્પન્ન થતોજ નથી, અને તેઓની વંશ વૃદ્ધી શ્રીનાથજી ફુંક મારીનેજ ચાલુ રાખે છે એવી અમારી નાતની કેટલીક પરમ વૈષ્ણવડીઓની અભંગ માન્યતા હતી. મને પણ એક વર્ષની ઘર કેદ પછી મંદીરે મંદીરે રખડવાની છુટ મળવાથી આનંદ થયો. આમ બે ત્રણ વર્ષ વહી ગયા, અને મારૂં બાળપણ પુરૂં થઇ જોબન ફાટવાનો સમય આવ્યો. મારા અવયવોમાં અજબ મોહકતા આવી, જુવાન પુરૂષો મને ધારી ધારીને જોવા લાગ્યા, મારૂં એક હાસ્ય ઝીલવા માટે ધણાય જણા જીંદગીભરના ગુલામી ખટપર સહી કરવાની તત્પરતા બતાવવા લાગ્યા. મારી નાજુક મદમાતી ચાલ જોવા-મારો અંગમરોડ નીહાળવા ગલી ગલીએ પાંચ છ સહેલાણીઓ ઉભા રહેતા, અને એ બધા મારાજ ગુલામો છે એ વાત હું જાણતી હોવાથી હસતી.

પ્રકરણ ૨ જું.

મદમાતું જોબન !

કોર્ટમાં ગંભીર શાંતી હતી. મણીનો રૂપેરી ઘંટડી જેવો અવાજ ત્યાં ગુંજી રહ્યો હતો. જુરરો અને જજ મણીની કથા આતુરતાથી સાંભળતા હતા.

"નામદાર...!" મણીએ વાત આગળ ચલાવી: "અને હું સત્તર વર્ષની થઇ. મારા શરીરનો બાંધો મજબુત હતો. ઘરમાં વૃદ્ધ માતા સીવાય બીજા કોઇનો મારા પર અંકુશ ન્હોતો. મારો વૃદ્ધ પતી દશેક હજારની મીલકત મારે માટે મુકી ગયો હતો. હું બે ત્રણ ચોપડી ભણી હતી. વીધવા થયા પછી મેં અનેક શૃંગારી વાર્તાઓ વાંચી નાંખી હતી અને તેથી મને વારતાઓમાં આવે છે તેવા પ્રેમની લહેજત ચાખવાની જીજ્ઞાસા થઇ હતી. મારા ઘરમાં આગ લાગે, હું બળીને મરી જવાની અણીપર હોઉં–એવામાં કોઇ બહાદુર યુવાન મને બચાવી લે અને મારો પ્રાણ બચાવનારની બહાદુરી પર ફીદા થઇ હું તેના પ્રેમમાં રસબસ થઇ જાઉં અથવા હું ભાગોળપરથી મંદીરે જતી હોઉં–રસ્તામાં કોઇ ગાડીનો ઘોડો તોફાને ચઢી મનેજ કચડી નાંખવા તૈયાર થાય ને તે પળે કોઇ છેલછબીલો મને ઉંચકી લે ! તમે હસશો–મને ગાંડી ગણશો, પણ જાદુભરી જુવાની શરૂઆતમાં આવા ગાંડા ગાંડાજ વીચારો આવે છે.

"હું વીધવા હતી. નીયમીત મંદીરે જતી હતી. મંગળા, રાજભોગ, શયન વીગેરે સમસમાના દર્શન કરતી. ફુલમંડળીમાં બેસતી

એટલે અમારી નાતની છોકરીઓમાં હું અકતાણી ગણાઇ ગઇ હતી. મારા પર જુલ્મ ગુજારનાર કોઇ ન્હોતું. વીધવા હોવાથી હું ચાંલ્લો કરતી નહી, પણ તે શીવાય બીજા બધા શણગાર સજતી. ફક્ત કાચની બંગડીઓને બદલે બેઉ હાથમાં એક એક સોનાની બંગડી પહેરતી. ગરદન પરથી છેક ઉર પ્રદેશ સુધી લટકતો લાંબો સોનાનો છેડો લટકાવતી. ડાબા હાથના કાંડાપર સોનાનું રીસ્ટવોચ પહેરતી. મારા વાળ રેશમ જેવા મુલાયમ અને ભમ્મર જેવા કાળા હતા. મારા સુંદર અંબોડામાં વેણી શોભાવવાની મને ભારે હોંશ હતી. પણ લોક નીંદાના ભયથી એ શોખ મેં અભરાઇ પર ચઢાવી દીધો હતો.

"હું કોઇનો વધુ સમય નહી લઉં. સત્તરમા વસંતને આંગણે જતાં મારા આખા શરીરમાં ભારી પરીવર્તન થઇ ગયું. મારી કાજળઘેરી આંખોમાં કામની વીજળી ઝબુકવા લાગી. મારા અધરપુટ ઉરજપર યૌવનની મસ્તી નાચવા લાગી. સ્વભાવીક રીતેજ મારી ચાલ મંદી થઇ.

"આ સમયે મારા પાડોશીનો દીકરો રસીકલાલ મુંબઇથી હવા ફેર કરવાને બહાને સુરત આવ્યો. રસીક ચોવીસ–પચીસ વર્ષનો હતો. હજી તેના બાપે તેને કોટે કોઇ પુતળી બાંધી ન્હોતી. તે મારી નાતનોજ હતો અને અમયાની ગોઝારી આંખે ન ચઢી હોત તો કદાચ રસીક સાથે મારા લગ્ન થવાનો સંભવ હતો.

"રસીક આવ્યો. તેને મારે ઘેર આવવાં જવાની છુટ હતી. મારી બાને તે "કાકી" કહેતો, અને મને "બહેન" કહી બોલાવતો. મુંબઇના બધા રંગનો તેને પાશ લાગી ગયો હતો. બગલાની પાંખ જેવા બંગાળી ધોતીઆ પર મલમલનું પહેરણ પહેરીને તે આવતો.

માથાના વાળ અંગ્રેજી ઢબે ઓળતો, અને તેની વાંકી સેંથીથી તે શોભી રહેતો. કપાળના મધ્ય ભાગમાં નાકની સહેજ ઉપર તે બારીક ચાંલ્લો કરતો. તેને ગાવાનો શોખ હતો, અને કંઠ મધુર હોવાથી તે જ્યારે ગાતો ત્યારે વાતાવરણ મસ્ત બનાવી દેતો.

“ચંદની રાત હતી. આકાશમાં દશમનો ચંદ્ર ખીલ્યો હતો. નાના તારલીઆઓ ચંદ્રના પ્રકાશમાં ઝાંખા પડી ગયા હતા. કોઇ કોઇવાર સફેદ વાદળી આવીને ચંદ્ર સાથે અડપલું કરી નાસી જતી હતી. ઘરના વાડામાં રોપેલા ફુલોના ઝાડ બહેક બહેક કરતા હતા. શીતળ મંદ મંદ પવનની લહરીઓ આવતી હતી. મારી બા સુઇ ગઇ હતી, અને હું એકલી ચંદનીના ધવલ પ્રકાશમાં અગાશીમાં પડી પડી કંઇ કંઇ વીચાર કરતી હતી. ચંદ્રનો પ્રકાશ શીતળ હતો, પણ મને તે અંગારા જેવો લાગતો હતો. કેમકે મારા દીલમાં કામાગ્નીની જ્વાળા સળગી હતી.

“મારૂં શું થશે? આ ફડફડાટ થતું જોબન—આ પરીસુરત ખુબસુરતી—આ મોહક ગુલબદન—એ બધું શા કામનું? આ હિન્દુ સમાજ! વીધવાઓને જીવતી બાળી નાંખવાના પાપ માટે તારૂં સત્યાનાશ જજો! તારે મન વીધવા એક એવું વૃક્ષ છે કે જે ફાલી શકે છે, પણ ફળી શકતું નથી. આ શીતલ ધવલ ચંદની—આ જોબનને બહાર—આ વસંતની મસ્ત—ભોગી મધુકર વીના તેનો શો ઉપયોગ?...” હું વીધવા છું એ ખ્યાલજ મારા મનને બાળી નાંખતો હતો, પણ તેની મને પરવા ન્હોતી. કુદરતે મને જોબન અને સૌન્દર્યની બક્ષીસ આપી હતી. શું મારૂં જોબન વીના કારણે કરમાવી નાંખવા માટે ખીલ્યું હતું? નહિ હું બંડખોર બની—અવીચારી બની—મને રતીમાતના કાતીલ બાણોએ દીવાની બનાવી મેલી.

"એજ પળે બાજુની અગાશીમાંથી મધુર સ્વર રણકે લલકારવા માંડ્યું:—

આવોને મારે ઘેર માણવા
હોજી! રાજ! આવોને મારે ઘેર માણવા
જોબન ઘુરીને પલાણવા,
હોજી! રાજ! આવોને મારે ઘેર માણવા.

રસીકનો મધુર કંઠ વસંત રૂતુ–મલયાનિલની લહરી અને સત્તર વર્ષની યુવતીનું હૃદય! પછી પુછવુંજ શું? ગુજરાતના કવી દયારામની ગરબીની હપલી એજ લીટીઓએ મને મસ્ત બનાવી દીધી. મારે રોમેરોમ અનંગની આગ લાગી.

"પડતી રાતે પધારજો પ્રીતમજી,
કોઇ નથી બેઠું મારે ત્યાં જાણવા,
હોજી રાજ! આવોને મારે ઘેર માણવા...
મારી શેરીના છે સહુ સંત સાધુઓ,
પરની ન બેસે પીછાનવા,
હોજી રાજ! આવોને મારે ઘેર માણવા...
"પ્રભાતે જાતાં કોઇ પુછશે તો કહેશું;
તેડયા'તા મેં વલોણું વાળવા,
હોજી રાજ! આવોને મારે ઘેર માણવા..."

"વાંચનાર! જોબનની પ્રથમ મસ્તી તેં કદી અનુભવી છે? જીવનનો એ અણમોલ લ્હાવ તેં કદી ચાખ્યો છે? વર્ષારૂતુમાં ઝરમર ઝરમર વરસાદથી ભીંજાયલી ચંપક કલીનું અપુર્વ સૌન્દર્ય તેં કદી નીહાળ્યું છે? હેમન્તના ઠંડા દવથી સુશોભિત થતી જાઇની સુગંધ

કલિ તેં કદિ જોઈ છે? ગ્રીષ્મકાલમાં ગુલાબની અર્ધસ્ફુટ કલિનું લલિત લાવણ્ય તેં કદિ અવલોક્યું છે? આ બધા લ્હાવા છે કે જે જીવનમાં એકજ વાર મળે છે પણ જીવનભર તેનું સ્મરણ ભુલાતું નથી.

"પ્રેમના દરદીઓજ મારી મનોદશા સમજી શકશે. વસંતરતુ હતી–કવિઓની માનીતી ચંદની ચમકતી હતી–વાતાવરણમાં મધુર પુષ્પોની સૌરભ હતી–રસિક જેવો યુવાન સંગારથી રસબસ થયું ગાયન લલકારતો હતો. અને હું–સત્તર વર્ષની યૌવન વસંતમાં મહાલતી વિધવા એકલી અગાશીમાં પડી હતી. ધીમે ધીમે ગાયન આગળ ચાલતું ગયું તેમ તેમ ગારૂડીની મોરલીથી સાનભાન ભુલતા નાગના જેવી મારી દશા થવા લાગી. હું શું કરું છું તેનું મને ભાન ન્હોતું. મને જોબનની કેફ ચઢી હતી. એ કેફમાંજ ઉભી થઈ અને અજબ મસ્તીભર્યાં નયને રસિકને જોઈ રહી.

"મારા તરફ તેની પીઠ હતી. તે લુચ્ચો હતો. કદાચ મને જોઈનેજ તે પાછો ફરી બેઠો હશે, પણ હું ઉભી થયા પછી તે ઓર ખીલ્યો. "પડતી રાતે પધારજો પ્રીતમજી" વાળી કડી તેણે ઉલટાવી ઉલટાવીને ગાઈ. હવે મારી સ્થિતિ અસહ્ય બની. પલવારમાં હું મારી અગાશીમાંથી તેની અગાશીમાં ઉતરી પડી, અને મેં રસિકની આંખો પાછળથી દાબી દીધી.

"તે આ સુભગ પળ માટે તૈયારજ હતો.

"છોડ–લુચ્ચી!" કહી વ્હાલથી તેણે મારા હાથ આંખ પરથી ખસેડી કાઢયા, અને મને બાથમાં લઈ જોરથી છાતી સરસી દાબી દીધી. મને મારો પ્રીતમ મળી ગયો. હું રસિકની રસિકા બની...

પ્રકરણ ૩ જું.

દગાબાજ આશક!

"પ્રેમના ઉન્માદમાં અમે બન્ને સાનભાન ભૂલી રોજ પ્રસંગ શોધી મળવા લાગ્યાં. આ સમયે મારા સુખનો પારજ ન્હોતો. રસિક મને જાત જાતના લાડ લડાવતો—હું પણ તેને મારા મોહપાશમાં જકડી રાખવા માટે એકાંતમાં મનગમતા શણગાર સજતી. આ વખતે મારા જેવી સુખી સ્ત્રી બીજી કોઇજ નહી હશે એવું મને લાગ્યું હતું. પણ હાય! મારા ભયંકર ભાવીનો વિચાર કરવાની મારામાં અક્કલજ ન્હોતી.

"બે મહીના પછી રસિક મુંબઇ ગયો. હું આ વિજોગ માટે તૈયાર ન્હોતી. વહેલા મોડા અમારે જુદા પડયા વીના છુટકોજ નથી—અમે જાહેર રીતે એકબીજાને મળી શકીએ એમ નથી—એ વાત મુર્ખાને પણ ઝટ સમજાઇ જાય તેવી હતી. પણ પ્રેમ—દીવાના આવી વાત સમજતા નથી. રસિક ગયો તે પહેલાં મને મળ્યો. તેણે મારા—પર બબ્બે ત્રણ ત્રણ દહાડે કાગળ લખવાનું વચન આપ્યું. હું રડી—ખુબ રડી. તેણે મારા આંસુ ચુમી લઇ શાંતી આપી.

"તે મુંબઇ ગયો. તેના વીયોગમાં એક બે દીવસ તો રડી રડીને મેં આંખો સુજાવી દીધી. ત્રીજે દીને તેનો પ્રેમાળ પત્ર આવ્યો. તેમાં તેણે કોઇપણ રીતે સુરતમાં નોકરી શોધી લેવાનું વચન આપ્યું હતું. મારો રસિક હમેશા મારીજ પાસે રહે એવી મારી ઇચ્છા હતી, અને તેથી મેં તેને મુંબઇ છોડી દઇ સુરતમાંજ રહેવાનો ખાસ આગ્રહ કર્યો હતો.

"એકાદ મહિનો બીજો વહી ગયો, અને મારી સ્થીતી ગંભીર જણાઇ. હું ગર્ભવતિ થઇ. વિધવા ગર્ભવતી થાય તો સમાજ તેને જીવતી ને જીવતી મારી નાંખે તે હું જાણતી હતી. પણ મારા ઉદરમાં મારા વ્હાલા રસિકનું બાળક હતું. રસીક પર મને સંપુર્ણ વીશ્વાસ હતો. તેણે એકબેવાર મારી સાથે પુનર્લગ્ન કરવાની વાત કરી હતી. એટલે હું ગર્ભવતી થઇ તેથી ડરી નહી. મેં રસીકને એક પત્ર લખ્યો. તેમાં તેને મારી સ્થીતી જણાવી, મારી સાથે પુનર્લગ્ન કરી સંસારને સ્વર્ગ બનાવવાની મેં વીનંતી કરી.

"પણ હાય! પુરૂષોના નીષ્ઠુર હદયો સ્ત્રીઓ ક્યારે પીછાની શકશે? પુરૂષો વાસનાના ગુલામ થઇ સમુદ્રની ભરતીના ઉછળતા મોજાની પેઠે સ્ત્રી પાસે દોડી આવે છે, ને પોતાની વાસના પુરી થતાંજ પોતાની માશુકને સીગરેટના પીધેલા ઠુંઠાની પેઠે ફેંકી દે છે.

"હું ગર્ભવતી થઇ તે પછી રસિકના કાગળોજ સુકાઇ ગયા. આંખો ફાડી ફાડીને મેં રાહ જોઇ. રોજ ટપાલીને હું મારા કાગળ વિષે પરપુછ કરતી, પણ રસિક પત્ર લખે તો ટપાલી લઇ આવેને? હું નિરાશ થઇ. અંતે મેં એક છેલ્લો પત્ર લખી મને અને મારા બાળકને ભયંકર કલંક અથવા મોતમાંથી બચાવવાની મેં રસિકને આજીજી કરી. પણ એ હીચકારો ચુપજ રહ્યો. તેં મારા જોબનનોજ ગુલામ હતો. પ્રેમની પ્રખર જવાબદારીનું તેને ભાન ન્હોતું. પ્રેમી-પ્રીયતમા માટે પ્રાણ અર્પણ કરી દે છે એ વાત તેને મન ગપ્પા જેવી હતી.. તેણે મને તજી દીધી. સમાજના ધાકથી તે ડર્યો. તેને મારી દયા તો ન આવી. પણ તેના-અમારા બાળકની પણ દયા ન આવી.

"આવામાં એક બનાવ બન્યો. રસીકનાં લગ્ન કર્યાં. તેના ઘરમાં ધામધુમ શરૂ થઈ. વડી પાપડ થવા લાગ્યા. સ્ત્રીઓ ગીતો ગાવા લાગી. હવે રસીક આવશે ને તેને રૂબરૂમાં મળી હું તેનું રક્ષણ માંગીશ એવો મેં વીચાર કર્યો. તે આવ્યો, પણ તેણે મારા તરફ ઝાંખીને નજર શુદ્ધાં ન કરી. મને મળવા પણ ન આવ્યો. મારા હૃદયપર ભયંકર આઘાત થયો, એ બદમાસ મને ભયંકર દશામાં તજી જવા તૈયાર થયો, તેથી તેને માટેનું મારૂં સઘળું વ્હાલ સુકાઇ ગયું. હું તેને ધીક્કારવા લાગી. છેલ્લે પાટલે બેસી મેં તેનાપર એક ચીઠ્ઠી લખી.

રસીકલાલ,

આજે રાતે નવ વાગે આપણા ઘરની પાછલી ગલીમાં જે ઘર બંધાય છે, ત્યાં જો તમે નહી મળશો તો હું સઘળી શરમ છોડી તમારા પત્રો નાતના પંચમાં રજુ કરી મારા ગર્ભસ્થ બાળક માટે દાદ માંગીશ. માટે જો તમને તમારી નહી પણ તમારી આબરૂની દરકાર હોય તો જરૂર મને મળજો.

આ કાગળ સહી કર્યા વીનાજ એક નાદાન છોકરી સાથે મેં રસીકલાલ પર મોકલી આપ્યો, અને તેના જવાબમાં તેણે એટલુંજ લખ્યું: "હું રાતે મળીશ."

રાતના નવ વાગ્યા. ગલીમાં અંધારૂં હતું. મ્યુનીસીપાલીટીનું ફાનસ આઘે ટીમટીમ સળગતું હતું. પણ તેનો પ્રકાશ અહીં આવતો ન્હોતો. માણસોની અવરજવર પણ આ ગલીમાં બંધ પડી ગઇ હતી. કોઇ રડ્યુંખુટ્યું કોઇવાર રસ્તેથી પસાર થઇ જતું. પણ તેને અહીં શું બનવાનું છે તેની ખબર ન્હોતી. હું સાડાઆઠ વાગ્યાની ધારેલે ઠેકાણે જઇ બેઠી હતી. હું જે જગ્યાએ રસીકને મળવાની

હતી ત્યાં નવું ઘર બંધાતું હતું. પહેલો માળ બંધાઇ ગયો હતો. પણ ત્યાં અત્યારે કાળું ચકલીયું પણ ન્હોતું.

મારા દીલમાં ભય ન્હોતો. મારી ખાત્રી હતી કે રસીકલાલ આવ્યા વીના રહેવાનો નથી. હું આજે એક મગની બે ફાડ કરી નાંખવાનો નીશ્ચય કરી આવી હતી. મેં રસીકને પોતાનું જીવન સર્વસ્વ અર્પણ કર્યું હતું. પણ સ્ત્રીનો સ્વભાવ એવો છે કે તે આપે છે પણ સર્વસ્વ અને લે છે પણ સર્વસ્વ! પ્રેમમાં દગાબાજી થાય તે સ્ત્રી કદી સાંખી શકતી નથી. મારા જેવી પ્રબલ પ્રેમવાળી સ્ત્રીને રસીકની ક્રૂરતા અસહ્ય થઇ પડી હતી. મારા પેટમાં રસીકનું બાળક હતું. જો રસીક તેનો પીતા થવાની ના પાડે તો કાં તો મારે ગર્ભપાત કરી પોતાના બાળકનું ખુન કરવું પડે અથવા તો સમાજમાં બદનામ થઇ ઘરબાર છોડવા પડે. હું બાળહત્યા કરી ગોઝારી થવા માંગતી ન્હોતી. મારૂં સ્ત્રીત્વ હજુ નષ્ટ થયું ન્હોતું. બાળહત્યા કરી છુપી રીતે પાપીણી બની હું સમાજ "આબરૂદાર" ગણાવાનો દંભ કરવા માંગતી ન્હોતી. જો રસિક મારો સ્વીકાર કરે તો ઠીક છે; નહી તો ગોઝારી હીંદુ સમાજને પ્રણામ કરી બહાર દુનીયામાં ગમે ત્યાં આશ્રય લેવાનો નિશ્ચય કર્યો હતો.

મને વધુ વાર ખોટી થવું પડયું નહિ. થોડીજ વારમાં કોઇનો પડછાયો અંધારામાં દેખાયો અને રસિકલાલ ધીમે કદમે મારી પાસે આવી ઉભો.

"કોણ મણી ?" રસિક ધીમેથી બોલ્યો.

"હા–તમારી આંખની કણી...." મેં વ્યંગથી જવાબ વાળ્યો.

"જો મણી! તું આમ મારો તીરસ્કાર ન કર."

"ત્યારે શું તમને વ્હાલના ઉમળકાથી ગળે બાઝું ? રસિક-લાલ ! તમને નઠોર પુરૂષોને અમુલ્ય પ્રેમની કિંમતજ નથી. મેં તમને મારો આત્મા—મારૂં શરીર—અરે ! મારૂં સર્વસ્વ અર્પણ કરી દીધું ત્યારે તમારી સાથે મેં કોઇ જાતનો વેપારી સોદો કર્યો નહોતો. હું મુર્ખી પ્રેમમાં આંધળી બની એમજ માની બેઠી હતી કે તમે મારા સાચા પ્રેમી છો. પણ હાય ! તમે પુરૂષો પાષાણ હૃદયના છો તમે એક ભોળી સ્ત્રીને તમારા મીઠા મીઠા વચનોથી ફસાવો છો અને પછી વંટોળીઓ સુકાં પાદડાંને ફેંકી દે તેમ ફેંકી દો છો."

"મણી ! તારા પરનો મારો પ્રેમ એવો નથી. હજી પણ હું તને અનંત પ્રેમથી ચાહું છું. મારો પ્રેમ છીછરી નદી જેવો નહિ પણ સમુદ્રના અગાધ જલ જેવો છે !"

હું કંઇ બોલી નહિ.

"મણી ! કેમ કંઇ બોલતી નથી !"

"હું તમારૂં કાવ્ય સુણી રહી હતી. તમે કહો છો ને કે તમે મને અનંત પ્રેમથી ચાહો છો ?"

"હા—ઇશ્વરના સોગન..."

"નકામો ઇશ્વરને વચ્ચે ના લાવો. મારા સવાલનો જવાબ આપો. તમે મને ચાહો છો."

"અંતઃકરણથી."

"તો સરલા સાથે પરણવા કેમ તૈયાર થયા ?"

"દુનીયાને બતાવવા."

"એટલે ?"

"એટલે એમ કે સરલાને પરણવા છતાં હું તને મારીજ સમજીશ."

"અને સરલાનાં ભોળા હૃદય પર આઘાત કરી મને તમે વજ્રઘાત કર્યો છે. તેનીજ રીતે તમારી પરણેતરને પણ તમે દગો દેશો એમજને ?"

"એમાં દયા જેવું શું છે ? હું સરલાને દુનીયાદારીને ખાતર પરણું છું. મારા પ્રેમની પાત્રી તો તુંજ છે."

"તો પછી ન્યાયની ખાતર સરલાને પરણવાની ના પાડી મારી સાથે પુનર્લગ્ન કરી તમારા બાળકના પિતા થવાની મર્દાનગી બતાવશો ? જો તમે મારા થશો-જો તમે મારા બાળકના શીરછત્ર બનશો, તો હું તમને એવા પ્રેમથી ચાહીશ કે જે રીતે કોઇપણ સ્ત્રીએ કોઇ પુરૂષને નહી ચાહ્યો હોય."

"અને જો હું ના પાડું તો ?"

"તો હું તમને પ્રચંડ ધિક્કારથી તુચ્છકારીશ." મારી આંખમાંથી અંગારા વરસ્યા.

પ્રકરણ ૪ થું.

મણી ક્યાં ગઇ ?

"જો મણી!" તે મને સમજાવતો બોલ્યો. તેણે મારા હાથપર હાથ મુકવાની કોશેષ કરી પણ મેં તેનો હાથ હડસેલી કાઢયો: "મણી! આપણે દુનીયાની લાજ તો રાખવી જોઇએ, તું વિધવા છે. આપણી નાતના રીવાજ પ્રમાણે તારી સાથે મારાથી લગ્ન થઇ શકે તેમ નથી."

"આ વિચાર મારા પ્રેમનો સ્વાદ લેતી વખતે નહોતો આવ્યો!"

"આવ્યો હતો. પણ તું સમજુ થશે અને દુનીયાની ઘણી વીધવાઓ વર્તે છે તેમ..."

"બસ કરો! દુનીયાની વીધવા ગણાતી ચંડાલણો શીશુહત્યા કરી સતી ગણાતી હોય અને તમારા સનાતન ધર્મના થાંભલા અખંડ રાખતી હોય તો તે તમને મુબારક રહો! મારે એવી ગોઝારી સમાજ અને એવો ગોઝારો ધર્મ નથી જોઇતો." હું ઇસ્કેરાઇને બોલી. હવે રસીક પણ કચવાયો.

"તારે અમારા ધર્મ તે સમાજ વહી જોઇતા હોય તેથી તે તને છોડવાના હતા? મણી! આવી અંડખોર ના બન, જો તું ડાહી થશે તો તારે કંઇ ગભરાવાનું નથી."

"તમારા જેવા ડાહ્યાઓનું ડહાપણ એમજ કહેશે કે મારે બાળહત્યા કરવી."

"તેમાં શું? ઘણી વીધવા તેમ કરે છે..."

"જાઓ! તમારી ગોઝારી વાત મારે સાંભળવી નથી. હું ભુખે મરીશ-ભીખ માંગીશ-રસ્તે રસ્તે ભટકીશ અને પોકાર મારીને કહીશ કે એક સનાતની બાપના ધર્મધુરંધર પુત્રે મને આ બક્ષીસ આપી છે." આ સમયે હું આવેશથી મોટેથી બોલી. રસીક ગભરાયો. આ સમયે ત્યાં કંઇક ખખડાટ થયો. બાયલો રસીક ચોંકયો.

"આ શાનો ખખડાટ છે?"

"હશે. જેનો હશે તેનો. તમારા જેવા ધર્મધુરંધરે ડરવાની શી જરૂર છે?"

"મણી! મણી! તું મને નાહક ન હેરકેર. તુંજ મારા પર મોહી પડી હતી. હવે શા માટે મને સતાવે છે?"

"નહી. નહી. મારી ભુલ થઇ. હું તમને સતાવવા માંગતી નથી. એક છેલ્લી ઇચ્છા હતી કે જોઉં-પુછી તો લઉં કે રસીકને પોતાના બાળક પર કેટલો પ્રેમ છે! પણ જાઓ તમારૂં પોત પ્રકાશી ગયું. તમે નરપીશાચ-નરાધમ-નર રાક્ષસ છો."

"હું આવું અપમાન સહન કરવા અહીં આવ્યો નથી."

"તો જાઓ-અહીંથી કાળું કરો."

"કહું છું-હજુ પણ સમજ..."

"જાઓ! કાળું કરો!" હું બરાડી. બીજી પળે તે અદ્રશ્ય થઇ ગયો.

તે ગયો પછીજ મને મારી વિષમ સ્થીતીનું ભાન આવ્યું. મારા ને મારા બાળકની ભયંકર ભાવીનો વીચાર કરી મેં છુટે મ્હોડે રોવા માંડયું. એજ વખતે કોઇએ લાગણીથી મારા ખભાપર હાથ મુકયો. હું ચમકી. મેં પાછું ફરી જોયું તો મારી સામે એક ખ્રીસ્તી ઉભો હતો. અંધારૂં હતું. તારાઓનો નજીવો પ્રકાશ પડતો હતો. છતાં

પોષાકપરથી તે ખ્રીસ્તી હતો તે હું સમજી ગઈ. કુદરતી રીતેજ મને ભય ઉપજ્યો. આ માણસ ખરાબ હશે એમ ધારી હું કંપી ઉઠી. પણ તે મારા મનનો ભય સમજી ગયો. અને વીવેકથી મારાથી થોડે દુર ઉભો રહી બોલ્યો: "બહેન! જરા પણ ગભરાશો નહી. હું ખ્રીસ્તી છું તેથી શું થયું ? હીંદુ ને ક્રીસ્તાનને જુદા જુદા પ્રભુએ પેદા કર્યા છે ? મારે પણ મા અને બહેન છે. તમે મારા બહેન જેવાજ છો."

"ભાઇ! હું હવે જઇશ" હું હજુ ભયભીત હતી, એટલે મેં ત્યાંથી ચાલી જવાની પેરવી કરી.

"શાંત થાઓ બહેન! કર્મ સંજોગે મેં તમારી ને તમારા દગાબાજ આશકની વાતચીત સાંભળી છે. તમે નાજુક અને મુશ્કેલ હાલતમાં છો. તમારા હીંદુભાઇઓ તમને આ સમયે કંઇ મદદ કરવાના નથી, માટે આ ખ્રીસ્તી બીરાદરની મદદ સ્વીકારો. હું ઇસુ ખ્રીસ્તના કસમથી કહું છું કે હું તમને મારી બહેન ગણીને મદદ કરીશ."

આ ભલા ખ્રીસ્તીના શબ્દોની મારા પર ઉંડી અસર થઇ. થોડીકવાર હું વીચાર કરતી બેસી રહી. મારે શું કરવું ? મને ત્રીજો મહીનો જતો હતો, જો મારી દશાની નાતને ખબર પડે તો હું બદનામ થઇશ. જો મારી મા એ વાત જાણશે, તો તે મને ઝેર પઇ દેશે અથવા પોતે આબરૂના ભયથી ઝેર પી જશે. મારી મુઝવણનો પાર નહોતો. એક બાજુ સમાજનો ભય, બીજી બાજુ માતા તરફની લાગણી અને ત્રીજી બાજુ મારા પેટના ફરજંદ તરફની પ્રીતિ! મારે શું કરવું ? શું કોઇ હીંદુ મને મદદ નહી કરે ? શું મારે આ ધરમીનોજ આશરો લેવો પડશે ?

"બાઇ!" શેરલોક જજ હવે અકળાયા. "ખુન કેસ સાથે આ બધી વાતોને કંઇજ સંબંધ નથી."

"નામદાર !" હું હીમ્મતથી બોલી: "તમે ન્યાય ચુકવવા બેઠા છો, અને મારી આખી કરમ કથા નહી જાણો, ત્યાં સુધી આ ખુનનું રહસ્ય સમજવાના નથી."

"જેમ બને તેમ ટુંકામાં પતાવો."

"હું ટુંકમાંજ પતાવીશ. પણ જો તમારે ન્યાયજ કરવો હોય તો મારી વાત સાંભળવીજ પડશે!"

મને ચુપ બેઠેલી જોઇ પેલો મરદ ફરીથી બોલ્યો: "બહેન! તમે મને ઓળખતા નથી–તમે મારા ધર્મના નથી–એટલે મારા પર વીશ્વાસ ન આવે તો કંઇ ફીકર નહી. મારૂં નામ જોન રોબર્ટ છે, અને હું મુગલીસરામાં રહું છું. તમને મારી મદદની જરૂર પડે, તો બેલાશક મને મળજો અથવા મને બોલાવજો."

તેના આ શબ્દોની મારા પર ભારી અસર થઇ. તેનો મેં આભાર માન્યો અને હું એકલી ઘરમાં ગઇ.

"તે રાતે મને બીલકુલ ઉંઘ ન આવી. રસિક દગાબાજ હીપકારો નીવડયો. મારી દશા ભયંકર હતી. હું ગર્ભવતી છું એ વાત મારી મા જાણે તો તેને કંઇનું કંઇ થઇ જશે પણ હવે મારે કરવું પણ શું?

"સુરતમાં હીંદુ ધર્મ માટે મરી ફીટનારા એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતા હતા! તેમનું નામ મણીશંકર શાસ્ત્રી! સનાતન ધર્મ પર તે રોજ ભાષણો આપતા, અને મુસલમાનો બદમાસ ગુંડાઓ છે એમ કહેતા. મને તેમની મદદ માંગવાનો વિચાર આવ્યો અને બીજે દિને સવારે આઠેક વાગ્યાને સુમારે હું મણીશંકરને ઘેર પહોંચી.

મણીશંકર ત્રીસ પાંત્રીસ વર્ષનો બેડી દહીંનો બ્રાહ્મણ હતો. શિખાબંધન વિના પુર્વજો પીંડ નજ સ્વીકારે તે માટે તેણે મોટી ચોટલી રાખી હતી. ચોટલી સિવાયનો માથાનો ભાગ કસબ કરેલો

હતો. કપાળપર મોટું ત્રિપુંડ તાણ્યું હતું. ઘરના આગલા ભાગની પેઢીમાં મહોરાજ સામે ટીપણું ને પાનની પટી રાખી તે બેઠા હતા. શરીરમાં મેલું ધોતીયું અને ફાટેલું પહેરણ હતું. હું ગઇ ત્યારે તે કોઇ નવા વરવહુના ગોળ મળશે કે નહી તે માટે બેઉના જન્માક્ષર જોતા હતા. ધન મકર કુંભ વિગેરેની ગણત્રી થઇ હતી.

"વચલા ખડના બારણા પાસે તેની સ્ત્રી ગંગા બેઠી બેઠી બાડી નજરે ગોર મહારાજ પેલા યજમાનના લખોટાનો મેળ કોઇની પોરી સાથે મેળવી દે છે કે નહી તે જાણવાની આતુરતાથી જોતી હતી. મણીશંકર શાસ્ત્રી આકાશના તારાઓ પર રાજ ચલાવતા. તેમની રજા વીના કોઇ નક્ષત્રો હાલી ચાલી શકતા નહી. તેમને પુછ્યા વીના કોઇને શનૈશ્વરની પનોતી વળગતી નહી અને તેમની પાસે રૂદ્રી કરાવ્યા વીના કેઇના પર પણ પ્રસન્ન થવાની તેમણે મહાદેવને મના કરી હતી.

"હું જરા ખંચકાતી ઘરમાં દાખલ થઇ. મણીશંકરે મને જોતાંજ ચશ્મા બરાબર ચઢાવ્યા જરા તીક્ષ્ણ નજરે મારા તરફ જોયું. કદાચ હું પણ કોઇના ભાવીનો ભેદ ઉકેલવા આવી હોઇશ એમ ધારી તેણે પુછ્યું. "શું કામ છે? જન્માક્ષર જોવા કે પ્રશ્ન પુછવો છે?"

"મારે તમારૂં ખાસ કામ છે." મેં જવાબ આપ્યો. "ખાસ કામ" એ શબ્દ પર મેં ભાર મેલ્યો હતો એટલે ગંગા ગોરાણીના દીલમાં ઉથલપાથલ થઇ ગઇ. રખેને ગોળમટોળ પેટવાળા તેના શાસ્ત્રીને હું ભુરકી નાખું તેથી તેણે મને તરત પોતાની પાસે બોલાવી લીધી.

"તમે અહીં બેસો. એ જરા કામમાં છે."

"મને કંઇ ઉતાવળ નથી." કહી હું ગોરાણી પાસે જઇ બેઠી.

પ્રકરણ ૫ મું.

ગોર મહારાજનું ગડબડ શાસ્ત્ર !

પાએક કલાકમાં ગ્રહોને સમજાવી પટાવીને ગોર મહારાજે લગ્નનું મુહૂર્ત જોઇ આપ્યું, અને પછી તે નવરા થયા. હવે તેણે ફરીથી મારા તરફ તીક્ષ્ણ નજર ફેંકી.

"બોલો બ્હેન! શું કામ છે?"

"તમને એકલાનેજ કહું કે ગોરાણીની હાજરીમાં વાત કરૂં."

"ગોરાણી! તમે જરા અંદર જાઓ તો." મણીશંકર બોલ્યો અને તેણે એવો ઇશારો કર્યો કે ગોરાણી બબડયા વીનાજ રસોડા તરફ વીદાય થઇ.

"ગોર મહારાજ!" મેં વાતની શરૂઆત કરી: "તમે હીંદુઓના ધર્મગુરૂ છો, ધર્મના આધાર સ્તંભ છો, વેદના જાણકાર છો, પુરાણના અભ્યાસી છો..."

"મણીબ્હેન! જગતમાં મારા જેવો કોઇ વીદ્વાન નથી. ચાર વેદ, છ દર્શન, અઢાર પુરાણ અને ૧૦૮ ઉપનીષદ મારે મ્હોડે છે." ગોર ફુલાયો.

"તે હું જાણું છું. હું ઘણી વીકટ અવસ્થામાં છું."

"અમે તેવી વીકટ અવસ્થામાંથી યજમાનોને બચાવી લેવાની શક્તિ ઇશ્વરે ભુદેવોનેજ આપી છે. અમારી રજા વિના કોઇપણ દેવ દેવી કંઇ કામે કરી શકવા નથી."

"હું વાંધવા છું."

"હરે હરે! આવી જુવાન વયમાં તમારા શીરછત્રને છીનવી લેનારની ક્રુરતા વીધીએ શા માટે બતાવી હશે? ભોળાનાથની ઇચ્છા... હવે ઇશ્વર ભજન કરો બ્હેન!"

"ઇશ્વર ભજનમાં મારૂં ચીત્ત ચોટતું નથી."

'કળજુગની એજ માયા છે. કામ ક્રોધને જીતવામાંજ પુરૂષાર્થ છે."

"હું પુરૂષ નથી એટલે પુરૂષાર્થ કરવા માંગતી નથી. હું સ્ત્રી છું, વીધવા છું અને ગર્ભવતી થઇ છું." મેં ભેદ ફોડયો.

"વિધવા ગર્ભવતી?" જાણે ગોરની સામે કોઇએ મોટો બોંબ ફેંકયો હોય અથવા પેઢીમાં ભયંકર નાગ નીકળી આવ્યો હોય તેમ તે ચમકયો: "તું વીધવા થયા પછી ગર્ભવતી થઇ? અરે! ચંડાલણ! તને આ સુઝયું? નક્કી તને કોઇ યવને ભમાવી હશે!" હીંદુ વીધવાના શીયળનો ભંગ હંમેશાં યવનોજ કરે છે અને હીંદુઓ પવીત્રતાના પુતળાજ હોય છે. એમજ ગોર માનતો હતો.

"નહિ. કોઇ યવને મારી લાજ લુંટી નથી."

"ત્યારે?"

"મારીજ નાતના એક જુવાને."

"ત્યારે તો તેં સ્ત્રી ચારીત્રથી એ બીચારાને વીહ્વળ કર્યો હશે. ભર્તૃહરી કહી ગયા છે કે માયાવી રમણીની માયાનો પારજ નથી."

ગોરની વિચીત્ર દલીલો સાંભળી એક બાજુથી મને હસવું આવતું અને બીજી બાજુથી ધીક્કાર છુટતો.

"તમારો ભર્તૃહરી શું કહે છે તેનું મને કામ નથી. હું ગર્ભવતી છું. હવે મારે શું કરવું?"

"કાશીમાં જઇ ભગવાન વિશ્વેશ્વરના દર્શન કરી પવીત્ર જાહ્નવી માતાને પ્રાણ સમર્પણ કરી, આવતે જન્મે આ જન્મનાજ પતીની સેવા કરવાનું મહદ્‌ભાગ્ય મળે એવી પ્રાર્થના કરવી..." ગોરે સલાહ આપી.

"શું? આવતે જન્મે પાછી હું ગરમીના રોગવાળા–ખદીથી ખોંખતા અમથાની ધણીઆણી થાઉં? અરે! એવો ધણી તો મારો બુટ સાફ કરવા પણ નહી રાખું..."

"શિવ શિવ શિવ! છોકરી! તું આર્યકુલ કલંકિની કુલટા છો. જા–તું રૌરવ નર્કમાં જશે."

"અને તમે ક્યાં જશો ગોરમહારાજ!" હું ખીજાઈ ગુમાની બોલી: "મેં શા પાપ કર્યાં કે હું નર્કમાં જાઉં? અને તમે ક્યાં પુણ્યના ઢગલા બાંધ્યા છે, કે ભગવાને સ્વર્ગમાં તમારી જગ્યા રીઝર્વડ રાખી મેલી છે!..."

"તારા જેવી વંઠેલ સાથે વાદવિવાદ કરવાની મને ફુરસદ નથી."

"મહારાજ!..." હું જાણી જોઇને જરા નરમ બની: "હું તમારા જેવા મહાપુરૂષને શરણે આવી ને તમે મને આમ ધુતકારી કાઢો છો તે યોગ્ય નથી."

"ગોર હસ્યો. તેના પીતળીનો પ્રભાવ મારા પર પડી ચુક્યો એવી તેની ખાત્રી થઇ. "શું મને બચાવવાનો કંઇજ રસ્તો નથી?"

"છે–છે–તને શું પણ તારાથી પાપી સ્ત્રીઓને બચાવવાના રસ્તા પણ અમે લોક કલ્યાણાર્થે શોધી મુકયા છે. તું પાપીણી છે–મયામોહમાં ભ્રષ્ટ થઇ ગર્ભવતી બની છે–તારા પતિનાં કુળને તેં કલંક લગાડયું છે–તારી સાત પેઢી સીધી વૈકુંઠમાંથી નર્કમાં ફેંકી દેવાની પ્રભુની આજ્ઞા થઇ ચુકી છે..."

"અરરર! મહારાજ! આ બધી ખબર તમને વાયરલેસથી મળી ગઇ કે?

"વાયરલેસ યવનોની વિદ્યા છે. અમને તો યોગની સહાય છે–સમજી? યોગથી ઈંદ્રાસન ડોલે છે–યોગથી કથીર સુવર્ણ થાય છે..."

"જી મહારાજ!"

"તને અગ્નિશુદ્ધ બનાવી સતી શિરોમણીના નામોમાં તારી ગણના કરાવવાને હું તૈયાર છું. શાસ્ત્રોમાં એવા ઘણા પ્રમાણ છે. મત્સ્યગંધાએ કૌમાર અવસ્થામાં વ્યભિચાર કર્યો હતો, છતાં તે સતી ગણાય છે. પણ આ કળિકાળમાં તારે તારા પાપનું પ્રાયશ્ચિત કરવું પડશે, અને તેમાં થોડાક પૈસા..." ગોર અચકયો, જરા હસ્યોઃ "અમારે ભુદેવોને પૈસાની તૃષ્ણા નથી. લક્ષ્મી શું છે? હાથનો મેલ છે–માયા છે. પૈસાનો મોહ અમને હોયજ નહિ. પણ વ્યભિચાર જેવું મહાપાતક નષ્ટ કરવા માટે નાશીક જેવા તીર્થસ્થલ પર જઇ નવે- ગ્રહની શાંતિ કરવી પડશે..."

"તેમાં કેટલોક ખર્ચ થશે?"

"શક્તિ પ્રમાણે ભક્તિ! હું નકામો ખર્ચ કરાવવાને આતુર નથી. તારા જેવી વીધવાને સીધે રસ્તે લઇ જવાની મને દયા આવે છે, પણ દેવોના કામમાં કંજુસાઇ ન ચાલે. હજારેક રૂપીઆનો ખર્ચ થશે..."

"શું હજાર રૂપીઆ ખર્ચ કરવાથી મારા પેટમાંનો ગર્ભ મંત્રના જોરથી ઉડી જશે?"

"હા–બ્રાહ્મણો શું નથી કરી શકતા? વીધવાઓના ઉદ્ધાર માટેજ અમે નાશિક, કાશી, ડાકોર, આણંદ કલ્યાણી વિગેરે તીર્થસ્થળો રાખી મેલ્યા છે."

"ધારો કે હું તમને હજાર રૂપીઆ આપું, તો તમે શું કરશો ?"

"તારે મારી સાથે નાશિક અથવા ડાકોર આવવું પડશે."

"હં. પછી ?"

"પછી ત્યાં મારી એક ઓળખીતી બાઇ છે, તે તને એકજ પડીકી આપશે. પડીકી ખાધી કે ખલાસ..." ગોરે ચપટી વગાડી કહ્યું.

"શું ખલાસ ?"

"તારૂં પાપ—"

"પછી ભલા ધનેતરના બાપની મજાલ છે કે તારા તરફ આંગળી ચીંધે ? વર્ષે બે વર્ષે ફરીથી પડકી લેવાની જરૂર પડશે તો તે ગોઠવણ પણ પરમાર્થને ખાતર કરી આપીશ. તું રૂપીયા લાવી છે?"

"કાલે લાવીશ. મહારાજ ! આ સિવાય કોઇ બીજો રસ્તો નથી?"

"મુરખી ! એથી ઉત્તમ રસ્તો બીજો શો હોય શકે ? ડાકોર જેવા પવિત્ર સ્થલે તારા પાપનો પ્રલય થઇ જાય એથી રૂડું શું ? પછી ગોમતીના પવિત્ર જલમાં સ્નાન કરી પુનઃ તારા ઘરમાં પ્રવેશ કરજે અને સુખી થજે. સનાતન ધર્મ એટલો બધો ઉદાર, દયાળુ અને વ્યાપક છે કે તે બધા પાપો ભુદેવોને તૃપ્ત કરવાથી માફ કરે છે."

"વારૂ—હું કાલે રૂપીઆ લઇ આવીશ."

"ભલે. પણ આજે તારા પાપ નષ્ટ કરવા માટે મારે રાતે ભૂખે પેટે ચંડીપાઠ કરવો પડશે, માટે અત્યારે મીઠા લાડુ ખાવાની પરમ આવશ્યકતા છે. જો તારે ઉગરી જવું હોય તો બાના તરીકે લાડુના ભોજન માટે પાંચ રૂપીઆ આપતી જા."

કોણ જાણે કેમ મેં તેને પાંચ રૂપીઆ આપી દીધા. મારી મતિ ફરતી હતી. સમાજથી બહિષ્કૃત થઇ એકલી પડવાનો વીચાર મને હવે ભય પમાડતો હતો. હીંદુ સમાજમાં ચાલે છે તેમજ ચાલવા દેવું અને છુંપી રીતે પાપ કરી દંભરૂપી પરમાત્માની પુજા કરવાથીજ દુનીયામાં "આબરૂદાર" ગણાવાય છે એવી મારી ખાત્રી થઇ. મણી-શંકર ગોર જેવા તો હજારો બ્રહ્મરાક્ષસો આ દેશમાં પડેલા છે. આ બ્રહ્મરાક્ષસ સમક્ષ મેં મારૂં પાપ પ્રગટ કર્યું એટલે હવે તેનેજ મોટો ભાઇ બનાવવાનો મેં વીચાર કર્યો. બીજે દીને રૂપીઆ લઇ આવવાનું વચન આપી હું ગોરને ત્યાંથી મારે ઘેર આવી.

પ્રકરણ ૬ ઠું.

મણીબાઇ ડાકોર ચાલીઆરે લોલ !

"હું ઘેર ગઇ ત્યારે મારે માટેનવીજ આફત ઉભી હતી. મારી વૃદ્ધ માને દમનો જુનો રોગ હતો તે અચાનક ઉભરી આવ્યો હતો. હું ડાક્ટરને ત્યાં દોડી પણ હું નીરાધાર થવાની હતી. મારી માની જીંદગીની દોરી કપાઇ ગઇ હતી. ત્રીજે દીન તે પરલોકવાસી થઇ, અને હું દુનીયામાં એકલી પડી. માના મરણથી મને રડવું આવ્યું, પણ છાતીફાટ રૂદન કરવાથી પણ મરેલા જીવતા થતા નથી એમ ધારી હું શાંત થઇ. એ અરસામાં રસિક પરણી ગયો. તેનું ઘર મારી પડોશમાંજ હતું. જે રસિક એકવાર મને જોતાં પાગલ થઇ જતો. જે મારો પડ્યો બોલ ઉંચકી લેતો, જે મારા બુટ સાફ કરવાને પણ તૈયાર હતો, તે હવે નવવધુ સાથે પ્રેમની રમતો રમતો હતો, અને મને જાણી જોઇને બાળવા માંગતો હોયની, તેમ તે પોતાની મુગ્ધ નવોઢા સાથે અગાશીમાં બેસી ગાયન ગાતો. તેના વર્તનથી મને ઝાળ ઉઠી. આ બદમાસને ઠેકાણે લાવવો જોઇએ, તેના પર વેર લેવું જોઇએ એવો મને વીચાર આવ્યો.

"મણીશંકર ગોરના વિચીત્ર ગડબડ શાસ્ત્રે મને તદન ફેરવી ફેરવી નાખી. મારી પાસે મારા પતિ અને પીતાની મીલકત મળી દશ-પંદર હજારનો જીવ હતો. મારા બાળકને જીવવા દઉં, તો મારે નસીબે બદનામીજ રહે. તેને બદલ મેં છુપી રીતે મોજ કરી બીજી વિધવાઓની પેઠે જીવવાનો વીચાર કર્યો. ગોરની મને પુરી સહાય

હતી. તેનેજ મ્હોડે તેણે મને ખાત્રી આપી હતી, મારા જેવી અનેક વિધવાઓને તે ચાર–ચાર પાંચ–પાંચવાર ડાકોર લઇ જઇ શુદ્ધ કરી લાવ્યો હતો, અને આવી શુદ્ધિની ક્રિયાનો તે મહાન આચાર્ય હતો.

"માતાનું મરણ થયા પછી એક મહીને મેં જાત્રા જવાની બુમ ઉડાવી. હવે મારા સલાહકાર મણીશંકર ગોરજ હતા તે કહેવાની જરૂર નથી. મેં તેને અગાઉથી પાંચસો રૂપીઆ આપી દીધા હતા અને તેથી તેના મારા પર ચાર હાથ હતા. તેની ગોરાણી પણ મને માલદાર યજમાન સમજીને ઓછી ઓછી થઇ જતી.

હું જાત્રા જવાની છું એ વાત સાંભળતાંજ મારે ત્યાં સધવાઓ અને વીધવાઓના ટોળાં મળવા લાગ્યા. કોઇએ શ્રીનાથજીને ચઢાવવા સવા રૂપીઆની મસરી આપી, કોઇએ ભેટના પૈસા આપ્યા, કોઇને મથુરાના ચોબાને ચકાચક ખવાડીને સ્વર્ગમાં લાડવા મેળવવાની હોંસ હતી. કોઇને વંદ્રાવનની રમણ રેતી જોઇતી હતી. આમ મને હજારો કામો સોંપાયા અને મેં બધાથી છાતીએ હાથ દીધો.

"અંતે મારી છાવણી ઉપડવાનો દિવસ નક્કી થયો. કોઇ નિંદાખોરને ખબર ન પડે તે માટે મણીશંકર ગોર અગાઉથી વડોદરા ચાલ્યો ગયો હતો અને સાથી અમે બન્નેએ ડાકોરમાં કોઇ ગોરનું ઘર પાવન કરવાની ગોઠવણ કરી હતી.

"સંકેત મુજબ હું સુરતથી રાતની ફાસ્ટમાં ઉપડી. કેટલીક વૈષ્ણવડીઓ મને જાત્રા કરવા જતી ધારીને સ્ટેશનપર વળાવવા આવી હતી. "ધનભાગ્ય છે બ્હેન! શ્રીનાથજીની ઝાંખી કરતાં અમને પણ યાદ કરજો. મારો વ્હાલો તેડશે તે દહાડે અમે પણ દર્શન કરી પાવન થશું." એવી એવી વાતો થતી હતી. અંતે ગાડી ઉપડી અને હું જાત્રાએ ચાલી.

"વડોદરાના સ્ટેશન પર ગૌર મહારાજ મારો ડબ્બો શોધતા આવી લાગ્યા, અને હસીને મારી પાસે બેઠા. મારા ડબ્બામાં ચારપાંચ માણસ હતા. એક મારવાડણ આખી બેંચપર ધમ્મર ઘાઘરો પાથરીને ઘોરતી હતી, અને તેની પાસે તેના બે કુરકુરીઆં સુતાં હતાં. આ "લાડીઝી"નો નવરો સામાન રાખવાની જગ્યાએ નસકોરાં બોલાવતો હતો. એક મુસલમાન ફાંકડેરાવ સીગરેટનો ધુંવા કાઢતો ટીકી ટીકીને જોતો હતો, પણ મણીશંકર આવતાં તેની આંખો પણ ઘેરાવા લાગી અને આ "કાફર"ની બૈરી કામની નથી એમ ધારી તેણે પણ લાંબી તાણી.

રાતનો વખત હતો. ટ્રેન સુસવાતા મારતી ચાલી જતી હતી. હું બારી પાસે બેઠી હતી. મણીશંકર પાઘડી ઉતારી મારી પાસે બેઠો હતો. પવનના સપાટામાં તેની ચોટલી ફરફર ઉડતી હતી.

"દશેક મીનીટ તો તે કંઇ બોલ્યો નહી, પણ અનાયાસે જાણે તેનું શરીર મારી પાસે ખેંચાઇ આવતું હોય એમ લાગ્યું.

"હં મણીબ્હેન! હેં હેં! જાણે ત્યારે તમને રસિકલાલે પરણાવેલી—અરંને?...." તે લથડતી જબાન બોલ્યો.

"હા." મેં ટુંકામાંજ પતાવ્યું.

"તે રસિકલાલ ઘણો રૂપાળો હશે!—"

"તેનું તમારે શું કામ છે?" ગોરની આંખ મારા પર ખસકી હતી તે હું સમજી ગઇ, તેથી મેં જરા ગુસ્સો કર્યો.

"મારે રી કામ હોય? હેં હેં! મણીબ્હેન! પણ તમારાં જેવાં રૂપાળાં બાઇને હગો દેતાં તેનું દીલ કેમ ચાલ્યું હશે?"

"તમે તેના જગ્યાએ હો તો શું કરો? તમે પુનર્લગ્ન કરો ખરા?"

"હેં હેં પુનર્લગ્ન કંઇ આપણાથી થાય? હેં હેં! મણીબ્હેન! એવી તે શી વાતો કરો છો..."

"એ વાત જવાદો, મને ઉંઘ આવે છે."

"ભલે-ભલે-તમે ઉંઘી જાઓ. હું બેઠો છું. કંઇ ફીકર ન કરશો હોકે!–" કાઠીઆવાડી પ્રપંચનું મ્હોડું ઘણો મોટો હતો. વળી મને તેની ગરજ હતી એટલે તેણે એક બેવાર જરા અડપલું કરવા છતાં મુંગો તિરસ્કાર બતાવી મારે બેસી રહેવું પડયું. ખરેખર, એક પાપ કર્યા પછી તે છુપુ રાખવા માટે અનેક પાપ કરવા પડે છે, અને હવે મને એવા હજારો પાપ થઇ જાય તેનો ભો પણ ન્હોતો.

"આણંદના સ્ટેશન પર ઉતરતાં મણીશંકરનો ઓળખીતો ડાકોરનો ગોર કાળીદાસ મળ્યો. તે પચાસેકની ભરતીમાં આવી ગયો હતો. લાડવા ખાઇને તેની ફાંદ ફુલી ગઇ હતી. મણીશંકરની પેઠેજ તેના કલઇ કરેલા માથા પર હિંદુત્વની ધજા જેવી ચોટલી ફરકતી હતી, તેની નાની ચુંચી આંખો લુચ્ચાઇ અને દગાબાજી સુચવતી હતી, અને ચહેરા પર સ્વાર્થની છટા સ્પષ્ટ માલુમ પડતી હતી.

"આવો બ્હેન! જયશ્રી કૃષ્ણ! તમે કોઇ રીતે મુઝાશો નહિ હો! મણીશંકરભાઇ અમને સારી પેઠે આળખે છે. ડાકોરમાં વીસ પેઢીથી અમારૂં ગોરપદું ચાલે છે..." કાળીદાસે વિવેક બતાવી મને માઠું લગાડવાની શરૂઆત કરી,

"તમારે ત્યાં ઘણા જાત્રાળુઓ હશે."

"નહિ બા! નાક. તમે જરા ચિંતા ન કરો. ભગવાનની કીરપાંથી આપણા બે-ત્રણ ઘર છે, તેમાંથી એક આખું ઘર તમારી સેવામાં સોંપશું. મારે ઘેરથી તમારી પુરતી સંભાળ રાખશે." તેની વાતચીત

પરથી હું કેવી જાત્રા કરવા આવી છું, તેની તેને મણીશંકરે અગાઉથી માહીતી આપી દીધી હોય એમ હું સમજી ગઇ. ડાકોરની ટ્રેનને વાર હતી, તેટલામાં કાલીદાસે તેની ઘરવાળી મંછા કેવી ડાહી, ઘરખુ, ઉદાર, માયાળુ અને મળતાવડી છે, તેનું અચ્છુ ચીત્ર દોરી બતાવ્યું. હું આ વેદીઆ ઢોરોના બન્નારાથી કંટાળી પણ તેઓની વાતમાં તાપસી પુર્યા વીના મારો છુટકોજ ન્હોતો.

"આખરે અમારી સવારી ડાકોરમાં કુંભારવાડામાં આવેલા કાળીદાસ ગોરને ઘેર પહોંચી. એટલે તેની કાણી ગોરાણી મારૂં સ્વાગત કરવા ઉભી હતી. સામે કુંભારવાડાના ગધેડા ઉભા હતા. આંગણામા કોઇનો તોફાની છોરો ભેંકડો મુકી રોતો હતો.

"આવો બ્હેન!" કહી મંછા ગોરાણી મને ઘરમાં લઇ ગઇ, અને સાદડી પાથરી તે પર બેસાડી. વરતજ ચાહ આવી.

"તમે ચાહ પી નાંખી લો, પછી હું તમને રણછોડજી, ગોમતીજી, રાધીકાજી, લખમાજી, બોડાણાની પાદુકા, ગંગાજીની વાળી, ભગવાન ચાવા વાલે તોળાયા તે જગ્યા વીગેરે બધું બતાવીશ હો!..."

"વારૂ" કહી મેં પતાવ્યું, અને તે રસોઇ કરવામાં ગુંથાઇ.

સ્નાન કરી હું દર્શને જઇ આવીને પછી જમી પરવારી. જમ્યા પછી મણીશંકર અને કાળીદાસ મને મેડે લઇ ગયા. ત્યાં એક વૃદ્ધ ડોશી બેઠી હતી. તેનું નામ લખડી! તે જાતની કોણ હતી, તેની હજુ પણ મને ખબર નથી પણ એ બાઇ દવાદારૂ કરવામાં કુશળ છે, એવી ગોરે મને ખાત્રી આપી હતી.

"જુઓને લખડી ડોશી!–" કાળીદાસે વાતની શરૂઆત કરીઃ આ બ્હેનના પેટમા દર્દ થાય છે."

ડોશીએ મારા તરફ તીક્ષ્ણ નજરે જોયું. પછી મર્મમાં હસી: "તેમાં શું? એકજ પડીકીનું કામ—"

"હા–હા–તમારી દવા ભલભલા રોગ સારા કરે છે, તો પછી પછી પેટનું દર્દ શા હીસાબમાં? તમારી મહેનત અમે નહી ભુલીએ હો ડોશી! મણીબા! અમે–ગરીબ માણસ છીએ. હમણાંથીજ દશ દશ રૂપીઆ આપો."

મેં ડોશીના હાથમાં દશ રૂપીઆ મુકયા, તેણે ગજવામાંથી એક નાની પડીકી કાઢી.

"જોજો! મારૂં નામ નહી આવે–" તે જરા ભય પામી.

"અરે! રામ રામ કરો! આ ઘરમાંથી વાત બહાર જાયજ નહી. મણીબ્હેનની ચાકરી મારી ઘરવાળી જાતે કરશે. સમજી?"

"તો સારૂં–" ડોશીને સંતોષ થયો: "રાતે પાણીમાંજ આપી દેજો. સ્હવાર થતામાં તો ભગવાનની મહેરથી સૌ રૂડાં વાના થશે–"

અરે! દુનીઆ! પાપ કરનારા નરાધમો પાપ કરતી વખતે પણ ભલા ભગવાનની મદદ માંગે છે! મને અબળા પર–મારી જાત પર પણ તીરસ્કાર આવ્યો, પણ હવે હું પાપને પંથે એટલી બધી દૂર ચાલી ગઇ હતી કે, હવે પાછો ફરવાનો રસ્તો પણ મને મળે એમ ન્હોતું.

"તે રાતેજ મેં દવા ખાધી. મંછા ગોરાણી મારી પાસેજ હતી. મધરાત થતાંજ મને દારૂણ વેદના થવા લાગી. હું બેભાન થઇ ગઇ. પછી શું થયું તેની મને ખબર નથી. પણ હું ભાનમાં આવી, ત્યારે ગોરાણીએ હસીને કહ્યું: "બ્હેન! ભગવાનના મહેરથી બલા પતી ગઇ."

આ રીતે મેં ડાકોરની જાત્રા કરી.

પ્રકરણ ૭ મું.

ગોરની ડાગળી ચસકી!

હિન્દુ સમાજ દંભ અને છુપા પાપનેજ પુજે છે. યુવાન વિધવાઓને પુનર્લગ્નની છુટ આપવાં હીંદુ સમાજના શાસ્ત્રીઓ છાતી માથાં કુટવા માંડે છે પણ વિધવાઓની જમાત વધારી તેમાં ઘોર અનાચાર થાય છે તે ખુશીથી વધાવી લે છે! દવા આપનારી લખ-ડીને મેં પચાસ રૂપીઆ આપ્યા-કાંણી ગોરાણી મંછાને ચાર રત્ન, ચાર ચોળાનું કાપડ, અને બે બંગડીઓ આપી મનાવી; તેના ધરવાળાને પાંચ પોષાક (ડગલો, ટોપી, ખમીસ, ધોતર ને દુપટો) સાથે ૧૫૧ રૂપીઆની દક્ષિણા ધરી અને મણીશંકર ગોર તો ઘેર-થીજ તૃપ્ત થઇ આવ્યો હતો અને સુરત ગયા પછી તે મારો કારભારીજ થવાનો હતો એટલે આખા ડાકોરમાં મારી ધર્મધુરંધરતા વખણાઇ ગઇ. હું સાજી થઇ ફરતી હરતી થઇ તે પછી પણ મંછા હરવખતે મારી સાથેજ રહેતી-મારો પડતો બોલ ઉંચકી લેતી. તે ગાર્ગીની વંશજ હોવા છતાં ગુલામ દૂબળાની પેઠે મને નવાડતી-માઇ શરીર ચોળતી-મારો ચોટલો વાળતી અને હું જ્યાં જાઉં ત્યાં દાસીની પેઠે સાથે આવી જાણે હું રાજરાણી હોઉની તેમ "બા-બા" કહી મારી ખુશામદ કરતી. ડાકોરની કાંઇ ગોરાણી રસ્તામાં મળી જતાં તે વખત ઉભી રહેતી અને મારા ગુણગાન ગાવા માંડતીઃ "આમણાં તો અમારે ત્યાં સાક્ષાત લક્ષ્મીજી પધાર્યાં છે! મણી બહેનને ધરમધર્મ કંઇ આરામ કંઇ આસ્થા! બસ વાતજ ન પુછો!

રણછોડજીને ચાર તો રાજભોગ ધરાવ્યા—સવા મણ માખણ મેસરી પધરાવ્યાં—સાધુઓ જમાડયા—બ્રહ્મભોજન તો રોજ થયાજ કરે છે. મણીબ્હેન જેવાં ધર્મીષ્ઠ બાઇઓને લીધેજ હજુ શેષનાગ પૃથ્વીનો ભાર ઝીલે છે; નહીં તો કલજુગનાં પાપીઓનો ક્યારનો નાશ થઇ ગયા હોત !......"

—છો ગોરાણી આ રીતે મારી પ્રશંસાનું મહાભારત ગાતી [illegible] પૈસાના પ્રતાપે કેવાં અઘોર પાપ મટી પુન્ય થઇ જાય છે તેનું મને ભાન થતું હતું. હું પણ ઢોંગીઓના જમાતમાં રહીને ઢોંગ શીખી ગઇ હતી. મંદિરમાં જઇ લેવડીઆની પેઠે "મહા પ્રભુજી"ના લીલાની વાતો કરતાં મને આવડતી હતી, એટલે આખા ડાકોરમાં મારી કીર્તિનો ડંકો વાગતાં વાર લાગી નહીં.

પાંચ-પચીસ દિવસ રહ્યા પછી મારી તબીઅત તદન સુધરી ગઇ. શ્રેષ્ઠ ખાનપાન, દવાદારૂ અને ડાકોરના આબોહવાથી મારા ગાલપર ફરીથી લાલી આવી. શરીરમાં શક્તિ વધવા લાગી અને ધરાથી [illegible] માણસો આખો તાજગીથી અંજાવા લાગી. ડાકોરમાં મેં વૈધવ્યનું એક પણ ચિન્હ રાખ્યું ન્હોતું. બલી છેલ છબીલી શરમાય તે [illegible] હું મારા વાળના ગુચ્છા પાડતી—પાતળી સરખી મલમલના [illegible] ફરતી. પાનના ખડીઆથી હંમેશાં ઓઠ લાલ રાખતી, નાકમાં હીરાજડિત નથ ઝગમગતી. હાથની કાંડી પર બબ્બે મોતીના બંગડીઓ શોભાવતી, અને ગળામાં ચંદનહાર દીપાવતી. મારો આ લોક અને પરલોકનો સ્વામી [illegible] મરી ગયો હતો છતાં હું સોભાગ્યવતીના [illegible] ચાંદલા કરતી. હવે મણીશંકર ગોર મને ધિક્કારતો ન્હોતો. હું [illegible] છું એ [illegible] પ્રેમના [illegible] મેં તોડી નાખ્યો છે. એ

વાતજ તે ભુલી ગયો હતો. તેને મન હું સોભાગ્યની પુતળી હતી– તેની આંખો મનેજ શોધ્યા કરતી હતી.

"મણીબહેન! હેં હેં હેં! હવે તમે વરી પાર ઉતરી ગયા– શું સમજ્યા?..." ગોરની મેડી પર આવી એક દીવસ અમે બે એકલાંજ હતાં ત્યારે મણીશંકરે કહ્યું.

"તમારી લીલા અકળ છે." હું હસીને બોલી.

"મણી બહેન! સાચી વાત કહું? આપણા હિંદુ લોકોમાં તો આમજ ચાલે છે! સીધી આંગળીએ ઘી નીકળતુંજ નથી. જો તમે કેટલીક અજાડી સુધારક સ્ત્રીઓની પેઠે નાતરૂં કરી જાત તો સમાજ તમને હડખાયા કુતરાની પેઠે ધિક્કારી કાઢત. પણ હવે બધા તમારે પગ પડતાં આવશે." ગોર બોલ્યો.

"ખરી વાત છે. તમે મારી સેવા બજાવી તે માટે હું આભારી છું."

"એ સેવાનો બદલો આપજો ને એટલે થયું..." તે મર્મમાં હસ્યો.

"તમને મેં હજાર રૂપીઆ આપવાનું કબુલ્યું હતું તેને બદલે ૧૧૦૦ રૂપીઆ આપીશ." મેં ઉદારતા બતાવી,

"હું પૈસાનો ભુખ્યો નથી મણીબ્હેન! તમે અજાણ્યા હતા ત્યારની વાત જુદી હતી. હવે તમને હું પારકા ગણતોજ નથી. તમારી સેવા બજાવવા હું હંમેશાં તૈયાર રહીશ."

"તમારી મહેરબાની!"

"એમાં મહેરબાની જેવું કંઇજ નથી. મણી બહેન! આજે તો તમે ઘણાંજ રૂપાળાં લાગો છો હો! હેં હેં હેં!......" કહી તે જરા નજીક ખસ્યો.

"તમને બ્રહ્માજીએ શું રૂપ આપ્યું છે! દમયંતી પણ તમારા જેવી રૂપાળી નહી હોય!..." વિકારી આંખે તે મને ટીકી રહ્યો હતો.

"ગંગા ગોરાણી શું કમતી છે?"

"જાઓ જાઓ! ક્યાં નાજુક કેળ ને ક્યાં ખરસાણી? તમારી સાથે એની સરખામણી થાય ખરી? અહા! તમને જોતાં ભલભલા રૂપીઓ પણ ભાન ભુલી જાય છે. મણી બહેન! તમારી શૃંગાર કલા પણ અજબ છે. સંસ્કૃતમાં જયદેવ નામનો કવિ થઇ ગયો છે તેણે આતું જે વર્ણન કર્યું છે તે તમને લાગુ પડે છે. મેઘદુતની યક્ષીણી પણ તમારા જેવી નહી હોય...

શ્યામા રૂપે નાક ઉંચી નીચી પુષ્ટ ગાત્રવાળી..." ગોર બોલ્યો. તેની કાવ્યશક્તિ ફાટી નીકળી.

"ગોર મહારાજ! તમે મારા પુજ્ય ગોર એટલે બાપ જેવા ગણાઓ. તમારા મ્હોમાં આવી વાત શોભે?"

"બાપ ને ભાઇની વાત જવા દોને મણી બહેન! તમારા અમથા જેવો તો હું નથી. મારા બત્રીસે બત્રીસ દાંત સાબીત છે..." મણીશંકર નષ્ટ થયો.

"તે તમારા દાંતને હું શું કરૂં?" મેં વ્યંગ કર્યો અને તે ગધેડાની પેઠે ખડખડ હસી પડયો.

"તમે બહુજ રસિક અને મીઠાં છો—મણી બહેન!...."

હું કંટાળી.

જાઓ હવે, મારે દર્શન કરવા જવું છે."

"જો મણી! તું મને નિરાશ ન કર. ગોરાણી બહાર ગઇ છે. ગોરને મેં બે કલાક સુધી પાછા આવવાની ના પાડી છે હું અને તું એકલાંજ છીએ, હવે તો રસ લુંટ ને લુંટાવ..."

"તમે ગાંડા થયા છો ! તમે મને કેવી ધારો છો ?" હું ગુસ્સો કરવા ગઇ, પણ મારા પાપી હૃદયથી બરાબર ગુસ્સો પણ થઇ ન શક્યો.

"હું તને રૂપ રૂપની અંબાર રતિ જેવી ધારૂં છું. તારી મદીલી આંખોના બાણથી હું ઘાયલ થયો છું. તારા વાળના ગુચ્છાથી બંધાઇ વગર બેડીએ બંધાવા હું તૈયાર છું." ગોર છેક પાસે આવ્યો, અને તેણે મારો હાથ પોતાના હાથમાં લીધો.

"શું નાજુક કમળદાંડી જેવી કાંડી છે ! ખરેખર મણી ! તું કોઇ અજબ જાદુભરી કામણગારી છે. તારા વિનાનું જીવતર નકામું છે..." તે દીવાનો થયો. વીકારને લીધે તેનું શરીર ધ્રુજતું હતું—નાડી જોરથી ચાલતી હતી—છાતી ધડકતી હતી—શરીર ગરમ થઇ ગયું હતું. મને તેના પર અભાવ હતો. હું ગમે તેને આત્મ સમર્પણ કરવાને તૈયાર ન્હોતી, પણ આ પળે મારી બુદ્ધિ બહેર મારી ગઇ. ગોરનો તિરસ્કાર કરવાની મારી હિમ્મતજ ન ચાલી. તેણે મારો હાથ પકડીને મને પોતાની પાસે ખેંચી, અને હું જડ પુતળાની પેઠે તેની નજીક ખેંચાઇ. વિકારી ગોરે મને ગાઢ આલિંગન દઇ મારા હોઠપર ગાલપર—માથાપર—હાથપર—ખભાપર ચુંબનો લેવા માંડયા. મારી અકળામણનો પાર રહયો નહિ. આ ગંદો, સ્વાર્થી ગોર મને ઝેર જેવો લાગતો હતો. તેના ચુંબનો મને વીંછીના ડંખની પેઠે ડંખ દેતા હતા.

"હવે ડાહ્યા થાઓ. ગોરાણી આવી જશે." મેં તેને અળગો કરવા રોષ સાથે કહ્યું.

"કોઇ આવવાનું નથી ને આવશે તોપણ શું ? તને રસીલી પુતળી તરીકે ગોરાણી પણ ઓળખે છે કેમકે તેણેજ તારી સારવાર કરી હતી..." ગોરે હસીને જવાબ આપ્યો.

"હાય! અંતે મારી આવી દશા થઇ. એક પાપ છુપું જતાં હું આવા સ્વાર્થીઓને રમવાના રમકડા જેવી થઇ ગઇ. મારી ઇચ્છા ન હોય છતાં મારે આ ગંદા ગોરનો સત્કાર કરવો જોઇએ એ ખ્યાલજ મને કમકમાવી રહયો. હવે મેં ત્રીયાચરીત્ર વાપરી ગોરને ગધેડો બનાવવાનો વિચાર કર્યો.

"ઓ મારી મારે!..." પેટપર હાથ દાબી મેં એકદમ ચીસ પાડી.

"કેમ! કેમ! વ્હાલી શું છે?..." ગોર બાવરો બની ગયો.

"ઓ મા! મારા પેટમાં ચુંક આવે છે. હવે ક્યાં જાઉં? ઓ મારે!...." મારી ચીસ વધવા લાગી.

તું ગભરા ના. હમણાં લખડી ડોશીને બોલાવી લાવું..." કહી તે દાદર ઉતરી ગયો. તે ગયો કે તરત હું બેઠી થઇ ને બે ત્રણ મીનીટ એ ગધાની મુર્ખાઇ પર ખડખડ હસી. તે પછી તે કદાચ આવી પડશે અને ફરીથી મારાપર આક્રમણ કરશે એમ ધારી હું મેડેથી ઉતરી ઓટલાપર જઇ બેઠી. એટલામાં ગોરાણી આવી પહોંચી. મણીશંકર થોડીવારમાં લખડીને લઇ આવ્યો તેને મેં કષ્ટમપષ્ટમ સમજાવી પાછી વાળી. તેજ રાતે મેં ઘેર જવાની વાત ઉપાડી. ડાકોરના ગોરગોરાણીએ ઘણો આગ્રહ કર્યો પણ મારો નિશ્ચય ન ફર્યો. મણીશંકરે બે ત્રણ દીવસ પછી આવવું એવો નિર્ણય થયો અને બીજે દીને હું ડાકોરથી શુદ્ધ થઇને સુરત આવી પહોંચી.

પ્રકરણ ૮ મું.

આશક નંબર ૨!

"હું સુરત પાછી ફરી, ને ફરી રંગરાગ કરવા લાગી. હું દંભની પુજારી થઇ ગઇ હતી. કાયા માટીનો કુંભ છે–જોત જોતામાં ફુટી જશે એમ સમજીને ભગવાનનું ભજન કરી પરલોકની સિદ્ધી મેળવવાને બદલે મેં નવીજ ફીલસુફી મંજુર રાખી હતી, વીસમી સદીના લોકો ખાવા પીવા ને ખેલવામાંજ જીવનની સફળતા માને છે, અને સાચા ધર્મની માહિતિ વીના હું પણ એજ સત્ય માની બેઠી હતી. મણીશંકર ગોર હવે મારા ઘરમાં બબે ત્રણ ત્રણ દહાડે મહેમાન થઇ આવતો. તેને ડાકોરમાં મેં ગધેડો બનાવ્યો હતો, પણ હવે તે ખાઇપીને મારી પાછળ લાગ્યો હતો. જાતે બ્રાહ્મણ હતો–બ્રહ્મા પર રાજ ચલાવવાનો ફાંકો રાખતો હતો છતાં તે હવસનો કીડો હતો. બહારથી ધર્મીષ્ઠ હોવાનો દંભ કરી અંદરથી કાળાં કામો કરનાર શયતાન હતો. સુરતમાં આવતાંની સાથેજ તેણે સૌથી પહેલાં મારી પાસેથી છસો રૂપીઆ ઓકાવી પોતાની ગોરાણીને ખુશખુશ કરી નાખી. તે પછીજ તેણે મારા પ્રેમની ભીક્ષા માગવા મારે ઘેર ભીક્ષાંદેહીની બાંગ મારવા માંડી.

બપોરનો સમય હતો. જમી પરવારી હું વચલા ખંડમાં પાન ખાઇ હીંચકાપર પડી હતી. તેવામાં જાળી ઉઘાડી મણીશંકર આવ્યો. અને આવતાની સાથેજ મારી પાસે હીંચકાપર બેસી જઇ તેણે મારા માથા પરથી સાડુનો છેડો ખસેડી નાખ્યો.

"ખબરદાર!–" હું ચીડૈઈ: "હું અત્યાર સુધી તમારાં અડપલાં વેઠી લેતી હતી પણ હવે જો કંઇ અવિચારી ચાળા કર્યા કેની તો ધોકાથી માથું ભાગી નાખીશ–" સપાટી ભેડી થઇ મેં ગુસ્સાથી ગર્જના કરી.

"ઓહો! બાઇ સાહેબ! શું તમારો નખરો! મણી! તુ ગુસ્સે થાય છે ત્યારે એવી ખુબસુરત લાગે છે કે બસ વાતજ ન પુછ..." હવસી ગોર આંધળો થયો હતો.

"ચુપ રહો."

"ચુપ શા માટે રહું? મેં તારી જે સેવા બજાવી છે તેનો બદલો મેળવવાનો મને હક છે."

"બદલો? સેવાનો બદલો? અરે! બ્રાહ્મણ કુળને કલંક લગાડનાર બદમાસ! નીચ બદલો માંગતા તારી જીભે કાંટા વાગતા નથી?"

"બેસ બેસ સતી સીતાની દીકરી!...." તે તદ્દન નીર્લજ્જ અને નફ્ફટ બન્યો: "તું પવિત્રતાની પુતળી છે તે હું સારી પેઠે જાણું છું, જો આટલો બધો નખરો હતો તો પછી પેલો રસિક કોણ તારો ભાઇ લાગતો હતો?"

"મણીશંકર! તારા જેવા નીચ પાપીની મદદ લેવામાંજ મેં ભુલ કરી. મેં લગભગ દોઢ હજારનો તારે કપાળે ડહામ દીધો છતાં તું મને સતાવવા માંગે છે?"

"અરે! હજુ તો તને મારા પરાક્રમો હવે પછી ખબર પડશે. સીધા સીધી મારી આશા તૃપ્ત કર..."

"નહિ તો?"

"નહિ તો હું તારી બધી પોલ ખુલ્લી પાડી તને ભ્રૂણ હત્યા કરવા માટે વગર ભાડાની કોટડીમાં મોકલી દઇશ."

"જો એમ થશે તો હું પણ તને સાથેજ લેતી જઇશ."

"મારી વિરૂદ્ધ તું કહેશે ? લખડી ડાકોરના ગોરની ગુલામ છે તે અમે કહીશું તેમ ચાલશે અને કોર્ટ તનેજ ગુનેહગાર ગણશે. પસંદ કરી લે-તારે નિરાંતે ચમન કરવી છે કે અંધારી કોટડીમાં માંકડ મારવા જવું છે ?"

જેલના ભયથી મારૂં શરીર થરથર ધ્રુજવા લાગ્યું. આ બદમાસ

બ્રાહ્મણની સહાય લેવા કરતાં પેલા ભલા ખ્રીસ્તીને આશરે હું ગઇ હોત તો મારી આવી દશા ન થાત. હવે આ બદમાસને ઠંડો મીઠો રાખ્યા વીના મારી આબરૂ સલામત નથી એવું મને ભાન થયું.

"મણીશંકર! તમને પ્રેમ કરતાં કોણે શીખવ્યું હતું ?" હું નયન નચાવી બોલી. હવસી ગોરની દુશ્મની હવામાં ઉડી ગઇ. તે જરા વિચારમાં પડી બોલ્યો: "કેમ ? આવો સવાલ પુછે છે ?"

"તમારી પેઠે દુશ્મન બનીને આવનાર પર કોઇ સ્ત્રી રાજી થાય એવું તમને કયા ઉલ્લુએ શીખવ્યું ?"

"વ્હાલી! તું મને નિરાશ કરે છે ત્યારેજ મારાથી કંઇનું કંઇ બોલાઇ જાય છે. હું તારો ગુલામ થવાને તૈયાર છું. મને માફ કર. હું તને પગે લાગું છું..." કહી તે ખરેખર મને પગે લાગી મારી ક્ષમા માગવા લાગ્યો. હું મુગા ધિક્કારથી જોઇ રહી.

"પ્રેમી પ્રેમ કરવા આવે છે ત્યારે આવો મેલો ઘેલો થઇને આવતો* નથી."

"શું મારો પોષાક તને ગમતો નથી?"

"નહિ. વળી તમારા માથાની કલપ તો જુઓ!" હું ખડખડ હસી પડી.

"તો આજેજ હું લહેરીલાલના જેવી આખરી રાખવાના સોગન લઉં છું."

"તમારી પેલી ફરફરતી ચોટલી?"

"અરે! તે પણ કપાવી નાખીશ."

"શાબાશ! તમને આ અંગરખાની ડગલી પણ શોભતી નથી. વળી આ પાંચશેરીઆ પાઘડું?"

"બોલ વ્હાલી બોલ! હું શું પહેરૂ? નીઝામ કોલરનો ડગલો, "પોલીશવાળું ખમીશ, બેંગલોર કેપ, હાથમાં વોકીંગ સ્ટીક બંગાલી ધોતર..."

"હા...પછી તમે કનૈયા કહાન જેવા લાગશો."

"તો હવે એવોજ પોષાક પહેરીશ. પણ આજે એક ચુંબન..." તે ભીખારી કરતાં વધારે કરૂણ સ્વરે કરગર્યો. હું કંઇ ન બોલી. મારા મૌનને સંમતી સમજી તે પાગલની પેઠે મને ચુમી લેવા જરા વાંકો વળ્યો એજ પળે બારી ઉઘાડી રસિકલાલ-મારો પહેલો આશક ઘરમાં આવ્યો.

પ્રકરણ ૧૬ મું.

રસિકની નવી બાજી.

રસિક આવ્યો. મારી, ગોરની અને તેની છ આંખો મળી. ગોર હાંફલો ફાંફલો થઇ ગયો. તેના ચહેરા પરથી લોહી ઉડી ગયું, અને અદાલત સામે ચોર ઉભો હોય, તેમ તે નીચી મુંડી રાખી ઉભો રહ્યો. મારા સાથે હવસી ગોર વિલાસી ચેષ્ટા કરતો હતો, એવી હાલતમાં રાસકે મને જોવાથી મારી છાતી પણ ધડકી ઉઠી. રસિક શા માટે આવ્યો હશે તેની મને ખબર ન્હોતી. ત્રણે જણ બે ત્રણ મીનીટ સુધી એક બીજાનાં મોઢાં જોતાં ગુપચુપ ઉભા રહ્યા. અંતે રાસક ખીલખીલાટ હસી પડયો, અને ભયંકર કટાક્ષ કરતો બોલ્યોઃ "મણીગોરા! સનાતનીઓને તમે દંભ અને પાપના પુજારી કહેતા હતા, પણ તમે તો અમારાથી પણ આગળ વધ્યાં હો!.... અને એ બામટા!" છેલ્લા શબ્દો ગુસ્સાથી ઉચ્ચારી, તેણે મણીશંકરની ચોટલી પકડી. "તારા બાપનું અહીં શું દાટયું છે?"

"ર–ર–રસિકભાઇ! બહસાબ! મને માફ કરો. "વંટોળીઆમાં ધ્રુજતા પાંદડા પેઠે થરથરતો ગોર બોલ્યો.

"ચપટી લોટની ભીખ માંગનાર ભીખારડા! તારી દીકરી જેવી યજમાન પર દયાનત બગાડી તું બ્રહ્મરાક્ષસ ઠરી ચુકયો. જા–કાળુ કર–જો ફરીથી આ ઘરમા પગ મુકયો, તો જીવતો નહી જવા દઉં..."

"બહસાબ! માફ કરો–ફરીથી આ ઘરમાં નહી આવું."

તે બદમાસ બ્રાહ્મણ એટલો બધો ડરી ગયો હતો, કે રસિક સામે ચકાર કાઢયા વીના માથા પર પાઘોડું ઘાલી ત્યાંથી પોબારા ગણી ગયો. હવે રસિક અને હું એકલાં પડયાં. હું લજ્જાથી નીચું જોતી ભોંય ખોતરતી હતી. રસિક મારો મનમાનીતો પ્રિયતમ હતો. તેણે સમાજના ભયથી મારી સાથે નાતરૂં કરવાની ના પાડી તેથી પ્રથમ હું તેના પર ગુસ્સે થઈ હતી. એક બે વાર મેં તેના પર વેર લેવાનો વીચાર કર્યો હતો, પણ હવે મારા એવા વીચાર ન્હોતા. રસિક કહેતો હતો તેવુંજ પાપ હું કરી આવી હતી. વળી આજે રસિક આવી ન પહોંચ્યો હોત, તો હું ગંદા ગોરના પંઝામાં ફસી પડત.

"મણી! હવે ગઇ ગુજરી ભુલી જા, અને આવા બદમાસ ગોરની સોબત છોડી દે." રસિક વ્હાલથી બોલ્યો.

"મેં એને બોલાવ્યો ન્હોતો."

"તે બલાત્કારે તને ચુંબન લેવા માંગતો હતો તે હું જાણું છું. પણ તું એને આશરે શા માટે ગઇ? તને દવા અપાવવાની મેં કયાં ના પાડી હતી?"

"હવે એ વાતજ જવા દો."

"ભલે તું જો તારી નાદાની સમજી ગઇ હોય, તો હજી તારો રસિક જેવો ને તેવોજ છે હોં!" મહારીની બંસીથી નાગ ખેંચાય, તેમ હું આકર્ષાઇ. રસિકે મને બાથમાં લીધી, અને બન્નેના હોઠ દબાયા. હું ફરીથી ભોળવાઇ. રસિકે મીઠી મીઠી વાતો કરી મને વશ કરી લીધી, અને હું તેના પાછળ મરવા લાગી.

બીજેજ દીને રસિક ગંભીર શોકભરી મુદ્રાએ મારે ઘેર આવ્યો. તેનો ચહેરો ઉતરી ગયો હતો. આંખો રડી પડવાની અણીપર હતી.

મારો જીવ ઉડી ગયો. હીંચકા પર બેસાડી, તેના ગળામાં હાથ નાખી મેં પુછ્યું: "વ્હાલા! તમે ગમગીન કેમ છો?"

"કંઇ નહી. અમસ્તો!"

"ના-ના-મારા સમ! શું મારાથી છુપું રાખશો? તમારા પરથી હું જાન ઓવારી નાખું છું, ને તમે મારાથીજ ભેદ રાખશો?"

"મણી! વાત એવી છે કે, જે તને કહેવામાં મારૂં માન નથી."

"મારી પાસે તમારૂં માન નહી રહે? અરે! રસીક! તમારે માટે તો હું દુનીયાને માથે લઇ ફરૂં છું. બોલો, તમને મારા સમ-શું છે?

"મણી! હું મોટી આફતમાં છું. મારા બાપે મારા લગ્નમાં બે હજાર રૂપીઆનું દેવું કર્યું હતું, અને હમણાં હું રૂના સટ્ટામાં બે હજાર ગુમાવી આવ્યો. મેં વ્યાજે નાણાં લેવા માટે ઘણી કોશીષ કરી, પણ આજકાલ નાણાંની જાધેજ તંગી છે, અને છ મહીનાને વાયદે પણ નાણાં મળતા નથી." તે આ શબ્દો એવી અસરકારક નાટકી ઢબે બોલ્યો કે મને કંઇનું કંઇ થઇ ગયું. મારા પાસે દશ પંદર હજારનો જીવ હતો. આ માટે મારી લક્ષ્મી મારા પ્રિયતમને ખપ ન લાગે? છ મહીનાને બદલે બાર મહીને એ પૈસા પાછા વળશે. મારા રસિક પાસેથી પૈસા ક્યાં જવાના છે? મને એકલી જીવને હાલમાં પૈસાની શી જરૂર છે? આવા વીચાર એક પળમાં મારા મગજમાંથી પસાર થઇ ગયા.

"તમને કેટલા રૂપીઆ જોઇએ છે?" મેં પુછ્યું.

"એક ટકાને વ્યાજે ને છ મહીનાની મુદતે ત્રણ હજાર રૂપીઆની મને ખાસ જરૂર છે. જો વખતને હાડે રૂપીઆ નહી ભરાય, તો મારી આબરૂ જશે ને મારે અફીણ ખાવું પડશે."

"અફીણ ખાય તમારો દુશ્મન! તમને હું ત્રણ હજાર રૂપીઆ આપીશ.' હું ઉદાર થઇ ગઇ.

"તું આપશે? નહી, નહી. તેં મને તારો અમુલ્ય પ્રેમ આપ્યો છે તેજ બસ છે. તારા જેવી નીરાધાર વીધવાના પૈસા મને નહી જોઇએ."

"રસીકલાલ! વ્હાલા આવો ભેદ ન રાખો. હું નીરાધાર વીધવા શાની? તમે મારા શિરછત્ર છોને? હોય. આસમાના સુલતાની સૌને આવે છે. છ આઠ મહીને પાછા આપજો. બેંકમાં પડી રહેશે, તેને બદલે તમારૂં કામ થાય તે શું ખોટું? મારા સમ—ના નહી પાડતા—"

"મણી! તું ખરેખર પ્રેમની પ્રતિમા છે. તારા જેવી પ્રિયતમા મેળવવા માટે હું મારી જાતને ધન્ય માનું છું. આહ! તારા જેવી રત્નની પીછાન હું મુરખો ન કરી શકયો. વ્હાલી! તું આટલી બધી પ્રેમાળ છે એવી મારી ખાત્રી થઇ હોત, તો ગમે તેમ થાત તોપણ હું લગ્ન કરવાની ના પાડી, તનેજ મારા ઘરની રાણી બનાવત... તું પુનર્લગ્નની યાચના કરતી આવી ત્યારે તું બીજી વિધવાઓ જેવીજ હશે એવો મને શક હતો, અને તેથીજ નાતરૂં કરી બદનામ થવાની મેં ના પાડી હતી. હાય! જો મને અગાઉથી તારી કીંમત સમજાઇ હોત, તો હું મારે ગળે બલા ન વળગાડત..."
રસીક ખરા હૃદયના ઉદ્દગાર કાઢે છે એમજ હું સમજી. તે મારા પર મરી પડે છે ને પોતાની પરણેતરને ચાહતો નથી એ વાત સાંભળતાં હું મલકાઇ ગઇ. હાય! સ્ત્રીઓનો સ્વભાવજ નીર્બળ વીચીત્રતાઓથી ભરપુર હોય છે. કોઇ પણ સ્ત્રી પોતાના રૂપગુણના પ્રશંસા સાંભળી બની જાય છે. રસિકે મારા રૂપ ગુણની પ્રશંસા કરી. મારાપરથી પ્રાણ પાથરવાના પાછા સોગન ખાવા માંડયા. મને પ્રેમની જવલંત

પ્રતિમાની ઉપમા આપી. હું તેની સ્વપ્ન સૃષ્ટિની કાદંબરી, શકુંતલા યા ઉર્વશી થઇ ગઇ, અને તેના બાહુપાશમાં બંધાઇ હું તેના પરથી મારૂં સર્વસ્વ ન્યોછાવર કરી નાંખવા તૈયાર થઇ. રસિકે પ્રથમ ઘણી આનાકાની કરી. પણ હું એકની બે ન થઇ. તેજ દીને બેંકમાંથી મેં ત્રણ હજાર રૂપીઆ ઉપાડી રસિકને આપ્યા. રસિકે પૈસા લઇ મને ચુંબનોથી ગુંગળાવી નાખી, અને છ મહીનામાં પૈસા પાછા આપવાના સોગન પર સોગન ખાઇ તે ઘેર ગયો.

વ્હાલાને મદદ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થવાથી હું મનમાં મલકાતી હીંચકો ખાતી હતી એવામાં ગોરાણી ઘરમાં આવી, અને ગુસ્સાભર્યા ચહેરે મારા સામે ઉભી રહી, મારા હાથમાં એક ચીઠ્ઠી મુકી.

બાઇ મણી,

તમે ડાકોરમાં ગર્ભપાતનું નીચ પાપ કરી આવ્યા છો, તેના મારા પાંસે પુરાવા છે. જો એ વાત છુપી રાખવી હોય તો સા. ગંગા સાથે એક હજાર રૂપીઆ મોકલી આપજો; નહી તો કાલે પોલીસ ચોકીપર આવવા તૈયાર થઇ રહેજો.

લી. મણીશંકર

પ્રેમમાં નીરાશ બનેલા ગોરે હવે મને લુંટવાની બાજી રાખવા માંડી હતી.

પ્રકરણ ૧૦ મું.

ભીખારણ મણી.

મણીશંકર ગોરની ધમકીભરી ચીઠ્ઠી વાંચતાંજ મારી ખાત્રી થઇ ગઇ, કે મેં જાણી જોઇને આફત વહોરી લીધી છે. રસિકને ત્રણ હજાર આપ્યા પછી મારી પાસે રોકડા દોઢ હજાર રૂપીઆ બાકી હતા. બે અઢી હજારના તાતા બેંકના શેર હતા, અને મારૂ ઘર હતું. એ શીવાય હજારેક રૂપીઆના દાગીના હશે. હવે મને ગર્ભપાતમાં સહાય કરનારા બદમાસો જો મને આવી રીતે ચુસ્યા કરશે, તો મારી દોલત ક્યાં સુધી ટકવાની હતી? ગોરને મેં ઉદાર બક્ષીસ આપી હતી, છતાં તેણે મને ફરીથી ધમકી આપી, તેથી મને તેના પર ઘણોજ ગુસ્સો ચઢયો, પણ પાપીઓને ગુસ્સાની પણ કંઇ કીંમત નથી.

"જાઓ ગોરાણી! ગોરને જઇને કહેજો, કે જે કરવું હોય તે કરી લે, મારી પાસેથી એક પાઇ પણ મળવાની નથી." મેં ગોરાણીને કસી જોવાનો વીચાર કરી દમ માર્યો.

"મારે શું છે? હું તો ચીઠ્ઠીની ચાકર! એ બીચારા તમને બચાવી લેવાને લોહીનું પાણી કરી નાખે છે ને બાઇ સાહેબ લાલ ડોળા બતાવે છે તો પછી અમારે શું? કાલે ફોજદાર સાહેબને તમેજ જવાબ આપજો..." કહી ગંગા બારણા તરફ ચાલી. મને તેની વાતમાં કંઇ ભેદ જણાવાથી હું ગભરાઇ, અને તેને પાછી બોલાવી પુછયું: "ફોજદારને આ વાત સાથે શો સંબંધ?"

"અરે! બાઈ! કોઈએ દુશ્મન દાવાથી નનામી ચીઠ્ઠી લખી, તમારા બાપની પોલીસને ખબર આપી છે. એ તો મારા ઘરનાને પોલીસમાં લાગવગ છે, એટલે મને કહ્યું કે જો તો ખરી! મણીબ્હેન હજારેક રૂપીઆ આપે તો ટાઢે પાણીએ ખસ કાઢીએ."

"તે હજાર રૂપીઆ કોઈને લાંચ આપવા જોઈએ છે?"

"ત્યારે શું અમારે ઘરમાં રાખવા છે? અમારે તો એક પાઈ પણ હરામ છે બા! મેં સાચી વાત કહી દીધી; હવે તમારે જોઈએ તેમ કરો..."

"ઉભા રહો. હું પૈસાની સગવડ કરી લાવું–" અંધારી કોટડીના ભયથી હું બોલી. રસિક હમણાંજ ત્રણ હજાર રૂપીઆ લઈ ગયો હતો, તેમાંથી હજાર રૂપીઆ પાછા લેવા હું તેને ઘેર ગઈ. રસિક પેઢીમાંજ બેઠો હતો. તે મને પોતાના ઘરમાં જોઈ જરા ચકિત થઈ બોલ્યો: કેમ?"

"મને હજાર રૂપીઆ પાછા આપો–તમને હું કાલે બેંકમાથી મંગાવી આપીશ."

"અરે! રામ! એ તો હું હમણાંજ ચુકવી આવ્યો. તારે પહેલાંથી કહેવું હતુંને!" તેણે જવાબ આપ્યો. તે મારા ઘરમાંથી બ્હાર નીકળ્યો કે, તરતજ ગોરાણી આવી હતી. પાંચ મીનીટમાં તે રૂપીઆ ભરી આવ્યો હશે, એ વાત મને સાચી લાગી નહી. પણ મેં મુર્ખીએ જાણી જોઈને પૈસા આપ્યા હતા, એટલે પેટ ચોળીને બેસી રહ્યા વીના છુટકોજ ન્હોતો.

"હમણાં ને હમણાં તને હજાર રૂપીઆની શી જરૂર પડી?"

"કોઈને આપવાના છે, મને એ વાતની યાદજ નહી રહી."

"અફસોસ! જેને આપવાના હોય તેને કાલે બેંકમાથી લાવી આપજે; નહી તો ચેક આપી દે..."

"વારૂ—" જરા કચવાઈને આટલું કહી હું મારે ઘેર ગઈ, અને ગોરાણીને ચેક આપી વિદાય કરી.

એક દીવસ રસીક ન આવ્યો. ત્રીજે દીને તે મધ કરતાં વધુ મીઠો થઈ આવ્યો, અને મારા હાથમાં હજાર રૂપીઆ મુક્યા. હવે મને તેના પર જરાપણ શંકા ન રહી.

"લે, વને જરૂર હશે એમ ધારી હજાર રૂપીઆ લઈ આવ્યો છું."

"હવે મને જરૂર નથી." હું પાછી બોળી થઈ.

"ગાંડી! તારી પાસેજ રહેવા દે. મારી પાસે વેપારમાં વપરાઈ જશે, અને તને અણીને વખતે ભીડ પડશે. બીજા બે હજાર પણ એક બે દીવસમાં આપી દઈશ. બૈરા માણસના પૈસા રાખવા કામના નહી. અરધી રાતે આબરૂ જાય."

મને તેના આ શબ્દો કાતીલ ડપકા જેવા લાગ્યા. મને શા માટે પૈસા જોઈતા હતા તેની તેને ખબર ન્હોતી. પૈસા આપી હું પાંચ મીનીટમાજ પાછા માગવા ગઈ, તેથી તેને ખોટું લાગ્યું હશે એમ ધારી હું તેને મનાવવા લાગી.

"રસીક! વ્હાલા! તમને ખોટું લાગ્યું? મારા સમ! લઈ જાઓ પાછા—તમારાથી અપાય ત્યારે આપજો." તે જેમ જેમ ના પાડતો ગયો, તેમ તેમ મારી પ્રેમઘેલી હઠ વધતી ગઈ. અંતે તેણે હજારની નોટ ખીસ્સામાં નાંખી. પણ હવે હું ભીખારણ થવાની હતી. મારી પાછળ બદમાશ શયતાનો પડયા હતા તેની મને ખબર ન્હોતી.

બીજે દીને ડાકોરના ગોરનો કાગળ આવ્યો, તે જાણવા જેવો છે:—

"સ્વસ્તીશ્રી સુરત બંદરે મહા શુભસ્થાને પરમ પુજ્ય રણછોડજીના મહાન ભક્તાણી બાઈ ગંગા, જોગ—ડાકોરથી લી. ગોર મહારાજના

ઘણા ઘણા કરીને જેશ્રીકૃષ્ણ વાંચજો. જત લખવાનું કે તમને ગૌરાણી ઘણાં યાદ કરે છે. તમે રણછોડજીના દર્શન કરવા જરૂર પુનેમે આવજો. બીજી અરજ એ છે કે, અમારા ચી. કીકાને જનોઇ દેવાનું છે. તે માટે તમારે મદદ કરવાની છે તો આ દેખત કાગળે આઠસો રૂપીઆ મનીઓર્ડર કરીને મોકલી આપજો. સુરતમાં ચાંદીના વાસણો ઘણાં સારાં મળે છે, માટે બે ચાંદીના પ્યાલા, રકાબી, બે થાળી ને મોટા પાણી પીવાના પવાલા પણ મોકલજો. ભુલશો નહી. તમારી વાત કોઇને ખબર પડશે નહી. ફીકર કરશો નહી. અમારી મંગાવેલી ચીજો વરત મળવીજ જોઇએ.

"મારે ત્યાં જાણે રૂપીઆના ઝાડ ઉગતાં હોય તેવી આ માંગણી હતી. હવે શેર વેચ્યા વીના છુટકો ન હતો. સાંજે રસિક આવ્યો ત્યારે મેં તેને શેરો વેચી નાખવા કહ્યું.

"શેર વેચવાથી શું વળશે? તાતાં બેંકના ભાવ તો ગગડી ગયના છે?"

"શું ભાવ છે?"

"સોના વીસ બાવીસ આવશે."

મારી છાતીમાં ધારકો પડયો. શેર વેચાઇ જતાં મારી પાસે ઘર ને દાગીના શીવાય કંઇ રહેવાનું નથી એ વીચારજ મને રડાવવા માટે પુરતો હતો.

"રસિકલાલ! મને હજાર રૂપીઆની ખાસ જરૂર છે. તે દહાડે તમે મને આપવા આવ્યા, ત્યારે મને આવી જરૂર પડશે એવી ખબર ન્હોતી..."

"હું ધારતોતોજ કે, સાળી બૈરીની જાત કોઇ દહાડો નાક કપાવશે. હું હમણાં કયાંથી પૈસા લાવું? તારા બાપને લખી?" તે ગુસ્સે થયો.

"તમે ગુસ્સે ન થાઓ. લો—જે આવે તે—આ શેરો વેચી નાખો...." કહી મેં તેના હાથમાં વાતા બેંકના ૫૦ શેર મૂક્યા. રસિક બીજો બોલ બોલ્યા વિના બહાર ગયો. બીજે દીને શેર પાણીને મુલે વેચાય', અને મારા હાથમાં ફક્ત ૧૧૦૦ રૂપીઆ આવ્યા. આ ૧૧૦૦ રૂપીઆ ડાકોરના બદમાસ ગોરના દીકરાની જનોઇમાં ચવાઇ ગયા. અને મારે દાગીના તથા ઘર વેચવાનો વખત નજીક આવ્યો.



પ્રકરણ ૧૧ મું.

મણી રાંદેર ચાલી!

પૃથ્વી પર દેવ ગણાતા બદમાસ ગોરોએ અને રસિકે મને પાયમાલ કરવા માંડી, મારા દાગીના ફુંકાઇ ગયા, અને ઘર પણ વેચાયું. બદમાસ મણીશંકરે તો આઠ આઠ દશ દશ દીવસે મને ધમકી આપી લુંટી લીધી. ડાકોરના ગોરનો પણ બે ત્રણ તગાદા થયા. રસિકે મીઠી છરી ફેરવી. તે બે ત્રણ મહિનાને અંતરે વેપારમાં મોટી ખોટ આવવાનું બહાનું કાઢી મારી પાસે રડવા બેસતો, અને મારી પાસે ઘર વેચતાં જે રકમ આવી હતી, તેમાંથી થોડા ઘણા રૂપીઆ ઓકાવી જતો. આમ બધા મને લુંટી ગયા, તો પછી લબડી ડોશી કેમ બાકી રહી જાય? ચાર મહીના પછી ડોશી અચાનક સુરતમાં મારૂં ઘર શોધતી આવી લાગી, અને મારી રહી સહી પુંજીમાંથી સો રૂપીઆ ઓકાવી ગઇ. હવેજ મારી આંખ ઉઘડી. મને બધા બદમાસો સાથેજ પાનું પડ્યું હતું. હું મારા ઘરબારની માલીકણ આજે પારકાના ઘરમાં બે રૂપીઆને ભાડે રહી હતી. પંદર હજારની મીલકતમાંથી મારી પાસે ફક્ત દોઢસો રૂપીઆ બાકી રહ્યા. હવે મારી જીંદગી શી રીતે જશે? હું પેટનો ખાડો શી રીતે પુરીશ? કરકસર કરી મેં પૈસા પૈસાની ભીડ ભોગવવા માંડી. રોજ સવાર-સાંજ શાક ખાનારીએ શાક ભાજી છોડી દીધાં. મેલાઘેલાં વસ્ત્રોથી હું લઇ ચલાવવા લાગી. હવે રસિકની અવરજવર પણ ઓછી થઇ ગઇ. તે આવતો ત્યારે હું મારા રૂપીઆ માગતી, અને તે મને ઉડાવનારા જવાબ આપતો.

મારી આવી કંગાળ ભીખારણ જેવી હાલત હતી તેવામાં ફરીથી હું ગર્ભવતી થઇ. મારા પેટમાં ફાળ પડી. એકવાર બાળહત્યાનું પાપ કરી, હું જેલમાં જતી પૈસાના જોરે બચી હતી. હવે તો મારી પાસે કંઇ નહોતું. મેં રસિકને આ વાત કરી. મણીશંકર ગોરે બે ત્રણવાર મારી મશ્કરી કરી હતી, પણ હું તેને કદી વશ થઇ નહતી. રસિકજ મારા બન્ને બાળકનો પિતા હતો, પણ હવે તે પહેલાનો રસિક નહોતો, તે બદમાસ સ્વાર્થી થઇ ગયો હતો. તેણે મારી વાત સાંભળતાંજ મને ધુતકારી કાઢી કહ્યું: "તારા કર્યાં તું ભોગવી લે—વીધવાને વળી આવા વિલાસ—વૈભવ શોભે?"

"નહિ શોભે—રસિક! નાહ શોભે. તું ફરીથી મને દગો દેવા માગે છે?"

"એમાં દગા જેવું કંઇ નથી. તારા જેવી છટકેલ મને એકલાનેજ વફાદાર રહી હશે તેની કંઇ સાબીતી છે? હું બીજાના પાપને મારે માથે ઓઢી લેવા માંગતો નથી."

"ભલે—પધારો—પણ મારા પૈસા પાછા આપવા છે કે નહી?"

"કેવા પૈસા?"

"પેલા ત્રણ હજાર રૂપીઆ તમે છ મહીનાને વાયદે લીધેલા તે—"

"મેં તારી પાસે પૈસા લીધા? કંઇ દિવાની થઇ ગઇ છે? લાવ, ખાતું ક્યાં છે? જોવા દે..."

"ખાતું? મેં તમારા પર વીશ્વાસ રાખી ખાતું નહી પડાવ્યું, તેના અમે આ નતીજો આપો છો?"

"લખાણું તે વંચાણું એ દુનીયાનો ન્યાય છે."

"એમ? જાઓ—તમારૂં સત્યાનાશ જશે."

"ઓહો! હવે તો શ્રાપ દેવા લાગી? પણ સતી શ્રાપ દેતી નથી, ને તારા જેવી શંખણીના શ્રાપ લાગતા નથી."

હું શંખણી હોઉં કે ગમે તે હોઉ, પણ મારી કકળતી આંતરડીના શ્રાપથી તમારૂં ખદીઆ ખાતર નીકળી જશે." હું પેટની બળતરાથી બોલી. રસિક ચાલી ગયો.

આખો દીવસ મેં રડી રડીને પસાર કર્યો. મારી હાલત ભયંકર હતી. પાસે પૈસા ન્હોતા. જો મારી પાસે પૈસા હોત, તો તો મારી ધર્મધુરંધર હીંદુ સમાજ હું ગમે તેવા છુપા દુરાચાર કરત તે સહન કરી લેત. પણ હવે એ ગોઝારી સમાજને મારી સ્થીતીની ખબર પડે કે તરતજ નાત બહારની જાડી ડાંગ મરી હાંકી કાઢવામાં આવશે એવી મારી ખાત્રી છે. હું આ વખતે મલેમંડી આગળ એક નાના ઘરના ભોંયતળીઆ પર રહેતી હતી. મારી ગલીમાં જાત જાતની નામદારજાદીઓ વસતી હતી. એક વૈષ્ણવ મોટું લાંબું ટીલું તાણીને ફરતો હતો, અને તે એક પાઇ પણ કમાતો ન્હોતો. પણ તેની ત્રીજી વારની બૈરી મંદીરે દર્શન કરવા જતી, અને પાછી આવતી ત્યારે બે ત્રણ નોટ લઇનેજ આવતી. આ બધી હીંદુ સમાજની સૌભાગ્યવતી સતીઓ ગણાતી. પણ વીધવાએજ સદાચાર પાળી, સનાતન ધર્મની કબર ખોદાતી અટકાવવી જોઇએ એવી આ દંભી સમાજની લોખંડી આજ્ઞા હતી. હું ગર્ભવતી છું એટલીજ ગપ ગલીમાં ઉડે કે મારે માટે ડરવાનું કામ ન રહે. મારાથી આ આબરૂદાર ઢોંગલાઓ પાસે રહેવાયજ નહી, મારૂં જીવતરજ નકામું થઇ પડયું. સમાજમાં મારે માટે સ્થાનજ ન્હોતું. જો હું નીર્લજ્જ થઇ સમાજમાં રહું, તો એ ઘાતકી સમાજ મારા હાલ કુતરાથી પણ નપાવટ કરી નાંખશે તે હું જાણતી હતી.

હીંદુ કુતરાને "તુ તુ' કરી બોલાવી રોટલી નાંખે છે. પાંજરાપોળોમાં ઢોરોને અરધા ભુખે મારી દયા ધર્મની આણ પ્રવર્તાવે છે, કબુતરોને ચણા નાખે છે અને કીડીઓને લોટ નાંખે છે. પણ વીધવા માટે એ ક્રૂર સમાજને દયાજ નથી. ખુબ વીચાર કરતાં હવે મને મોતજ પ્યારૂં લાગવા માંડયું. હું જીવતી રહી મારા બાળકને શું ખવાડીશ? આ વીચારે મને નીર્બળ બનાવી, અને રાતના દશેકને સુમારે હું ઘરમાંથી બહાર નીકળી, પાગલની પેઠે રસ્તો કાપતી હું રાંદેરના પુલ તરફ ચાલી. પુલ પરથી માર્ગ કાપતી વખતે મારી મનોદશા દીવાની બીના જેવીજ હતી. મેં ખુબ મોજ કરી લીધી. હવે હડધુત થઇને જીવવા કરતાં આરામથી તાપી નદીના જળમાં હંમેશની નિંદ્રા લેવામાંજ મઝા છે. આપઘાતથી જીંદગીનો નાશ કરી નાંખવાનો મેં નીશ્ચય કર્યો હતો. અરધો પુલ પસાર કરી હું ઉભી રહી, અને પ્રભુની પ્રાર્થના કરવા લાગી. "હે પ્રભુ! વૃદ્ધ અને રોગી પતીને પનારે પડી વિધવા થયા પછી હું કુદરતને વશ થઇ, તે જો પાપ હોય તો તુ મને માફ કરજે..." ઇશ્વરની પ્રાર્થના કરી હું નદીમાં કુદકો મારવાની તૈયારી કરતી હતી, એવામાં અચાનક કોઇએ મારો હાથ પકડયો.

"બાઇ! આપઘાતનું ઘોર પાપ કરી, શા માટે ખુદાની ગુનેહગાર બને છે?" મને બચાવનારે લાગણીથી પુછ્યું. તે કોઇ મુસલમાન હતો.

"ભાઇ! મને મરવા દો. હું ઘણીજ દુઃખી છું. ગર્ભવંતી વીધવા માટે આ દુનીયામાં ઠરવાનું ઠામજ નથી. હું જીવવા કરતાં મુએલીજ સારી છું."

',નહી બ્હેન! નહી. તમે બારે પગે છો, એટલે તમે આપઘાત કરીને તમારો એકલાનોજ નહી પણ બેનો જાન લો છો. તમારી

જાતનો નાશ કરવા સાથે તમારા ગર્ભસ્થ બાળકનું ખુન કરવાથી ખુદાના તમે ભારી ગુનેહગાર થશો.”

“ત્યારે મારે શું કરવું ? આ દુનીયામાં મને કયાંય પણ આશરો મળે એમ નથી. હું નીરાધાર, નીરાશ્રીત અને કંગાળ ભીખારણ છું...”

કંઇ ફીકરં નહી. અલ્લા પાકે મને હાલ ચાવલથી મોહતાજ રાખ્યો નથી. ચાલો, બીન દહેશતે મારે ઘેર ચાલો. હું તમને અને તમારા બાળકને પાળીશ....” કહી ઇસ્માઇલ મને રાંદેર લઇ જવા તૈયાર થયો. મને લાંબો વીચાર કરવાની સુઝ ન્હોતી. ડુબતો માણસ શીણને વળગે છે, તેજ રીતે મારી નિરાધાર હાલતમાં મારી વ્હારે ધાનાર પરધર્મી—મુસલમાન મને સગા ભાઇ જેવો લાગ્યો. રાત્રીનો વખત હતો—એકાંત જગ્યા હતી, છતાં ઇસ્માઇલે મારી સાથે જરા પણ અણુઘટતી છુટ લીધી ન્હોતી. તેની ભાષા સંસ્કારી હતી—તેનું વર્તન ખાનદાન હતું. સ્વધર્મી હોઇ, રસિકની પેઠે મારૂં સત્યાનાશ વાળે તેના કરતાં આ પરધર્મીનો આશરો સ્વીકારવામાં કંઇજ ખોટું નથી એમ ધારી હું ઇસ્માઇલની પાછળ ચાલવા લાગી. અમે બન્ને રાંદેર ગયા, અને મેં ઇસ્માઇલના ઘરમાં આશરો લીધો.

પ્રકરણ ૧૨ મું.

મણી મરીઅમ થઇ!

ઇસ્માઇલ ખુદાથી ડરનારો પાક મુસલમાન હતો. ઇસ્લામીઓ વિષે ઘણી ખરાબ વાતો સાંભળી હતી. મુસલમાનો સ્ત્રીઓની લાજ લુંટનારા બદમાશો છે એવું મારા મન પર ઠસી ગયું હતું પણ ઇસ્માઇલની ખાનદાનીથી મારા વિચાર બદલાયા. એ ભલા મુસલમાને મને સગી બહેન જેવી ગણી આશરો આપ્યો. હું હિંદુ હોવાથી તેના ઘરમાં જમીશ નહિ એમ ધારી તેણે મને એક જુદો ઓરડો કાઢી આપ્યો અને ત્યાં હું મારે હાથે રાંધી ખાવા લાગી. ઇસ્માઇલની ઓરત અમીના પણ ભલી બાઇ હતી. અને મારા જેવી અનેક જુવાન વિધવાઓ વિકારને વશ થઇ પરધર્મમાં વટલી જાય છે તે નજરે જોવા છતાં હિંદુ સમાજ શા માટે વિધવા વિવાહના લોખંડી દરવાજા ઉઘાડતી નથી તે માટે અજાયબી બતાવવા લાગી.

"હવે હું નકામુ ટાલહું કરીને કંટાળો આપવા મામતી નથી. મારા નવા ભાઇ ઇસ્માઇલને ત્યાંજ મેં આઠમે મહીને મુએલા છોકરીને જન્મ આપ્યો. અમીનાએ મારી લાગણીપુર્વક સારવાર કરી. આ ભલા ધણીધણીઆણીને નિરાધારની વ્હારે ધાવા માટે હું અંતઃકરણપુર્વક આશિર્વાદ આપવા લાગી. જોતજોતામાં સમય વહેવા લાગ્યો. ઇસ્માઇલને આશરે હું રહિરમાં દશ માહના રહી પણ એટલામાં કોઇ પણ હિંદુએ મારી શોધ કરી નહિ. રસિકને તો જાણે હું મરી ગઇ છું એમજ લાગ્યું હશે.

ઇસ્માઇલને ત્યાં રહેમાન કરીને તેનો દોસ્ત આવતો. તે મુંબઇનો વતની હતો અને રાંદેર બે ત્રણ મહીના હવા ખાવા આવ્યો હતો. તેની વાત પરથી મને ખબર પડી કે તે મુંબઇમાં કાપડની ફેરી ફરતો હતો અને રોજ ચાર પાંચ રૂપીઆ કમાતો હતો. તેની ઉમર ત્રીસેક વર્ષની હતી. બાંધો મજબુત અને કદાવર હતો. દેખાવમાં તે ખુબસુરત હતો. તેનો ચહેરો ગોળ, ભરાઉ અને પાટીલો હતો. આંખો કાળી ભમર જેવી હતી અને હોઠ લાલ હતા. સામાન્ય મુસલમાનોની પેઠે તે પાટલુન, ખમીશ અને જાકીટ તથા જરીની ટોપી પહેરી છેલબટાઉ જેવો ફરતો ન્હોતો. તેનો પોષાક અંગ્રેજી ઢબનો હતો. મીયાંભાઇની પેઠે તે જાકીટના ગજવામાં રંગીન રૂમાલ ઉડતો રાખતો ન્હોતો. કોટ પાટલુન અને જાકીટના સંપુર્ણ શુટમાં તે સજ્જ થતો. કોલર નેકટાઇ પહેરતો અને તેના માથાપર ટરકીશ ટોપીનું ફુમતું ઉડયા કરતું. તેની જબાન ઘણી મીઠી હતી. સ્વભાવે મળતાવડો અને હસમુખો હતો. ઇસ્માઇલને ત્યાં તેને કેટલીકવાર એકાંતમાં મળવાની તક પણ મને મળતી અને તે વખતે અમે હસી હસીને વાત કરતા. તે મુંબઇની જાહોજલાલીના દીલચસ્પ વાતો કરતો. નાટક સીનેમા જોવાની મઝા વર્ણવતો. મોટરોની ધમાલ છનાછન થતા રૂપીઆ, ગગનચુંબી હવેલીઓ વગેરેની વાતો સાંભળી એકવાર મેં તેને હસીને કહ્યું: "તમારી અલબેલી મુંબઇ તો એકવાર દેખાડો!"

"કોન ના બોલતા? ચલો–તુમારી કસમ! બસ–આજહી ચલો–" તેણે જવાબ આપ્યો અને તે કાતીલ નજરે જોઇ રહ્યો. તેના વીલાસી ચહેરા પર હું પણ મોહી પડી હતી. મેં નયનબાણ ફેંક્યું અને તે સીધો બહેરતમા જઇ બેઠો.

"મની! ક્યા બાત કહું? ખુદાને તેરેકા ગજબ બનાઇ હૈ! માનો સાચેમેં ઢલી પુતલી હૈ!..." કહી તેણે મારો હાથ પકડયો. વીષ્ણુના ચરણમાંથી શંકરને માથે પડેલી ગંગા ગબડતી ગબડતી આખરે એ માયાવી જગતમાં ગબડી પડી તેવી મારી સ્થીતી હતી. એક પછી એક પગથીયું હું પડતીજ ગઇ. રહેમાન મારે મનગમતો હતો. હવે મને નાત જાત કે ધર્મની પરવા ન્હોતી. હીંદુ સમાજમાં મારે માટે સ્થાનજ ન્હોતું એટલે હું હીંદુઓ સામે ખોળો પાથરી પગે લાગું તો પણ મને કોઇ સંઘરે તેમ ન્હોતું. વીજળી વેગે આ બધા વીચારો મારા મગજમાંથી પસાર થઇ ગયા. મારા ધર્મના ભાઇ ઇસ્માઇલને ત્યાં વધુ દહાડા રહેવાની મારી મરજી ન્હોતી એટલે રહેમાનને મેં નયને નચાવવાનો નીશ્ચય કર્યો.

"રહેમાન! તમે મને મુંબઇ લઇ જશો?"

"જરૂર...."

"રાખશો કયાં?"

"મારે ત્યાં? મારી છાતી પર? મણી! તું કહે તો હું તને મારી બીબી બનાવવાને તૈયાર છું."

"તમારી શાદી થઇ નથી?"

"નહી. સાચી વાત કહું તો તારા પર મારૂં દીલ લાગ્યું છે. મણી! હું તને નવાબજાદી પેઠે અમનચેન કરાવીશ. બોલ તું મારી સાથે આવવા રાજી છે?"

"હા..." શરમથી નીચું જોઇ હું ધીમા સ્વરે બોલી અને બીજી પળે રહેમાને મને છાતી સરસી દાબી દઇ મારા હોઠપર ચુંબનની મહોર મારી. રહેમાનની વિશાળ છાતી પર માથું મુકી હું થોડીવાર

પડી રહી ત્યારે મારા બળતા જીગરને જાણી શાંતી થતી હોય તેવો મને ભાસ થયો, મને ધર્મકર્મનું વધારે જ્ઞાન ન્હોતું. મારા ધર્મગુરૂ ગણાતા બ્રાહ્મણો કે મંદીરના મહારાજોએ ધર્મ શી ચીજ છે તે મને સમજાવ્યું ન્હોતું. બ્રાહ્મણને રોજ પંચપાક પુરી આપવો અને હવેલીની ગીરદીમાં ભચડાતા ભચડાતા ઝાપટીઆના માર ખાઇ શ્રીનાથજીની ઝાંખી કરવી એટલામાંજ મારો ધર્મ સમાઇ જાય છે એવી મારા મન પર છાપ પડી હતી અને બીજી વીધવાઓ પણ એથી વધારે સમજતી હોય તે વીષે મને શક છે. અમને ધર્મનું જ્ઞાન આપવાની, અમારામાં હીંદુત્વનું અભીમાન પ્રગટાવવાની, અમને રામ અને કૃષ્ણના જીવનના રહસ્યો સમજાવવાની સનાતની થાંભલાઓને દરકારજ નથી. અમારા મહારાજો તો ગાડી વાડી ને લાડીમાંજ રચ્યા પચ્યા રહે છે અને દરેક વૈષ્ણવ પાસેથી પાંચથી પચીસ રૂપીઆ ઓકાવી કાનમાં ફુંક મારી ગળામાં તુલસીની માળા બાંધી બ્રહ્મ સાથે સીધો સંબંધ તાર વગરના થાંભલાથી બાંધી આપે છે! એ શીવાય કોઇ પણ મહારાજે મને મારા ધર્મનું રહસ્ય સમજાવવાની લેશ માત્ર કાળજી બતાવી ન્હોતી. હવે હું રહેમાનનું ઘર માંડીશ. મણી નામ બદલી મરીઅમ થઇ જઇશ, એટલે હીંદુ ધર્મના કીલ્લા પર મોટી તોપનો ગોળો જઇ પડશે. કોઇ શીવદાસભા છાતી માથા પછાડી મોટા મોટા ભાષણો આપશે. કદાચ મારી પાસે મને કેવી રીતે ફસાવવા આવી, તેનો એકરાર લેવા કોઇ છાપાવાળો દોડી આવશે, અને હું પાછી હીંદુ થવાને તૈયાર થાઉં તો શુધ્ધીના મહાન વીજયની બાંગ મારશે! આ બધી વાતો હું જાણતી હતી, પણ જે સમાજ અઢી લાખ વીધવાઓના ઉન્હાં આંસુથી પણ પીગળતી નથી.

જે સમાજે છ-૭ કરોડ અંત્યજોની હાલત ગુલામથી પણ નપાવટ કરી નાખી છે, તે સમાજના આંખ કાન ઉઘાડવા માટે આવા ભયંકર બળવા કર્યા શીવાય બીજો રસ્તોજ નથી એમ મને લાગ્યું.

હું રહેમાન સાથે નીકાહ પઢવા તૈયાર થઇ. રહેમાન ખુશ ખુશ થઇ ગયો. સાંજે ઇસ્માઇલ ઘેર આવ્યો, ત્યારે મેંજ તેને સીધી વાત કરી. ઇસ્માઇલ સાચો મુસલમાન હતો. બળાત્કારે ઇસ્લામમાં આવનારા કદી ઇસ્લામની બહેતરી કરતા નથી, એમ તે જાણતો હતો, તેથી તેણે મને સમજાવવા માંડી.

"મણીબ્હેન! તમે નીરાધાર છો એમ સમજીને રહેમાન સાથે શાદી કરવા માગતા હો, તો તેમાં તમે મોટી ગલતી કરો છો. હું તમને વટલાવ્યા વીના જીંદગી સુધી સગી બ્હેન તરીકે પાળવાને તૈયાર છું, વખત છે ને તમને રહેમાન સાથે નહી બન્યું તો!–"

"તો જેવું મારૂં નસીબ! હું રહેમાનને ચાહું છું, ને તેની સાથે નીકાહ પઢવા તૈયાર છું."

"જોજો! પાછળથી મને બદનામ ન કરવા. હું તમને મારા ઘરમાંથી હાંકી કાઢવા માગતો નથી."

"ભાઇ! તમે તો મારા મા જણ્યા ભાઇ કરતાં મારા પર મોટો ઉપકાર કર્યો છે. તમારો આભાર હું કદી ભુલી શકીશ નહી, પણ હું મારી રાજીખુશીથીજ રહેમાનને પરણવા માગું છું."

"તો જેવી તમારી મરજી! અલ્લા તમને સુખી કરે." ઇસ્માઇલે દુઆ ચાહી.

બીજે દીને રહેમાન આવ્યો. તે તો મારી સાથે પરણવાને તલપાપડ થઇ રહ્યો હતો. ઇસ્માઇલે તેને ખુશ વધાઇ આપી, એટલે

તે ગાંડો ઘેલો થઇ ગયો. તરત તે સુરત દોડી ગયો, અને મારે માટે જાતજાતના વસ્ત્રો તથા અલંકારો ખરીદી લાવ્યો. રહેમાનને મુસલમાન કરવાં હીંદુ સ્ત્રીનો પોષાક વધારે ગમતો હતો, તેથી તે મારે માટે સાડી, પોલકા માટે રેશમી કાપડ, બંગડીઓ, ચંદનહાર વીગેરે ખરીદી લાવ્યો હતો. તેની ઉદારતા જોઇ હું તેના પરથી વારી ગઇ. અમારી શાદીની તૈયારી થવા લાગી. અમારી શાદીનો દીવસ નક્કી થયો. મારી ધાગધુમથી હું રહેમાન સાથે નીકા પઢી, અને હીંદુ સમાજની વીધવા મટી મુસ્લીમ સમાજની સૌભાગ્યવતી મરીયમબીબી બની. શાદીને બીજેજ દીને રહેમાન મને મુંબઇ લઇ ગયો.

પ્રકરણ ૩ મું.

મુંબઇની મોજમજાહ!

મું ઇ જોતાંજ મારી આંખ ... ગઇ. નાટક સીનેમા, ચોપાટી, પાલવા ... ડ સ્ટેન્ડ, રાણીનો બાગ ... ગીંગ ગાર્ડન વિગેરે સ્થળોએ રહેમાન ... ને ફેરવવા લાગ્યો. મારી ... ગીની નવીજ શરૂઆત થઇ. આ ... ધી હું છુપાં પાપ કરનારી ... હતી. સંસારી જીવનના અનુ ... વાનું મને ભાન ન્હોતું. ... માનની બીબી થયા પછી મને ... વો મળ્યો. મેં ના ... ને ધર્મ બદલ્યા હતા. હું વણી ... મુસલમાની બની હતી ..., ભાત અને શાક રાંધનારી હવે ... પુલાવ બનાવતી હતી ... ારા પરથી જાન સદકે કરી ... હતો. રહેવારે દશ ... વાગે તે જમીને કાપડની ફેરી ... તો અને સાંજે સાત ... સુમારે રોકડા પાંચ છ રૂપી ... ઇ લાવતો. ભીંડી બજાર ... બાબાવાળાની ચાલીમાં અમે ડબલ ... ાડે રાખી હતી અને ... સરખી જગ્યા મને મોટી રાજ ... ા લાગતી.

... બકરમીના પડીઆ કાણું ... છે. ઇશ્વરે મારા નસીબમાં ... ન્હોતું. રહેમાન ત્રીજે ... અચાનક કોલેરામાં સપડાઇ ગયો ... ડી કલાકમાં ... ીન થયો. હું પાછી નીરાધાર ... ારા પાડોશીઓએ ... દફન ક્રિયા કરી. મારા ... ન્હોતો. ભીખારણ હાલ ... હું રહેમાનને આ સુખ થઇ હતી. હવે મારો ... ક ... પણ આવ્યો. રોઇ રોઇને

મારી આંખ સુજી ગઇ. બે દીવસ સુધી મેં કંઇ ખાધું નહી. પેલો ખઠી રોગી અમથો પુલપાડામાં બળી ગયો ત્યારે હું જરા પણ રોઇ ન્હોતી. મને તેની લાગણી પણ ન્હોતી. પતિનું મરણ કેવી દારૂણ જફા છે તે હું રહેમાન ગયા પછીજ સમજી.

મારી પાડોશની ખોલીમા ગફુર નામનો માણસ રહેતો હતો. તે હવે મારી ખબરઅંતર પુછવા લાગ્યો. તેણેજ મને સમજાવી પટાવીને ત્રીજે દહાડે અન્ન ભેગી કરી. રહેમાનની મીલકત મોટી ન્હોતી. તેણે મને પાંચસો સાતસોના દાગીના કરાવી આપ્યા હતા અને રોકડ બસો પાંચસોની મુડી હતી. ઓરડીનું ભાડું પચીસ રૂપીઆ હતું. મુંબઇ જેવા શહેરમાં કામ ધંધા વિના હું શી રીતે ગુજરાન ચલાવીશ એ સવાલ ફરીથી મારી સામે ડોળા ઘુરકાવવા લાગ્યો.

“ગફુરભાઇ! મને થોડું ભરવા સીવવાનું કામ અપાવો તો સારૂ...” મેં ગફુર આગળ મારી મુઝવણ રજુ કરી.

“તું બીલકુલ ગભરા ના મરીઅમ! હું તને સારી જગ્યાએ ઠેકાણે પાડીશ.”

“ભાઇ! હવે મારે બીજો અવતાર કરવો નથી. હવે તો હું મહેનત મજુરી કરીનેજ પેટ ભરવા માંગુ છું.”

“હા–હા–મારી પીછાનમાં એક ઉમરાવજાદી છે. તેને ત્યાં હું તને નોકરી અપાવીશ.” ગફુરે દીલાસો દીધો.

મહિનો વહી ગયો. પણ ગફુર કંઇ કામ ન લાવ્યો. પચીસ રૂપીઆ ભાડાના ચુકવતી વખતે મને પૈસાની કિમ્મત સમજાઇ. હવે તો કોઇપણ રીતે ગુજરાન જેટલું કમાયા વિના છુટકોજ ન્હોતો એટલે મેં ગફુરને બોલાવી મારી સ્થિતિ તેને સમજાવી.

"ગફુરભાઇ! મારી પાસે થોડા ઘણા દાગીના છે તે બેઠા બેઠા ખાવાથી સહ્યા થઇ જશે. મહેરબાની કરી મને કંઇ ઘર કામની નોકરી અપાવો."

"કાલે વાત-નું ફીકર ન કર. હું આવતી કાલે તને જરૂર નોકરી પર મુકી આવીશ." કહી ગફુર બહાર ગયો. રાતે તેણે મારી નોકરી નક્કી થવાની ખુશ વધાઇ આપી. મેં તેનો આભાર માન્યો. સાથે સાથે ગફુરે મને સમજાવી દીધું કે મારે ખોલી ખાલી કરી સરસામાન લઇનેજ મારી શેઠાણીને ત્યાં રહેવા જવાનું છે. મને મહીને ખાવા પીવા ઉપરાંત પચાસ રૂપીઆનો પગાર મળશે એ બીના જાણી મને જરા અજાયબી ઉપજી. કેમકે ઘરકામ કરનારી મજુરણને એટલો મોટો પગાર કોઇ આપે એ વાત માની શકાય એવી ન્હોતી. ગફુરે મને ખાત્રી આપી કે મારી શેઠાણી મોટા અમીરની દીકરી છે અને પોતાના નોકરોને ઉદાર પગાર આપીને હંમેશાં રાજી રાખે છે. આ વાત જુઠી માનવાનું કંઇ કારણ ન્હોતું. એટલે ગફુરે મને સુખી કરવા માટે જે તરદી લીધી તે માટે તેનો આભાર માની મેં સરસામાન પેક કરવા માંડયો.

બીજે દીને ગફુર જાણે મારો નોકર હોય, તેમ સવારના પહો-મરાં ખીદમતમાં હાજર થઇ ગયો. તે મારો સરસમાન એક ગાડીમાં ભરી લઇ ગયો, અને પછી મને લઇ જવા માટે મોટર લઇ આવ્યો. મારી શેઠાણીની આ મોટર હશે એમ ધારી હું તેમાં બેસી ગઇ. મોટર પુર જેસથી ચાલવા લાગી.

એક સુંદર મકાન આગળ ગફુરે મોટર ઉભી રખાવી. અમે બન્ને માળ પર ગયા. મકાનનું ફરનીચર જોતાંજ મારી ખાત્રી થઇ

ગઇ, કે મારી શેઠાણી ખરેખ કોઇ અમીરજાદી છે. કિંમતી નકશીદાર ચાર કબાટો દીવાલની ચાર દીશાએ ગોઠવેલા હતા. હોલની મધ્યમાં આરસપહાણનું સુંદર રાઉંડ ટેબલ હતું, અને તેની આસપાસ કઇનેક મેન્ટવુડની નાજુક ખુરશીઓ પડી હતી. ટેબલપર ચીનાઇ કારીગીરીનું મનમોહક ફ્લાવર વાઝ હતું. બારણા પર મુલ્યવાન તોરણો લટકતા હતા, અને બારીઓ પર પરદા ઉડતા હતા. એક મુલાયમ સોફાપર એક પ્રોઢ વયની સ્ત્રી બેઠી હતી. તેનું શરીર ફુલી ગયલું હતું. આંખોની આસપાસ કાળા ડાઘનું કુંડાળું હતું. નાક લાલ લાલ હતું. ચહેરાપર એક જાતની પીળાશ ફીકાશ હતી. તે મને જોઇ હસીને બોલી: "આવો! મરીઅમ!"

હું સમજી ગઇ કે તેજ શેઠાણી છે. તેનોજ અવાજ મીઠો ન્હોતો તેમ ખરાબ પણ ન્હોતો. હું સંકોચથી તેની પાસે ઉભી રહી, પણ તેણે મારો હાથ પકડી મને પોતાની પાસે સોફાપર બેસાડી.

"ગફુર! મરીઅમની જરા પણ ચીંતા ન કરતો."

"મને કંઇ ફીકરજ નથી. રાણુ! તમારે ત્યાં મરીઅમ સુખી નહી થાય, તો બીજે કયાં થવાની હતી?"

"મારે ત્યાં જે સ્ત્રી આવે છે, તે સોનેરૂપે પુજાય છે." રાણુએ જવાબ આપ્યો. "જા, ગફુર! મરીઅમ માટે આઇસ્ક્રીમ સોડા લાવ, ને મને બીરનું ગ્લાસ ભરી આપ. તારે સોડા પીવી હોય તો પી આવજે."

રાણુનો હુકમ સાંભળી ગફુર પાળેલા કુતરાની પેઠે દાદર ઉતરી ગયો, અને થોડીવારમાં આઇસ્ક્રીમ, સોડા બરફનું ગ્લાસ મારા હાથમાં આવી પડયું. એક બાટલી ઉઘાડી ગફુરે રાણુને બીરનો ગ્લાસ આપ્યો. આઇસ્ક્રીમ પી હું ઠંડી પડી, રાણુએ પણ બીરનું ગ્લાસ ખાલી કર્યું.

"જો મરીઅમ! મારે ત્યાં કંઇ લાકડા ફાડવાના નથી. ખા, પી ને ચમન કર. મને ફક્ત એકજ ચીડ છે, અને તે એ કે જે કોઈ મારી સામે થાય, મારૂં કહ્યું નહી કરે તેને હું મારી પાસે એક ઘડી પણ રાખતી નથી." રાણુએ મારી નોકરીની સરતો સમજાવવા માંડી.

"હું તમારો પડતો બોલ ઉંચકી લઇશ."

"જો—આ કંઇ મામુલી ઘર નથી. આપણે ત્યાં મોટા મોટા શેઠ શાહુકારો ને અમીરજાદાઓ આવે છે. તેઓને માનપુર્વક આવકાર આપવો. તેઓ સાથે હસી બોલીને વાત કરવી—તેમને ચાહ, પાણી, સોડા લેમન, બીઅર વ્હીસકી, બ્રાંડી જે જોઇએ તે પાવા—ટુંકમાં આપણા મોંઘા મહેમાનોની ખીદમતમાં રહેવાનું કામ તારે કરવાનું છે."

"તમારે મને એક બોલ પણ કહેવો નહી પડે—" મેં તેને રાજી કરવા કહ્યું.

"શાબાશ! મને તારા જેવીજ જોઇએ છે. હું તને દાસી ગણીશ નહી, પણ મારી બ્હેનપણી જેવી ગણીશ. જો તું મારા કહ્યા પ્રમાણે ચાલીશ, તો તારે કોઇપણ વાતે મુઝાવું પડશે નહી. હું તને મારાજ જેવા રંગરાગમાં રાખીશ..." આટલું કહી તે બેદરકારીથી ઉભી થઇ, અને કબાટ ખોલી તેમાંથી સો સોની પાંચ નોટ કાઢી તે ગફુરના હાથમાં આપી બોલીઃ "ગફુર! લે—આ તારી હુંડીના રૂપીઆ!—"

"ગફુર રૂપીઆ લેતાં હસ્યો—રાણુ રૂપીઆ આપતાં હસી.

"હુંડી સીકરાઇ ગઇને?" ગફુરે પુછ્યું.

"હા તરતજ રૂપીઆ મળી ગયા." રાણુએ કહ્યું. ગફુર મારી રજા લઇ કોઇપણ રીતે નહી મુંઝાવાની ટાઢક આપી વીદાય થયો, અને તે પછી રાણુ મારી સાથે કાંઇનીઇ જાતનાં ટોલટપ્પા કરવા બેઠી.

પ્રકરણ ૧૪ મું.

રાધુનું રંગભુવન.

સાંજ પડતાંજ રાધુના ઘરમાં છ સ્ત્રીઓ આવી. બધી જુવાન અને ઘાટીલી હતી. કોઇ કાળી, ઘઉંવરણી તો કોઇ ગોરી હતી: આ છમાં બે ઘાટણ, એક ઢેડી, બે જગદાદી અને એક મુસલમાની સ્ત્રી હતી. તેઓએ આવીને રાધુને સલામ કરી. રાધુ જરા હસીને બધી રમણીઓ વેશ શૃંગાર કરવામાં ગુંથાઇ ગઇ. બે ઘાટણીઓએ મડમોની પેઠે વાળ હોળી અંગ્રેજી ફેશનના ગાઉન અને સ્કર્ટ પહેરી મોંડાપર પાઉડર ચોપડવા માંડયો. બંનેએ લાલ કાગળ ભીંજવી તે ઓઠપર લગાવી ઓઠ લાલ લાલ બનાવી દીધા. ગળામાં ખોટા મોતીનો નેકલેસ નાખ્યો, અને હાથપર રીસ્ટ વોચ બાંધી દઇ કાનમાં પોલીશ કરેલા રોલ્ડ ગોલ્ડના ઇયરીંગ લટકાવ્યા. બંનેએ પગમાં રેશમી મોજાં પહેરી સુંદર એડીવાળા બુટ પણ ચઢાવી દીધા. આ બે જણી બનીઠનીને તૈયાર થઇ રહી, ત્યારે જાણે કોઇ મીશન સ્કુલમાંથી દેશી મડમોજ આવી હોયની એવી થઇ ગઇ.

મુસલમાની સ્ત્રી ગુજરાતી બોલી જાણતી હતી. તેણે નવોજ વેશ ધારણ કર્યો. ખમીસ કાઢી તેણે પહેલાં પારસીઓના જેવો સદરો ઓળગ્યો અને પછી પારસણ ફેશનની સાડી અને બ્લાઉઝ પહેરી લીધાં. તેની વાળના ગુચ્છા પાડવાની છટા અનેરીજ હતી. કપાળની ઉપર જાણે છતડી હોય તેમ તેણે વાળ ઉંચા ચઢાવ્યા અને આંખો પર ટૉર્ટોઇઝ શેલના ગોગલ્સ લગાવી તે પારસણ થઇ ગઇ.

બે બગદાદી સ્ત્રીઓ ઘેરથીજ શણગાર સજી આવી હતી. તેમનો પોષાક યુરોપીયન સ્ટાઇલનો હતો, ફેર એટલોજ કે ગળામાં મોતીની માળાને બદલે બન્નેએ કેરબાની માળા પહેરી હતી. આ સ્ત્રીઓ આવા વેશ શા માટે કરતી હશે તેનો ભેદ હું પ્રથમ તો ન સમજી. બધી વાતચીતમાં કુશળ હતી- એક બે જણી તો સારું બાઇ જાણતી હતી અને બારી પાસે ખુરશી પર બેઠી બેઠી એક જણી "મેરે મોસા બુલાયે મદીને મુઝે" લલકારતી હતી. બીજીને "પિયા સોને દે મય તો જગી હું સારી રાત" ગાવાનો શોખ થઇ આવ્યો હતો.

રાત પડી. વીજળીક રોશની ઝગઝગી રહી. રાણુ પણ હાથ મ્હોં ધોઇ મ્હોડાપર એઝેલાઇનસ્નો લગાવી ઇજીપશીઅન સીગારેટનો ધુમાડો કાઢતી નવી સાડી બદલતી હતી. તેણે સાચી જરીથી ભરેલી એક કીમતી સાડી પહેરી. તેની રેશમની જરી ભરેલી સાડી નાંખી દેતાં ત્રણસો ચારસો રૂપીઆની હશે. તેની ચોળી પણ સફેદ રેશમની હતી અને તે પર સોના રૂપાની જરી ઝગઝગી રહી હતી. તે પ્રોઢા હતી. તેની જુવાનીની સમીસાંજ થવા આવી હતી. તેનું શરીર દશ બહારનો બીર પીવાથી જાડું અને બેડોળ થવા આવ્યું હતું છતાં તેની આંખની કાતીલતા અજબ હતી. સ્વભાવે લ્હેરી, સ્વચ્છંદી અને મોજીલી હોવાથી તે બધી સ્ત્રીઓમાં માનીતી હતી. વસ્ત્રાલંકાર પહેરી તે મારી પાસે આવી બોલીઃ "મરીઅમ! તારે સાડી બદલવી નથી?"

"શા માટે? મારા સાદા વસ્ત્રો સારા છે."

"નહી, નહી, મેં તને કહ્યું હતું ને કે હું તને મારા જેવાજ રંગરાગમા રાખવા માગું છું. આવ આ કબાટમાંથી તને મનગમતાં વસ્ત્રો પહેરી લે." રાણુએ આગ્રહ કર્યો. મારાથી ના પડાઇ નહિ.

હાથ મ્હોં ધોઇ મેં પણ સુંદર રીતે વાળ ઓળ્યા. મારા વાળ રેશમ જેવા મુલાયમ અને લાંબા હતા. રાણુએ પોતાને હાથે મારા વાળની પંજાબી ફેશનથી ચોટી ગુંથી. કેશ શ્રિંગાર થયા પછી મેં આસમાની રંગની બુટ્ટાદાર સાડી પહેરી. રાણુએ મને વાતમાંને વાતમાં ખબર આપી કે સુધાચંદ્રના નાટકમાં "સુધા"એ આવી સાડી પહેરી હતી તે જોઇને તે આ સાડી અઢીસો રૂપીઆમાં ખરીદી લાવી હતી. મારા ગળામાં રાણુએ છેક કમ્મર સુધી લટકતો સોનાનો હાર નાખ્યો. હાથની કાંડી પર બબ્બે મોતીની બંગડીઓ પહેરાવી અને સાથે રીસ્ટવોચ પણ બાંધ્યું. વસ્ત્રાલંકાર સજી મેં કબાટના આયનામાં મારૂં મ્હોં જોયું. તે જોતાં હું મારીજ જાતપર મોહી પડી. મારી સુંદરતા હજુ આવી કામણગારી હશે એવું મને ભાન પણ ન્હોતું.

"મરીઅમ! તું એવી ખુબસુરત લાગે છે કે, જો હું મરદ હોત તો તનેજ પરણવાના સોગન લેત..." રાણુ મારા ગાલપર ધીમો તમાચો મારી લાડ કરતી બોલી.

"જાઓ...એવું શું બોલો છો? રાણુ બ્હેન! આપણે બધી પહેરી ઓઢીને બેઠી છીએ તે કયા ફરવા જવું છે?" મેં સ્વાભાવીક રીતે સવાલ પુછ્યો.

"તું કહે ત્યાં ફરવા જઇએ." રાણુએ મોહક હાસ્ય સાથે જવાબ આપ્યો. બીજી રમણીઓ પણ હતી.

ઘડીબાળમાં સાડા આઠનો ટકોરો થયો ને અમારા ઘર આગળ એક મોટર ઉભી રહી. દાદર પર ઘંટડી વાગી. રાણુ અને બીજી છોકરીઓ ડાહીડમરી થઇને બેસી રહી. હું રાણુની પાસેજ બેઠી હતી. બે ત્રણ પળમાં દાદર પર ધમધમ બુટ પછાડતા ત્રણ જુવાનો ઉપર

અહીં આવ્યા. ત્રણે બાપ લાખ ચાળીશના દીકરા હતા. તેઓના ખીસ્સામાં બાપકમાઇનો વારસો ખનાછન થતો હતો. રાણુએ મને અર્થસુચક આંખ મારી. હું દુનીયાના ઘણા રંગ જોઇ ચુકી હતી. હવે હું પહેલાંના જેવી તદ્દન બીનઅનુભવી ન્હોતી. રાણુના ઘરના રંગઢંગ અને આ જુવાનોનું આગમન થતાંજ મારી આંખ ઉઘડી. રાણુ અમીરજાદી ન્હોતી પણ ભયંકર વેશ્યા હતી અને તેના વીલાસ મંદીરમાં મારી સુંદરતાનું લીલાંઉ કરાવવા માટે ગફુર મને અહીં વેચી ગયો હતો. એ ખ્યાલ આવતાંજ તે નીચ, અધમ, બદમાશ ગફુર પર મને સખત ધીક્કાર આવ્યો. હું નાત, જાત ને ધર્મથી ભ્રષ્ટ થઇ હતી. પણ વેશ્યાવૃતિના શયતાની ધંધામાં પડવા જેટલી અધમ થઇ ન્હોતી. રાણુએ પાંચસો રૂપીઆ ગફુરને શા માટે આપ્યા હતા તે હું હવે સમજી. એ રૂપીઆ મારી કીંમત હતી. મારૂં જોબન વેચી રણુ શ્રીમંત થવા માંગતી હતી, અને એટલા માટેજ તેણે મને કીંમતી વસ્ત્રાલંકારો સજાવી ઢીંગલી જેવી શણગારી હતી.

પેલા ત્રણ જુવાનો જરાપણ શરમાયા વીના ટેબલની આસપાસ ગોઠવાઇ ગયા બે બગદાદી રમણીઓ તેઓની પાસે ખુરસીપર બેસી સીગરેટ ઉડાવવા લાગી. પણ પેલા જુવાનોની નજર મારા પર હતી. મને શરમ ઉપજી—મારી જાત પર ધીક્કાર ઉપજ્યો—દગાબાજ ગફુરને હું ગાળો દેવા લાગી. એ હરામખોર મુસલમાન મને પોતાનું પેટ ભરવા માટે આ જાલીમ વેશ્યાને ત્યાં વેચી ગયો, એ ખ્યાલથી મારૂં લોહી ઉકળી આવ્યું! માણસ માણસમાં પણ કેટલો ફેર હોય છે! ઇસ્માઇલ અને ગફુર બંને મુસલમાનો હતા, પણ એકે મને સગી બ્હેન જેવી ગણી, ત્યારે બીજાએ મને વેચી નાંખી.

"રાણુ! આ પરીજાદી કોણ છે?" એક જુવાને મારા તરફ આંગળી તાકી રાણુને પુછ્યું.

"મારી બ્હેન છે સાહેબ! આજેજ દેશમાંથી આવી." રાણુએ જરાપણ સંકોચ વીના જવાબ આપ્યો.

"એમ! તમે અહીં બેસોને?

રાણુ મારો હાથ પકડી ટેબલ આગળ લઇ ગઇ. મારી મનોદશા ભયંકર થઇ ગઇ. હું મુદ્દ જેવી ખુરશી પર બેઠી.

"શું પીશો? બીર કે બ્રાંડી?" પેલા જુવાને-(તેનું નામ જમનાદાસ હતું) પુછ્યું.

"બીર કોણ પીએ! શેરી અથવા પોર્ટ મંગાવોને!" રાણુએ જવાબ વાળ્યો.

"તું કહે તો શેમ્પેન મંગાવું!–" જમનાદાસ ગજવામાં હાથ નાંખી વીસ રૂપીઆની નોટો કાઢી બોલ્યો: "લે, જે જોઇએ તે મંગાવી લે–" કહી તેણે કપાલ પર તાણેલું અઢી ઈંચનું પુષ્ટિમાર્ગનું લાંબુ ટીલું રૂમાલથી લુંસી નાખ્યું.

પ્રકરણ ૧૫ મું.

આશક નંબર થ્રી.

જમનાદાસ પરમ વૈષ્ણવ બાપનો બેટો હતો. દીવસે તે વેશ્યાઓને જોતાં બસો બાવન ગાઉ દુર નાસી જતો—આખો દીવસ કપાળ પર અઢી ઈંચનું ટીલું તાણી ફરતો અને જય શ્રીકૃષ્ણ જય શ્રીકૃષ્ણ કહી વૈષ્ણવોને બોલાવતાં તેની જીભ થાકતી નહી. ઢેઢ કે ભંગીને અડકતાં તે માથાથી પગ સુધી પાણી રેડયા વીના જંપતો નહી. પણ આ બધી દીવસની ધર્મક્રિયાઓ હતી. રાતે તે ધર્મદેવને લાત મારીને બાર જોજન દુર મોકલી દેતો ને રાણુના રંગભુવનમાં જરાપણ સંકોચ વીના દારૂ પી ઢેં થઇ જતો. રાણુને ત્યાં નાત જાતને ધર્મ જેવી બલાઓ રહેતીજ ન્હોતી. પ્રભુને મન સર્વ સરખા છે તેમ રાણુને ત્યાં બધા એકજ નાતના મનાતા. પેલી ઢેડી હમણાં બનીઠનીને જમનાદાસના જમણા હાથપરજ બેઠી હતી પણ અત્યારે જમનાદાસનો પુષ્ટિ માર્ગ ઢેઢીને અડકવામાં તો શું પણ તેના ચુંબન રસનો સ્વાદ લેવામાં પણ વાંધો જોતો ન્હોતો. ટુંકમાં તેનો ધર્મ દંભ હતો. તેના ઇશ્વરનું નામ દંભ હતું. અરે! તેનું આખું જીવન દંભ હતું!

થોડીવારમાં જમનાદાસના હુકમ મુજબ શેમ્પેનની બાટલી આવી લાગી અને બધા લાલ પાણીના બહારમાં મસ્તાન થવા લાગ્યા. બધાની આંખો ધીમે ધીમે લાલ થવા લાગી મેં પહેલાં તો ના પાડી પણ આ શયતાનોની ટોળીમાં હું સતી થવાનો ડોળ કરૂં તે ચાલે તેમ ન્હોતું. મારે પણ શેમ્પેનની પ્યાલી ખાલી કરવી પડી. અને લાલ પાણી

પેટમાં જતાંજ હું વીફરી. હવે હું ભયંકર બંડખોર બની. સમાજ સામે તો હું ક્યારનો વીદ્રોહ કરી ચુકી હતી. હવે આ જગતમાં મારૂ કોઇ ન્હોતું જો હું પવીત્ર રહી હોત તો દુનીઆ મારા ભાવ પણ ન પુછત. હું રોટલાના ટુકડા માટે પારકાની મહોતાજ થઇ કુત્રરાને મોતે મરી જાત. મને ઇશ્વરે રૂપ અને યૌવન આપ્યું હતું. એ પરમ યૌવનના પ્રકાશમાં હૈયા ફુટા વીલાસીઓને આંજી નાંખી તેઓ પાસે ગુલામી કરાવવાની મેં પ્રતીજ્ઞા લીધી. હવે મારે લાજ શરમ કે ધર્મ કર્મ સાથે સંબંધજ રહ્યો ન્હોતો. સમાજે મને નીર્દયતાથી ફેંકી દીધી હતી. સમાજ મને સંઘરવાને તૈયાર ન્હોતી તો પછી એ સમાજને પગે લાગવાને બદલે એજ સમાજના "આબરૂ વાંભલાઓ"ને વાંદરાની પેઠે નચાવવામાં શું ખોટું? આવા વીચાર કરી મેં રાણુની પેઠેજ રંગીલા બદમાસો સાથે ચેનચાળા કરવા માંડયા.

જમનાદાસ ત્રણ ચાર પ્યાલી ઉડાવતાંજ ઠેં થઇ ગયો.

"મરીઅમ!...તારી ખુબસુરતી ગજબ છે!"

હું હસી. જમનાદાસ વધુ પાગલ થયો.

"તારા જેવી પરી માટે હું જાન આપવા તૈયાર છું."

"નહી. નહી. જાન બાન નહી આપતા, નહી તો હું રખડી જઇશ." રાણુએ કટાક્ષ કર્યો. "શેઠ! એ તો મારી બેન છે. ઘર ગૃહસ્થી છે."

"એ...મ? ત્યારે...."

"એનો ધણી બે ચાર દીવસમાં અને તેડવા આવશે."

"અફસોસ!"

"કેમ અફસોસ કરો છો? તમે કંઇ એનું જીંદગી સુધી પુરૂ

કરવાના હતા ? તમે તો ફરતા રામ-જાણે અહીં ને કાલે વહીં-" રાણુએ જમુનાદાસને બનાવવા માટે જાળ પાથરવા માંડી.

"રાણુ ! મરીઅમને હું જીંદગી સુધી પાળવા તૈયાર છું..."

"શાબાશ! આશક હોજો તો તમારા જેવાજ હોજો! હવે મેં તેને નયનના તીરથી ઘાયલ કર્યો.

"મરીઅમ! બોલ તું મારી થશે ?"

"હા. પણ મારો ધણી..."

"તેને છોડી દે."

"પણ તે તલ્લાક આપે તો ને ?

"તું તેને તલ્લાક આપી દે..." જમનાદાસ લહેરમાં હતો.

"જુઓ જમનાદાસ શેઠ !" રાણુએ કહ્યું: "મારો અવતાર તો ભલે બગડયો, પણ હું મરીઅમનો અવતાર બગાડવા માંગતી નથી.

"હું એને જુદા ઘરમાં રાખીશ, એને માટે એક બંગલો ભાડે રાખીશ."

"તમે બધું કરશો, પણ એનો ખાવિંદ એને તલ્લાક શી રીતે આપશે ?"

"પૈસાથી-રાણુ ! પૈસાથી ! પૈસા આ દુનીઆની જડીબુટ્ટી છે. પૈસાને માટે ધણી ધણીઆણીને વેચી નાખે છે, દીકરો બાપનું ખુન કરે છે, મા દીકરાને ઝેર આપે છે. જર ચાહે સો કર ! હું મરીઅમને મેળવવા માટે એના ધણીને મનાવી લેવાને તૈયાર છું."

"કેટલાક આપશો શેઠ ?"

"તે માગે તેટલા ! હજાર-બે હજાર..." જમનાદાસ શરાબની ધુનમાં ગમે તેમ પાયમાલ થવાને તૈયાર થયો.

"શું મરીઅમની કીંમત હજાર બે હજારની છે?" રાણુ ગુસ્સે થઈ: "અરે જાઓ શેઠ દાદર ઉતરો—હજાર બે હજારના તો હું પાન ચાવી જાઉં છું..."

"ગુસ્સે શા માટે થાય છે? ત્રણ હજાર–પાંચ હજાર!..."

"વારૂ—મરીઅમનો ધણી એના પરથી હાથ ઉઠાવી લે પછી મરીઅમનું શું."

"મહીને પાંચસો..."

"એટલા બધા? શું તમે મશ્કરી કરવા આવ્યા છો? અરે! મીયાં! પાંચસો રૂપીઆની એક સાડી તો બે વાર પહેરીને હું નોકરડીને આપી દઉં છું..." મેં વાતમાં પાનો ચઢાવવાની જરૂર જોઈ.

"જીવતી રહેજે દીકરી!..." રાણુ મારા પર ખુશ થઈ ગઈ: "હશે, જમનાદાસ શેઠ આપણા ઘરના માણસ છે. જુઓ શેઠ! તમારી પાસે હું હાથી ઘોડા માંગતી નથી. પણ પહેલાં સાત હજાર ને પછી મહીને એક હજાર આપવા પડશે."

"જો રાણુ?..." શાસ્ત્રી જરા ચમક્યોઃ "હમણાં મારા બાપા મારા પર ઘણી સખતાઈ રાખે છે. એટલા બધા રૂપીઆ હું ક્યાંથી લાવું?"

"તો તમારી મરજી શેઠ! હું ક્યાં તમારે પગે પડવાં આવું છું? કાલે પેલા વંદ્રાવન બે હજાર આપવા આવ્યો, તેને મેં ના પાડી અને તમને ઘરના જાણી હજાર કહું છું તે વધારે પડે છે? મારી મરીઅમ તો કોઈ રાજા કે નવાબને ઘેર બેસશે સમજ્યા?

"નહી. નહી. રાણુ! તું એવી વાતજ ન કર. મરીઅમ પર મારો જાન ફીદા થયો છે. હું મરીઅમને મારી બનાવવા માટે તું કહે તે

આપવા તૈયાર છું." કહી તેણે ખીસ્સામાંથી એક બુક કાઢી, અને સાત હજારનો એક લખી રાણુના હાથમાં મુકયો.

"હવે મરીઅમ ને તમે મીયાબીબી થઇ ચુકયાં! જમનાદાસ શેઠ! તમે ખરા ભાગ્યશાળી છો હો!"

"મારા જેવો ભાગ્યશાળી છે કોણ? તારા ઘરમાં મેં હજારે ખરચ્યા છે તો આટલા વધારે."

"રાણુએ તેને નીશામાં ચકચુર કરવાને તેની પ્યાલીઓ ભરવાનું ચાલુજ રાખ્યું હતું. ફક્ત બે ત્રણ કલાકમાં હું આ રંગભુવનની આલાકીથી પાવરધી થઇ ગઇ. મારી બધી સાહેલીઓ થોડું થોડું પીતી હતી, પણ પોતાની પાસે બેઠેલા રંગીલાના ગ્લાસ ભરેજ જતી. રાતે બાર વાગાને શુમારે તો ત્યાં શયતાનનો નાચ થતો હોય તેવો દેખાવ થઇ રહ્યો. બધાએ લાજ શરમને તીલાંજલી આપી દીધી, અને એક બીજા સાથે ગમે તેવા અડપલાં થવા લાગ્યા. પ્યાલી પર પ્યાલી ભરાતી અને ખાલી થતી-કોઇ ગાયન ગાતું-કોઇ બીભત્સ ભાષામાં દીલના ઉભરા ખાલી કરતું-ફક્ત હું અને રાણુજ શુદ્ધિમાં હતાં.

જમનાદાસ તે રાતે ત્યાંજ રહ્યો અને તે મારો ત્રીજો ગ્રાહક થયો.

પ્રકરણુ ૧૬ મું.

મણી પાછી સુરત આવી !

હું જમનાદાસની માશુક થઈ તે પછી મુંબઈના શયતાની વેસ્યા વાડાની અનેક ભયંકર બાબતો મારી જાણમાં આવી. રાજુ એક જાતની વેપારી પેઢીજ ચલાવતી હતી. ગામેગામ તેના એજન્ટો હતા. કોઇ વીધવા ગભવતી થઈ હીંદુ સમાજમાં કલંકિત થતી તો તેને રાજુના બદમાસ એજન્ટો આશરો આપવાને બહાને લઈ આવતા. કોઈ સ્ત્રી મુંબઈના રસ્તા પર ભુલી પડતી તો તેને ઘેર પહોંચાડવાનો પરમાર્થ કરવાને રાજુના મીયાંઓ તૈયારજ રહેતા. એવી અસંખ્ય ભોળી સ્ત્રીઓ આ પીશાચના અડ્ડામાં પાયમાલ થઈ હતી. દરેક સ્ત્રીની કમાણીમાંથી રાજુ અરધો ભાગ લેતી અને જો કોઇ ખુબસુરત સ્ત્રી આ પાપી ધંધો છોડી મહેનત મજુરી કરી ગુજરાન કરવા તૈયાર થતી તો એ બદમાસ દલ્લાલાના નીચ મવાલીઓ તે બીચારીને જાનથી મારી નાંખવાને પણ અચકાતા નથી. ×

× મુંબઈની હાઇકોર્ટની સેશન્સમાં ગંગા નામની વેશ્યાનું ખુન કરવાનો એક કેસ ચાલતો હતો તેમાં એવી હકીકત બહાર આવી હતી કે ગંગા રોગી થયા પછી તેની દુષ્ટ ઘરવાળી તેને રોજ વીસથી ત્રીસ માંણુસો પાસે બલાત્કારે મોકલતી હતી. આ નારકી ત્રાસથી ત્રાસી ગંગા તેના ઘરમાંથી નહાસી ગઈ હતી તેથી તેણે મવાલીઓ પાસે તેનો નીર્દય માર મરાવી મારી નાંખી હતી. આ ગોઝારી દલાલણને જન્મ દેશનીકાલની અને ગંગાને લોખંડના સળીઆ મારનાર મવાલીને ફાંસીની સજા થઈ હતી. (મુંબઈની સરકારે વેસ્યાવાડાની તપાસ કરવા નીમેલી "પ્રોસ્ટીટયુશન કમીટી" ના રીપોર્ટમાંથી આ બીના લેવામાં આવી છે.)

"મારી લંબાણુ કરમકથા સાંભળી તમને જાતજાતની લાગણી થઈ હશે. હું હિંદુ સમાજની કાલી બાજુ ઉઘાડી પાડી હિંદુઓને બદનામ કરૂં છું એમ કોઇને લાગ્યું હશે. પણ મારો હેતુ કોઇને બદનામ કરવાનો નથી. હિંદુ સમાજનો કિલ્લો ક્યાંથી નબળો છે તે હું મારા કિસ્સાથી બતાવવા માંગું છું. હીંદુઓ દયા ધર્મના ઉપાસક છે. તો શું તેઓને અમારી વીધવા જાતીની દયા આવતી નથી? વીધવાને પુનર્લગ્નની રજા આપતાં અમારા ધર્મગુરૂઓ અને દંભી શાસ્ત્રીઓ છાતી માથા કુટવા મંડી જાય છે, પણ એજ ધર્મગુરુઓ મારા જેવી વેશ્યાને ત્યાં વાંદરા પેઠે નાચતા શરમાતા નથી.

"રાજુને ત્યાં મેં જાતજાતના નંગો જોયા. એક મહારાજ રોજ ભકતો અને ભકતાણીઓ પાસેથી ભેટ એકઠી મંદિરની તીજોરી ભરતો અને રાતે તેજ ધમગુરૂ છૂપા રીતે રાજુના મહેલમાં પાશવ વીલાસની લજ્જત લેવા આવતો. એક સનાતની શાસ્ત્રી જ્યોતિષનો ધંધો કરતો હતો. રૂના વેપારીઓને તે તેજીમંદીની રૂખ મહિને સોથી પાંચસો રૂપીઆ લઈ આપતો. એકકા દુગ્ગા કાઢવામાં પણ તે પાવરધો હતો. દશ ઘરાકને તે દશ આંક કહેતો અને જેનો આંક ખરો પડતો તે આ જોશી બાવાની ઢોલકી વગાડતો. આ જોશીએ લોકોને ધુતીને લાખેક રૂપીઆ !! દોલત કરી હતી. દીવસે તે મૃગચર્મ પર પદ્માસન વાળી બેસતો—કોઈ સાથે સીધી વાત કરતો નહિ—જાણે બ્રહ્મ સાથે તદાકાર થઈ ગયો હોય તેવો ડોળ કરતો—પણ એજ માણસને રોજ રાતે બ્લેક એન્ડ વ્હાઇટની આખી બાટલી પેટમાં પધરાવ્યા વિના ઉંઘ આવતી નહિ. રૂના વેપારીઓને ઠગીને તે એક વેશ્યા રાખી બેઠો હતો. અને તેની વેશ્યા મોટરમાં મહાલતી હતી. આવા અનેક બદમાસો મેં જોયા. તેઓ દીવસે

મોટા પ્રતીષ્ઠીત ધર્માત્મા ગણાઇ માથાપર પાંચશેરીઆ પાઘડા પહેરી ફરતા. પણ રાતે તેઓ નર્યા વાંદરા થઇ જતા.

"જમનાદાસ મારી સાથે ૭ મહિનામાં ખુવાર થઈ ગયો. મને તેના પર જરા પણ પ્રેમ ન્હોતો. રૂપ અને જોબનનું છડેચોક લીલાંઉ કરવા બેઠેલી સ્ત્રી પાસે પ્રેમની આશા રાખવીજ નકામી છે. વેશ્યાઓ પોતાની પાછળ ખુવાર થનારા ઉલ્લુઓને કદી ચાહતી નથી. તેના યારો મવાલી હોય છે. રાણુ જેવી જમાના ખાધેલ સ્ત્રી પણ એક મવાલીપર આશક્ત હતી. અને રાણુનો યાર યાકુબ તેને માર મારી પૈસા પડાવી જતો છતાં રાણુને તેના વિના એક દિવસ પણ ચાલતું નહિં. હું તો પ્રલયની આગ જેવી થઇ ગઇ હતી. મારામાં લાગણી ન્હોતી—હૃદય ન્હોતું—સમાજની આધુનિક રચનાપરના અસમાન્ય તિરસ્કારને લીધે મારી જાળમાં જે જે ફસાતા તે બધાને દેવાળાં કાઢાવવાની ઈચ્છાજ મારા મનમાં તરવરી રહી હતી. જમનાદાસના ખીસા ખાલી થયા પછી તે નફ્ફટ ચાર એક બે વાર મને મળવા આવ્યો અને મેં તેને ગાળ દઈ હાંકી કાઢ્યો. તેના પછી રેસના ઘોડા દોડાવનાર જમશેદજી નામના પારસી સાથે મારૂં પાનું પડ્યું. આ પારસીબાવા શનીવારે બપોરે નાચતા કુદતા મહાલક્ષ્મી દોડતા અને કોઈવાર કમાઈને આવતા તો રાતે ગાનતાન ઉડતા ને ગુમાવીને આવતા તો જાણે એવણના બાવાજી આજેજ ભસ્તે ગીયા હોયની તેમ દીવેલીઆ ઢાચું કરી પધારતા! બાવાજી બહુ ખુશ થઈ જતા ત્યારે મને "દીકરી" કહી બોલાવતા અને હું મશ્કરીમાં તેને "બાવાજી" કહેતી! આ "બાવાજી"ના ઘોડા તો બેજ મહીનામાં ઠંડા થઈ ગયા અને હું નવા ઉલ્લુની શોધમાં હતી એવામાં મારા આખા શરીર પર ગરમીના રોગના ચાંઠા ફુટી નીકળ્યા. જમના—

દાસ અને જમશેદજી પાસેથી મેં પચીસ ત્રીસ હજાર લુંટયા હતા. છતાં રાજુએ આવી સારવારમાં કરકસર કરવા માંડી. રોગ ભયંકર હતો. મારી ખુબસુરતીનો હંમેશ માટે નાશ થઇ જશે એવો મને ભય ઉપજ્યો. મેં મારા પૈસા માંગ્યા. પણ પૈસા માંગતાંજ રાજુ વીફરી. તેણે મને કટેક કટેક ગાળ દઇ મને એક પાઇ પણ આપવાની ના પાડી. ને હવે હું તેના રંગભુવન માટે ઉપયોગી નહતી તેથી તે નિર્દય રાક્ષસીએ મને મવાલીઓ પાસે ધક્કા મરાવી રોગી હાલતમાંજ ઘરમાંથી બહાર હાંકી કાઢી.

"ઓ ભગવાન હવે મારા શા હાલ થશે? હવેજ મને મારા પાપનું ભયંકર ફળ મળવા લાગ્યું. જે સ્ત્રીઓ મારી સુંદરતાની અદેખાઇ કરી બળી મરતી હતી તેજ મારી મશ્કરી ઉડાવવા લાગી. હાથ, પગ, મ્હો, છાતી, વાંસા સઘળે ગરમીના ભયંકર ચાંઠા ઉભરી આવ્યા હતા અને તે પાકવાને લીધે આખા શરીરમાંથી અસહ્ય બદબો મારતી હતી. રસ્તે ભીખારણ હાલતમાં અશક્તિને લીધે આમ તેમ અથડાતી હું ચાલી. કોઇને મારી દયા ન આવી, લોખંડી સળીયાની પાછળ પુરાયલી હલકટ વેશ્યાઓ પણ મારા તરફ આંગળી બતાવી મારી ક્રૂર મશ્કરી કરવા લાગી. એક મવાલીએ આ દારૂણ વખતમાં સહેજ દયા બતાવી ને તે મને હોસ્પીટલમાં મૂકી આવ્યો.

હોસ્પીટલમાં હું બે મહીના રહી. ડોકટરોએ મને સાજી કરવા ઘણી મહેનત લીધી. પણ મારી ખુબસુરતી પાછી નજ આવી. રોગ ઓછો થયો પણ આખા શરીરપર ગરમીના ભયંકર ચીન્હો રહી ગયા. હોસ્પીટલમાંથી બે મહીના પછી મને રજા મળી. હવે ક્યાં જવું? ખાવું શું? મોટો સવાલજ ટૂકડા રોટલાનો હતો. હું ચોપાટીપર ભીખ

માંગવા ઉભી રહી. કેટલાંકોએ મારા હાથમાં પાઈ પૈસો મુકયો. પણ મારાથી ભીખ માંગતા વધુ વાર ઉભું ન રહેવાયું. મેં સોના રૂપાને ઠોકરે માર્યા હતા. આજે હું પાઈ પૈસો ભીખ માંગવા ઉભી રહી એ ખ્યાલથીજ મને તમ્મર આવ્યા અને પ્રચંડ નીરાશાને લીધે હું બેભાન થઈ રેતીમાં તુટી પડી.

હું જ્યારે જાગી ત્યારે એક મકાનમાં બિછાના પર પડી હતી, અને મારી પથારી પાસે બેસી એક આધેડ ઉમ્મરનો પુરૂષ મારી સારવાર કરતો હતો. મારી આંખ ઉઘડેલી જોઈ તેને સંતોષ થયલો જણાયો. તેનું નામ રામશંકર! તે દેશી વૈદ હતો. તેણે મને દવા આપી તદ્દન સાજી કરી. મારા શરીરના બધા ડાઘ ઉડી ગયા. મારી ખુબસુરતી પાછી ચમકવા લાગી. પણ હવે હું શરીર વેચવા માંગતી ન્હોતી. હવે તો સુરત જઈ મહેનત મજૂરી કરી, ગમે તેમ પેટ ભરવાનો મેં વિચાર કર્યો. રામશંકરને મેં મારી બધી વિતક વાત કહી, અને તેણે મને સુરત આવવા માટે વીસ રૂપીઆ આપ્યા. હું તેનો આભાર માની તેજ દિવસે સુરત આવતી ટ્રેનમાં બેસી ગઈ.

પ્રકરણ ૧૭ મું.

મણીનું નવું ઘર !

સુરતમાં આવી હું સૌથી પહેલાં રસિકને ત્યાં ગઈ. મને અચાનક ફૂટી નીકળેલી જોઈ રસિક તો આભોજ બની ગયો. બે વર્ષથી હું સુરતમાંથી ગુમ થઈ ગઈ હતી અને રસિક તો કદાચ મને મરેલીજ માની લીધી હશે. આરામ ખુરશીપર બેસી તે "સમીસાંજ" વાંચતો હતો. તેનો દોઢેક વર્ષનો છોકરો પાસે બેસી રમકડાં ભાંગવાનું સાહસ કરતો હતો. તેની પત્ની થોડેક દુર બેસી રૂમાલ ગૂંથતી હતી.

"મણી ! તું અહીં ક્યાંથી ?" રસિકે જેમ તેમ સ્વસ્થ થઈ કંઇ બોલવું જોઈએ એમ ધારી કહ્યું. તેની સ્ત્રી અણગમાથી મારા તરફ ડોળા ફાડી રહી.

"કેમ ? મને તમારે ઘેર આવવાનો પણ હક્ક નથી ? તમે મને ઓળખતા નથી ?" હું તેની બેદરકારીથી ગુસ્સે થઈ બોલી. હવે રસિક કે કોઈ બીજાને માટે મારા દીલમાં જરા પણ લાગણી ન્હોતી. જમાનાના રંગ જોઇને હું પાવરધી બની હતી. રાણુના વેશ્યા ભવનમાં હું નારી મટી નાગણ થઈ ગઇ હતી. અને હવે હું મારૂં રૂપ વેચીને પેટનો ખાડો ભરવા માગતી ન્હોતી છતાં રસિકની દગાબાજી હું ભુલી ન્હોતી.

"રસિકલાલ ! હું મારા પૈસા માગવા આવી છું. હવે હું પહેલાંની જેવી સાદી ભોળી હેતાળ મણી નથી. હવે હું જગદંબા થઈ છું. સીધા સીધા રૂપીઆ તોલી દો..."

"નહિ તો..."

"નહિ તો તમારા ઘરને આંગણે બેસી હું તમારી કીર્તિની ગાથા ગાઇશ—લોકોને ભેગા કરીશ—તમારી આબરૂની ધુળધાણી કરી નાખીશ."

"મારી આબરૂ તો બધા જાણે છે. ઉલટી તુંજ બદનામ થશે." રસિક મને ઉડાવવા માંડી, પણ તે હું કેવા ભયંકર અનુભવો લઈ ચુકી હતી તે જાણતો ન્હોતો.

"તમે મારા પૈસા આપવાની ના પાડો છો? અરે હરામજાદા! તારી બ્હેનની મીલકત હજમ કરી જતાં શરમ નથી આવતી! લાવ-પૈસા લાવ નીચ—કામી કુતરા! તારા જેવા બદમાસ પાસે હું મારા જુતા સાફ કરાવીશ ત્યારેજ જંપીશ." હું આવા ગૂસ્સાથી બરાડી કે, પાપી અને દગાબાજ રસિક થરથર ધ્રુજવા લાગ્યો.

"મણી! બહુ ફાસ્ટ ન જા..." તે જેમ તેમ બોલ્યો.

"ફાસ્ટ નહિ જાઉં? કેમ! તમારી કે તમારા બાપની હું ઓશી-યાળી છું? તેં મને ભ્રષ્ટ કરી—ફસાવી—દગો દીધો અને ઉપરથી મારા પૈસા હજમ કરી મને કંગાળ વેશ્યા બનાવી..."

"શું વેશ્યા?"

"હા. વેશ્યા! તારા પાપે હું મુસલમાની થઈ અને આખરે અનીતિનો ધંધો કરી મેં પેટ ભર્યું! તારા જેવા કહેવાતા "ધર્મિષ્ઠ હીંદુઓ"નું સત્યાનાશ જજો! તમે વિધવાઓને જાળમાં ફસાવો છો ને પછી બીડીના ઠુંઠાની પેઠે ફેંકી દો છો! રાંડીરાંડોના પૈસા ખાઈ તમારા જેવા બદમાસો માથા પર મોટા પાઘડા પહેરી, નાણાવટમાં મોટા વેપારી ગણાઓ છો, પણ બદમાસ! હું તને આખા સુરતમાં અરે! આખી દુનીઆમાં ખુલ્લો પાડીશ."

તે ખરેખર ગભરાયો. મને તો શરમ હતીજ નહિ. એ નીચ બદમાસેજ મારા પૈસા હજમ કરી મને પરધર્મમાં વટલવાની ફરજ પાડી હતી. મારા કંગાળ વેશ્યા જીવન માટે પણ એક રીતે એજ જવાબદાર હતો. તેના પરનું મારૂં આગલું વ્હાલ સૂકાઈ ગયું હતું, અને તેની જગ્યા વેરે લીધી હતી.

"તારા કેટલા પૈસા છે?" તેણે થોડીવાર વિચાર કરી પૂછયું.

"તને ખબર નથી? ત્રણ હજાર રૂપીઆ તો તું એકઠી વખતે લઇ ગયો હતો! પછી પચાસ ને પચીસની રકમો કેટલીવાર ઓકાવી ગયો તે તું જાણે! મને મૂખીને તે વખતે તારા પર વિશ્વાસ હતો, એટલે મેં હિસાબ પણ ન રાખ્યો—"

"જો મણી! તું બુમાબુમ ન કર મારી પાસે હમણાં એક હજારની સગવડ છે તે લઈ જા. તારા પૈસા હું ખાઇ જવા માંગતો નથી. હું ધીમે ધીમે તારા બધા પૈસા વ્યાજ સીક્કે ભરી દઇશ." રખેને હું ગોધીઆરૂં કરીને તેની આબરૂના કાંકરા કરી નાંખીશ, એવા ભયથી ડરીને તે હજાર રૂપીઆ આપવા તૈયાર થયો. પત્થર તળે આવેલો હાથ કળે કળે કાઢી લેવાની મને અક્કલ હતી. મારી પાસે હાલમાં કંઇજ દોલત ન હતી. રામશંકર વૈદના વીસ રૂપીઆમાંથી પંદર રૂપીઆ બાકી હતા. રસિક પાસેથી હજાર રૂપીઆ મળશે, તો મને હાલમાં ડટોકટીમાં ખપ લાગશે એવો વિચાર કરી મેં કહ્યું: "લાવ—હજાર રૂપીઆ હમણાં લાવ—બાકીના ક્યારે આપશે?"

જવાબ આપ્યા વિના તે ઉભો થયો, અને બાજુના ઓરડામાં જઇ પેટીમાંથી હજાર રૂપીઆની નોટો લઈ આવ્યો. મેં નોટો લઇ

લીધી, અને પંદર વીસ દિવસમાં બીજા પૈસા ભરી દેવાની ધમકી આપી તેના ઘરમાંથી હું બહાર નીકળી.

"તેજ દિને મેં લીંમુશેરીમાં ઘર ભાડે રાખ્યું. હું જે ઘરમાં ભાડે રહી તે એક કણબીનું ઘર હતું! એ સેઉઆ કણબીનું નામ નાથુભાઈ! નાથુભાઈના ઘરમાં બે બૈરી હતી. એક નવી ને બીજી જૂની! જૂનીનું નામ મંછી હતું. નવી "નવી"ના નામેજ ઓળખાતી! નાથુની ભાગોળ પર તમાકુની દુકાન હતી, અને ચરોતરને પ્રણામ કરીને સુરત વસાવી તેનાં બાપદાદાએ લીંમુશેરીમાં ઘરબાર વસાવ્યા હતા. હિંદુ ધર્મ માટે નાથુ મરી પડતો. હિંદુ ધર્મની શ્રેષ્ટતાની વાતો કરતા તે ધરાયો ધરાતો નહિ. કોઈ છાપામાં ધર્માંધ સનાતની હિંદુઓની પોલ ખોલવામાં આવતી, તો નાથુ તમાકુવાળો લાલ પીળો થઈ જતો, અને તે છાપાના તંત્રી પર હીચકારાની પેઠે નનામા કાગળો લખીને તે હિંદુ ધર્મની સેવા બજાવતો! નાથુએ પોતેજ મને પોતાને મ્હોડે આ બધી વાત કરી હતી. હિંદુ સ્ત્રીઓ સતિ સીતા, દમયંતિ અને દ્રૌપદી જેવીજ રહેવી જોઇએ એવી તેની ખાસ માન્યતા હતી. તેને રામચંદ્ર જેવું એક પત્નિવ્રત પાળવાની જરૂર જણાતી ન્હોતી. સ્ત્રી તો માટીનું વાસણ! કાઠનો સ્પર્શ થાય એટલેજ અભડાઈ જાય! પણ પુરૂષ તો ત્રાંબાનો લોટો! રાખથી માંજી નાંખ્યો એટલે પાછો પવિત્ર! આવી નાથુ તમાકુવાળાની ફીલસુફી હતી. ભાગોળ પર બેસી તે મોંઘા-દાટ ભાવે તમાકુ ને તપખીર વેચતો. ઘરાક સાથે રામ ને કૃષ્ણના સોગન ખાઈ દશ ભાવ કરતો. રૂપીઓ આપી કોઈ બાકીના પૈસા લેવાનું ભૂલી જાય તો તે હજમ કરવામાં તેનો હીંદુ ધર્મ જરા આડે આવતો ન્હોતો. સવારે આઠ વાગે ઉઠી ઓટલે બેસી દુધવાળીઓના ડાચાં જોતાં

જોતાં દાતણ કરવાનું નાથુભાઇને બહુજ ગમતું. દંતધાવન અને શૌચ કર્મથી પરવારી નવીના હાથની મીઠી મીઠી ચાહ પી તે માથા પરથી એક ઘડો નાંખી ગંગા સ્નાન થયલું માની લેતા અને ડગલો પાઘડી પહેરી તમાકુ વેચવા સીધાવતા. રાતે ઘેર આવતાંની સાથે તે હીંદુઓની તારીફ કરવા માંડતા અને મુસલમાનોને ગાળો દેતા. એક હીંદુ છાપાના ફંડમાં તેમણે રોકડા સવા અગીઆર રૂપીઆ ભરી આપીને પોતાની દાનવૃતિની ભમરડા જેવડા અક્ષરે જાહેરાત કરાવી હતી.

તેમનો પંથ કયો હતો તે મારાથી કળી શકાયું નહી. એક દહાડો રામાનુજીનું ધોળું ટીલું તાણતા, તો બીજે દિને પુષ્ટીમાર્ગનું લાંબું લાલ ટીલું ચીતરતા. કોઈ વખત તેમને બાબરી ઓળી ઝીણી ટીલડી કરી એક્કામાં બેસી નવી સાથે અશ્વનીકુમાર પર ફરવા જવાનો પણ શોખ હતો.

આ નાથુ કણબીની ઉમ્મર પીસ્તાળીસેક વર્ષની હતી. શરીર રૂષ્ટ પુષ્ટ હતું. પણ પેટની ફાંદ જરા વધી ગઈ હતી. નાક નાનું અને અણીયાળું હતું. આંખો જરા ચુંચી હતી. મ્હોં અને હડપચીનો ભાગ એક બીજા સાથે મળી ગયા હતા. ગરદન ટુંકી અને જાડી હતી. આવા શ્રી ૧૦૦૦૮ રાજમાન રાજેશ્રી નાથુભાઈ કણબીના ઘરમાં હું ભાડે રહી, અને નાથુ તથા તેની નવી અને જુની મારા સહવાસમાં આવ્યા.

પ્રકરણ ૨૮ મું.

આશક નંબર ૫.

નાથુ કણબીના ઘરમાં રહ્યા પછી મને ખબર પડી કે તેની પહેલી સ્ત્રી મંછીએ "પુ" નર્કમાંથી ઉદ્ધાર કરનાર કોઈ દીકરાની નાથુભાઈને બક્ષીસ આપવાની ઉદારતા નહિ બતાવવાથી આ તમાકુવાળો સ્વર્ગના દરવાજા ખુલ્લા કરવા માટેજ નવી પરણી લાવ્યો હતો. નવીની ઉંમર અઢાર ઓગણીસ વર્ષની હતી. મ્હોં ભરાઉ અને અંગ સુડોળ હતું. બીજીવારની હોવાથી નાથુભાઈની તે માનીતી હતી અને ખેડા જીલ્લાના પાટીદારોમાં ઘુંઘટા કાઢવાનો રીવાજ હોવા છતાં નવીએ પોતાનું સુંદર વદન જોવાની સઘળાને છૂટ આપી હતી. નાથુ આર્ય સમાજીસ્ટ સુધારક હોવાનો દાવો કરતો એટલે સ્ત્રીને સ્વતંત્રતા આપવાની વાત તેને ગમતી હતી. નવી પર તે ખુશ ખુશ રહેતો. નવી તેને હથેલીમાં નચાવતી અને નાથુ ખુશીથી નાચતો, પણ જેમ જેમ દિવસ વહેતા ગયા તેમ નાથુ કંઈને કંઈ બ્હાને મારા ઘરમાં આવવા લાગ્યો.

"કેમ મણીબ્હેન ! શું કરો છો? નાહ્યા કે? પુજા કરી કે?" સવારે જતી વખતે તે આટલું બોલતો. બપોરે જમવા આવતો ત્યારે માથા પરનું પાઘડું હાથમાં રાખી જરા હસીને તે ખોંખારો મારતો. "કેમ જમ્યા કે? શાક શાનું કર્યું? શરમાતા ના હો! જોઈતું કરતું મારી પાસે મંગાવજો! તમારા જેવા સાહુકાર અમારા નશીબમાં ક્યાંથી?" નાથુના આવા શબ્દો સાંભળી પહેલાં તો મને લાગ્યું કે તે ભલા માણસ હશે. તેને "આપણે હીંદુ-હીંદુ-હીંદુ-હીંદુ" કરીને નવ નવ ગજના

ભાષણો આપવાની ટેવ પડી હતી. પણ એવા લવારા કરવાની ઘણાને આદત હોય છે. એકંદરે નાથુ ભોળો અને ભડભડીઓ છે એમ માની મેં તેની સાથે જરા છૂટથી વાતચીત કરવા માંડી. તે નવરો પડતો ત્યારે પાનનો ડુચો મ્હોમાં મારી મારા ઘરમાં આવી હીંચકે બેસતો. સવારે મને શાકભાજી લાવી આપતો. બે મહીના તેના ઘરમાં થઈ ગયા છતાં તેણે ભાડા માટે તગાદો કર્યો નહી, એટલે તેને ભલો સમજીને હું શાંતિથી દીવસ ગાળવા લાગી.

'મણીબ્હેન! તમારા લોકોનો આ રિવાજ સારો નહી હો!" એક દહાડો હીંચકો ખાતાં નાથુ પટેલે વાત ઉપાડી.

"કયો રીવાજ?"

"આ વીધવાઓનોસ્તો! જુઓને! તમે કેવાં રૂપાળાં અને આશા ભર્યાં છો, પણ હવે તમારી આખી જીંદગી નકામીજ ને!"

"હશે ભાઇ! જેવી પ્રભુની મરજી–" મેં ઉંડો નીસાસો નાંખ્યો.

"હાય! હાય! તમારો નીસાસો સાંભળી મારૂં કાળજું કપાઇ જાય છે- મણીબ્હેન! આજેજ હું એક ધર્મ ધુરંધર શાસ્ત્રીને ત્યાં ગયો હતો. તે "સનાતન ધર્મ" નામનું છાપું કાઢે છે. હીંદુ ધર્મ માટે એક બેવાર મુસલમાનોને રૂદ્રાક્ષની માળા છૂટી મારવા માટે જેલમાં જઈ આવ્યા છે! શું વાત કહું મણીબ્હેન! શાસ્ત્રી તે શાસ્ત્રીજ છે હો! મેં એમને તમારી વાત કરી હતી."

"હું!..."

"પછી એમણે મને કહ્યું કે ભગવાન પરાશરે પરાશર સ્મૃતિ લખી છે. તેમાં વીધવાઓને પુનર્લગ્ન કરવાની છુટ આપી છે..."

"પણ મારી સાથે પુનર્લગ્ન કરે કોણ?"

"કેમ? અરે! તમારા જેવી સુંદર રમણી મળતી હોય તો ભલભલા શાસ્ત્રીઓ શાસ્ત્રોના પોથાને તાપી નદીમાં ફેંકી દેવા તૈયાર છે." નાથુના હાવભાવ બદલાયા અને તેની આંખોમાં વીકારની વીજળી ચમકવા લાગી. તે મારા મોહક અવયવો તરફ ફાટી આંખે જોઈ રહ્યો હતો. પણ મને તેની બીક ન હતી. એવા તો કંઈક ઉલ્લૂઓને મેં વાંદરા બનાવ્યા હતા.

"નાથુભાઈ! વિધવાઓ તો હીંદુ સમાજની શોભા છે. વિધવાઓ કઠિન વૈધવ્ય ધર્મ પાળી પોતાની પવીત્રતા જાળવી રાખે છે તેથી આજે હીંદુ સમાજનું નાક ઉંચું છે..."

"મણી બહેન! સાચી વાત કહું? એ બધી વાતો છાપામાં લખવાની! શાસ્ત્રીજી કહે છે કે જો છાપાઓમાં સનાતની ટીલા તાણુ-નારાઓની ઢૂગઢૂગી નહિ બજાવીએ તો પછી કોઈ ફંડમાં નાણું ભરતું નથી. હીંદુઓ ઉંધા ચશ્મા પહેરીનેજ ફરે છે. પાંજરાપોળોમાં સેંકડો ગાયો ભૂખે રીબા રીબીને મરે છે તે શું અમે નથી જાણતા? પણ પાંજરાપોળો તો આપણે ચલાવીએ છીએ એટલે પાંજરાપોળની નિંદા છાપામાં થાયજ નહી. મુસલમાનો ગાયની કુરબાની કરે ત્યારેજ વીધર્મીઓ સાથે દંડ ઉછાળીને શંકર ને રામની ધર્મધજા ઉડાવવા તૈયાર રહેવાની અમે હીંદુઓને સલાહ આપીએ છીએ..."

નાથુની વાત સંબંધ વગરની હતી. ઘડીમાં તે વિધવાની વાતો કરતો ને ઘડીમાં તે ગાયની કુરબાની પર વિવેચન કરવા મંડી જતો.

"મણીબહેન! હેં હેં! પણ તમે તો તમેજ છો હો! તમારાં જેવાં બાહુન અમને મળ્યાજ નથી! તમારો સ્નેહાળ સ્વભાવ અમને

એટલો બધો ગમી ગયો છે કે નવી તો તમારી પાસે ભાડુ લેવાની પણ ના પાડે છે…" નાથુભાઇએ ફરીથી નવી વાત ઉપાડી.

"તમારા જેવા ભાઇઓની મહેરબાની છે એટલે બસ ! નાથુભાઈ! હું ગરીબ વિધવા છું. તમને બજારમાં સારી ઓળખાણ છે. કોઈ જરીવાળાને ત્યાંથી કંઈ ભરવાનું કામ અપાવોને?"

"હેં હેં હેં ! એ શું બોલ્યા ? તમારાથી એવું કામ થાય? જરી ભરવાથી તમારી આંખો દુ:ખવા આવશે."

"તેથી શું ? પાંચ પૈસા મળશે તો પેટનો ખાડો પુરાશેને."

"નહી, નહી, મણી બહેન ! તમે જરા પણ ન મૂઝાઓ ! તમારા જેવાને પૈસાની તાણજ નહી પડે ! સાંભળો ! જાણવા જેવી વાત છે. ૧૯૨૦ના સાલમાં મહાત્માજીએ ખાદીની ચળવળ ચલાવી હતી ત્યારે મેં "બાપુજી"ને પગલે ચાલી આજ ઘરમાં "બહેનો"ને માટે રેંટીઆ વર્ગ ખોલ્યો હતો. શું ધારો છો ? રોજ આ ઘરમાં દોઢથી બે ડઝન જુવાન વિધવાઓ કાંતવા આવતી ને સાંજે પાંચ દશ રૂપીઆ ગાંઠે બાંધી જતી…" નાથુએ રેંટીઆ વર્ગની કહાણી શરૂ કરી.

"એમ ? ત્યારે મને રેંટીઓ કાંતવાનું કામ આપશો?—"

"ગાંડાંરે ગાંડા ! હજુ સમજતાં નથી? એ તો રેંટીઆનું નામ… ને…" તે વધુ બોલ્યો નહી પણ મર્મમાં હસ્યો. હું તેની નીચ વૃત્તિ સમજી ગઈ. અસહકારના આવેશથી જ્યારે પ્રજા ગાંડી બની હતી, ત્યારે આવા બગભગતોએ દેશાભિમાનના બુરખા નીચે અનેક ભોળી વિધવાઓને ભ્રષ્ટ કરી હતી તે તેની વાત પરથીજ હું સમજી ગઈ.

"તમારે ગભરાવાની કંઈજ જરુર નથી મણીબહેન ! આપણી પાસે છાપું છે ને ભાડુતી લખનારા પણ ઘણા છે ! જો તમે હું કહું

તેમ કરો, તો તમે થોડાજ સમયમાં સુરતમાં દેવી જેવા પુંજાશો—લોકો તમને દેશાભિમાની વીરાંગના ગણીને તમારા નામના ગરબા ગાશે, અને અમે પણ તમને મોખરે રાખીને "આવે છે બહેની! આવે છે—સ્વરાજ્યની દેવી આવે છે—"નું ગીત, લલકારતા તમારૂં સરઘસ કાઢીશું...".

"નાથુભાઈ! તમે સીધી વાત કરોને! તમારી ઢંગધડા વગરની વાતમા મને કંઇ સમજ પડતી નથી..."

"મણી! મણી! જો તું મારા હૈયાની બળતી જ્વાલા શાંત કરે તો હું તને હિંદુ સમાજમાં દેવી બનાવવા તૈયાર છું—" દંભી કામુકી મારા પર અંધ થયો હતો. મને નવીજ શેતરંજ ખેલવાનો વિચાર સૂઝ્યો. જાહેર જીવનની નીચતાનો અનુભવ લેવા માટે મને આ ઉલ્લુ ઉપયોગી જણાયો, અને તેથી મેં તેને મારા હાથમાં લેવાનો વિચાર કર્યો. નાથુ તરફ જોઈ હું હસી. તે ઘાયલ થયો, અને મેં તેને ફક્ત એકજ ચુંબન આપી સમજાવી પટાવીને તેના ઘરમાં મોકલી દીધો.

પ્રકરણ ૧૯ મું.

પાંચ પતિની સતી!

હું મુસલમાની થઈ હતી તેની નાથુને ખબર ન્હોતી. મારા વેશ્યા જીવનની કથા પણ સુરતમાં કોઈ જાણતું ન્હોતું. હજુ મારા રૂપ અને જોબને મને દગો દીધો ન્હોતો. રામુના રંગભુવનમાં હું વાતચીત કરવામાં કૂશળ થઈ ગઈ હતી, અને મીઠી મીઠી વાતો કરી પુરૂષોને મર્કટની પેઠે નચાવવાની કળા મેં સિદ્ધ કરી નાંખી હતી. આ કારણસર નાથુ મારો ગૂલામ થઇ ગયો. તેની નવી અને જૂની બન્નેને અમારા પ્રેમ પ્રસંગની ખબર હતી, પણ બન્ને નાથુના ધાકથી ડરતી હોવાથી કંઈ બોલી શકતી નહિ. નાથુએ મને જાહેર સભાઓમાં ફેરવવા માંડી. જાહેર સભામાં શ્રીમતી મણીબ્હેન હિંદુસમાજ પર વ્યાખ્યાન કરશે એવું જાહેરનામું ભાગોળપરના સરૈયાની દુકાને લાગતાંજ ડક્કા ઓવારે હજારો સુરતીઓની ઠઠ ભેગી મળતી. સભામાંના જુવાનો ઉપદેશ સાંભળવા આવતા ન્હોતા, પણ મારા જેવી સ્ત્રીઓના ડાચાં ટીકવાજ આવતા હતા. ઘણાખરા જાહેર સેવકો પણ મારી પીછાન કરવાને ઉંચા નીચા થઈ જતા, અને નાથુભાઈની ખુશામદ કરી મારી સાથે શેકહેંડ કરવાનો લ્હાવો મેળવી સીધા સ્વર્ગમાં જવા જેટલો આનંદ અનુભવતા. જાહેર જીવનમાં પડ્યા પછી મેં તેમાં દંભનું સામ્રાજ્ય જોયું. ડક્કા ઓવારે ખાદીના જાડા વસ્ત્રો પહેરનારાઓ ઘરમાં જતાંજ લેંકેશાયર અથવા જાપાનની મીલના બારીક વસ્ત્રો પહેરી પોતાના "સ્વદેશી ધર્મ" નું પાલન કરતા. જેઓ "બહેનો"ના ઉદ્ધારની બાંગ મારતા, જેઓને

વિધવાઓના પુનર્લગ્ન કરાવવાની ધગશ લાગી હતી, તેઓના ઘરમાં સોળ-સોળ સત્તર-અઢાર વર્ષની તેમનીજ બ્હેનો અંધારામાં ખુણો પાળતી હતી. આ માણસો પારકાને ઉપદેશ કરવામાંજ શૂરા હતા. મહાત્માજી અથવા શ્રદ્ધાનંદજીના નામને આગળ કરીને સ્વરાજ્ય અથવા સ્વધર્મને બહાને જાહેર પ્રજામાં ભીક્ષાની ઝોળી ફેરવી પોતાની તિજોરી ભરનારા ઘણા સફેદ ઠગો મારા પરિચયમાં આવ્યા, પણ તે બધાની વાત અત્રે રજૂ કરવાની જરૂર નથી.

"સનાતન ધર્મ" નામના છાપાના તંત્રી જોવા જેવા પ્રાણી હતા. તે માટે હું તેનો પરીચય કરાવવાની જરૂર જોઉં છું. આ તંત્રીરાજનું નામ ગૌરીશંકર હતું. કાઠીઆવાડના કોઈ ખુણામાં તેનો જન્મ થયો હતો. અને ગીરનારના પથરા ખાઇને જીવન ટકાવવાનું અશક્ય લાગવાથી તે સુરતમાં અડ્ડો જમાવી બેઠો હતો. શરૂઆતમાં તેણે સુરતીઓના ગ્રહોને ઠેકાણે બેસાડી દેવાનો ધંધો કર્યો. કોઈના ઘરમાં શનિ પેધો પડતો તો ગૌરીશંકર શનીને કાન પકડીને પોતાના ઘરાકના ઘરમાંથી બહાર કાઢી કો બીજા હૈયાફુટાને ઘેર મૂકી આવતો ! ગૌરીશંકર આવ્યો ત્યારે તેને સારે નસીબે પારસી બાવાજીઓ અને માયજીને સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર વીગેરે બધાજ ગ્રહો સતાવતા હતા. આ તોફાની ગ્રહોને શાંત કરી "બાવાજીઓ" અને "માયજીઓ"નાં જોડાં સાધી આપવાના સુયોગ શોધી કાઢવાની ફરજ ગૌરીશંકર જોશીએ બજાવી અને થોડાજ વખતમાં વહેમી લોકોને ધુતીને તે માલદાર થઇ ગયો. ભીખારી વૃત્તિના માણસો પૈસા મેળવવાના અનેક રસ્તા શોધ્યાજ કરે છે. જોશીનો ધંધો ઠંડો પડી ગયો. તેજ સમય હિંદુસ્તાનમાં હિંદુ મુસલમાનો વચ્ચે મારામારી થવા લાગી અને સુરતના હિંદુઓમાં બાવાજી

અને પ્રતાપનું રક્ત ઉછાળવા માટે ગૌરીશંકર મેદાને પડયો. નાથુ તમાકુવાળા સાથે તેને સારી દોસ્તી હતી કેમકે ગૌરીશંકરની ગૌરી રૂપાળી હતી અને નાથુનો તેના પર ખાટો મીઠો ડોળો હતો. આ બે દમ્ભાઓએ હિંદુ સમાજની કીર્તિના ડંકા વગાડવા માટે "સનાતન ધર્મ" નામનું પત્ર કાઢવા માંડયું અને સનાતની વેવલા વેવલીઓને ઘરાક બનાવી મુંડવા માંડયા. જર્મની તથા યુરોપના બીજા દેશોના ભયંકર કારખાનાઓમાં હિંદુઓના તેત્રીસ કોટી દેવદેવીઓના કાચના પૂતળાઓ ઘડાતા અને તે હિંદના બજારમાં આને આને વેચાતા. હિંદુઓનાજ બાળકો આ દેવદેવીઓના રમકડા સાથે રમતા–બાળકો કાચના દેવ દેવીઓના ખુરદો પણ કરી નાખતા અને ગણપતી અથવા લક્ષ્મીની મુર્તિના કટકાઓ સુરતની શેરી શેરીએ હીંદુઓનાજ પગ તળે કચડાતા. પણ તેથી યુરોપીઅનો હીંદુ ધર્મની મશ્કરી કરે છે એવો હાસ્યસ્પદ ખ્યાલ ગૌરીશંકરના ભેજામાં કદી પણ આવતો નહીં. ગોરાઓની જોહુકમી સામે ચુંચાં કરવાની તેનામાં હીમ્મતજ નહોતી, કેમકે બ્રીટીશ સરકારે રાજદ્રોહ માટે હીંદી પીનલકોડમાં ૧૨૪ (એ) કલમ ઘડી રાખેલી છે એ વાતથી કાર્ટ અન્નાડીએ તંત્રીરાજને અગાઉથીજ ભડકાવી મુકયા હતા.

ગૌરીશંકર સાથે પરીચય થયા પછી હું તેને ત્યાં રોજ જવા લાગી. મારો વિચાર દંભી સુધારકો કેટલા નીચ છે તે જાણવાનો હતો. આ સનાતન ધર્મનો ઝુંડો ફરકાવનાર સહેલાઇથી મારી જાળમાં ફસી ગયો. તેણે મારે નામે બીજા પાસે લેખો લખાવી સુરતની પ્રજાને છેતરવા માંડી. સ્ત્રીઓ પર હિંદુ સમાજ કેવા જાલીમ અત્યાચારો કરે છે તે વિષે મણીબહેનના લેખો અજબ પ્રકાશ નાંખે છે એ વાત સુરતને

ચોરે ચૌટે ચર્ચાઈ ગઈ. "સનાતન ધર્મ" માં પરાશર સ્મૃતી ટાંકીને ગૌરીશંકરે વીધવાઓની વકીલાત કરવામાં બાકી રાખી નહોતી. મારી જાદુભરી ઉશ્કેરણીથી તેણે વીધવાઓને પુનર્લગ્ન કરવાની રજા આપવીજ જોઈએ. નાતજાતના બંધનો તોડી નાંખી આખી હીંદુ કોમને ત્રેવીસ કરોડની એક પ્રચંડ કોમ બનાવવી જોઈએ એવો ઉહાપોહ કરી મેલ્યો. આ રીતે ગૌરીશંકર સુધારાનો વાવટો સુરતની શેરીએ શેરીએ ઉડાવી રહ્યો હતો, તેવામાં તેનીજ સ્ત્રી અચાનક કાલજ્વરથી મરણ પામી. ગૌરીશંકરે પોતે પોતાની સહી સાથે જો પ્રસંગ આવે તો પુનર્લગ્ન કરી સાચા સુધારક થવાની ડીંગ મારી હતી, તેથી મને આ સમયે તેની કસોટી કરવાનું મન થઈ આવ્યું.

"ગૌરીશંકર!-" એક દીવસ બની ઠનીને તેની ઓફીસમાં જઈ મેં કહ્યું: "હવે તમે પુનર્લગ્ન કરી હીંદુ સમાજની સાચી સેવા બજાવો, અને જુના વિચારવાળાની આંખ ઉઘાડો."

ખુરશીપર બેઠા બેઠા મારી વાત સાંભળી તે હસ્યો. હું વિશ્વામિત્રને ચળાવવા મેનકાની પરિક્ષા લેવા ગઈ હતી. તે જરા હસ્યો. મારા મોહક વદનપર તેની દ્રષ્ટિ ઠરી. મેં નયન બાણ ફેંક્યું. અને તેની છાતી ધમણની પેઠે ઉંચી નીચી થવા લાગી.

"મણીબ્હેન!" તેણે જવાબ આપ્યો: "હું પુનર્લગ્ન કરવાને તૈયાર છું, પણ એવું પાત્ર મળવું જોઈએને!..."

"તમારી નજરે હું કેવી લાગું છું? "સનાતન ધર્મ"ના વીર તંત્રીની પત્ની થવાને હું લાયક છું?" મેં તીરછી નજરે કહ્યું.

"તમે? ઓહો! મણી! તમે! તમારે માટે હું પ્રાણ પાથરવા તૈયાર છું..." એકદમ તે ખુરશી પરથી ઉભો થઈ મારી પાસે આવ્યો.

ના હાથ મારા ગળામાં પડ્યા, અને બીજી પળે લબસે લબ મીલી ગયા!

"તમે મારી સાથે પુનર્લગ્ન કરશો ?"

"જરૂર—વ્હાલી ! જરૂર—તારા જેવી સદગુણી સ્ત્રી મેળવવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. આહા ! મેં જે સ્વપ્નાં જોયા હતા, તે અંતે ખરા પડશે..."

"હું અજબ થઇ. આ દંભી મારી સાથે નાતરું કરવા તૈયાર થશે એવી મને આશા ન્હોતી, બીજી બાજુએ મને એવો વીચાર આવ્યો, કે જો તે પુનર્લગ્ન કરે તો તેનું ઘર મંડાયું ! એ બહાને હું દુનીઆની નીરાધાર વીધવા મટી ઘરવાળી થઇશ.

"તમે ક્યારે પુનર્લગ્ન કરશો ?"

"તું કહેશે ત્યારે ! વ્હાલી ! હમણું તો અમીરસ પા અને પાછું મારી છે ને હું તારોજ છું." મને તેના ઉદ્ગાર સાચા લાગ્યા, અને તે મારો પાંચમો પતી થયો. તેની સાથે કાયદાસર પુનર્લગ્ન થયા. પછી હું પાંચ પતિ કરવા છતાં સતી ગણાઇશ એમ ખ્યાલથી હું મલકાવા લાગી.

પ્રકરણ ૨૦ મું.

મણીનો ભવાડો.

વળી પાછી હું દંભીના પંઝામાં ફસી ગઈ. ગૌરીશંકર બહારથી હીંદમાં સીતા અને દમયંતીનો પરમ ભક્ત હોવાનો દાવો કરતો હતો. પણ ખરૂં જોતાં તે સુધારકના સાલ્લામાં છૂપાયેલો શયતાન હતો. તેને બનાવવા જતાં હુંજ બની ગઈ. તેણે મારી સાથે કાયદાસર પુનર્લગ્ન કરવાનું મને વચન આપ્યું તેથી હું ભોળવાઈ. મને આવા વિદ્વાન પુરૂષની પત્ની થવાના કોડ હતા. મારી મનોવાંછના હવે પુરી થશે એવી આશાથી હું તેના પર પ્રેમ બતાવવા લાગી. "સનાતન ધર્મ"ની ઓફીસ હવે મારી હાજરીથી દીપવા/લાગી. પાણી પેઠે દીવસો વહેવા લાગ્યા. ગૌરીશંકરની કલમમાં તેજી આવી. તે વીધવાઓના કરૂણ જીવનના જાત જાતના ચિત્રો દોરવા લાગ્યો. વીધવાઓને પુનર્લગ્ન કરવાની સમાજની લોખંડી મના હોવાથી ફક્ત એકજ ભુલ કરનારી હીંદુ સ્ત્રીઓ આખરે ખ્રીસ્તી મીશનરીઓ અથવા નબલધીઆ મુસલમાનોને આશરે જાય છે તેમાંથી તેઓનો બચાવ કરવાની હીંદુ સમાજની ફરજ છે એવા ઢીમ ઢીમ તેણે વગાડવા માંડય. તેની લેખીની પર હું મોહી પડી. હું હાસ્ય વિનોદમાં તેની સાથે કંઇ ગાંડુ ઘેલું બોલતી તે તે નાનીશી રસીલી વાર્તામાં લઈ લેતો અને તે વાંચીને હું તેના પરથી વારી જતી. હાય! સ્ત્રીઓનો સ્વભાવ પરમાત્માએ આટલો બધો ભોળો અને પ્રેમાળ શા માટે બનાવ્યો હશે? સ્ત્રી આવેશની પુતળી છે. દરીના મોજાંની પેઠે તેના દીલમાં ઉભરો આવતાં વાર લાગતી નથી.

પણ પુરૂષ એક અજબ ગણત્રીબાજ પ્રાણી છે. તે ગણી ગણીને ડગલાં ભરે છે અને તેના એકેએક ડગલાંમાં કોઈને કોઈ સ્ત્રીનું પતન રહેલું હોય છે.

આબરૂના ભયથી અથવા પાછળથી પસ્તાવો થવાને લીધે યા ગમે તે કારણસર રસિક આટલી વારમાં મારા બધા પૈસા ચૂકવી દીધા હતા એટલે હું આર્થિક કારણસર કોઈની ઓશીયાળી ન્હોતી. પૈસા પાછા આપતી વખતે કદાચ મને જરૂર પડે તો યોગ્ય મદદ કરવાની રસિકે તૈયારી બતાવી હતી. પણ હવે મારા મનનો પ્રવાહ બીજીજ દિશાએ વહેતો હતો તેથી મેં તેને ટુંકો આવકાર આપીનેજ વીદાય કર્યો હતો.

ગૌરીશંકરે મને પ્રેમઘેલી બનાવી દીધી તે મારી પ્રેરણાથી મનોહર કાવ્યો લખતો—મારા જીવનપરથી રસાલી નવલકથા રચતો—તેને મારા શીવાય એક ઘડી પણ ચેન પડતું નહીં. વૈદિક ધર્મના પુનરૂદ્ધાર માટે શુદ્ધિ અને સંગઠનનો વાવટો ઉડાવી પેટ ભરવાની પેઢી તેણે ઉઘાડી હતી. પણ તેથી મારી સાથે પ્રેમચેષ્ટા કરતા તેના ચાર વેદમાંથી એક પણ વચ્ચે આવવાની હિમ્મત કરી શકતો ન્હોતો. તેના સગવડીયા ધર્મમાં બધા કામોનો બચાવ કરવાની દલીલ ભરેલી હતી. વ્યભિચાર પણ તેને મન પુણ્યકર્મ હતું અને તે માટે મત્સ્યગંધાનું ઉદાહરણ મહાભારતમાં તૈયારજ હતું. પ્રેમજ જગતનો સાચો ધર્મ છે. લગ્ન, શાદી, નિકાહ વીગેરે તો માનવીઓએ જોડેલાં ખોટાં બંધનો છે એમ પ્રતીપાદન કરવાની તેનામાં શક્તિ હતી અને તેથી તેની મીઠી મીઠી વાતોમાં બાળવાહ હું પુનર્લગ્ન કરવાની વાત પણ ભુલી ગઈ હતી. અમે એક બીજામાં મસ્તાન હતા. નાથુ કણબીના હૈયામાં હવે હોળી સળગતી હતી અને તે ગૌરી-

શંકરનો દુશ્મન બની ગયો હતો. નાથુ તમાકુવાળાની આંખ મારા પર ચોંટી હતી. એક બે વાર ચુંબનરસ ચખાડી મેં તેને પાગલ બનાવ્યો હતો. પણ ગૌરીશંકરની રસીકતા આગળ તે ઝાંખો પડી ગયો અને તેથી તે હવે સનાતન ધર્મ કેસરી ગૌરીશંકરની ઝોળીમાં કોઇએ પૈસા નાંખવા નહી એવો લવારો કરતો હતો. આ તમાકુવાળાને છાપાવાળાઓ પર હીચકારાની પેઠે નનામા પત્રો લખવાની ભયંકર કુટેવ હતી. તેના ગંધાતા શરીર પર મારી અમી નજર ન ઠરી તેથી હવે તેને મારા ચારિત્ર્યપર શંકા આવવા લાગી. લીંબુશેરી જેવી આબરૂદાર માણસોથી વસાયલી ગલીમાં મારા જેવી પાપીણી વસે તે નાથુ કણુબીથી સહન થઇ શકયું નહિ. જો મેં તેને મારા જોબનનો માળી બનાવ્યો હોત તો તેની "આબરૂ" ને જરા પણ કલંક લાગતે નહિ. જો મેં તેના હવસી પ્રેમનો સ્વીકાર કર્યો હોત તો એ બદમાસ તમાકુવાળો મારે માટે પોતાની નવી અને જુની બંનેને પીયેર મોકલી દઈ બંનેની જીંદગી પાયમાલ કરી નાંખવાને તૈયાર હતો. તેણેજ મને ગૌરીશંકર સાથે પીછાન કરાવી હતી. પણ તેમાં તેની બાજી જુદીજ હતી. એ બદમાસ છાપામાં મારી પાસે લેખો લખાવી શ્રીમંત ઉલ્લુઓ સાથે મારો પરીચય કરાવી, પોતે શ્રીમંત થવા માંગતો હતો. વળી તેની ઇચ્છા મારા પ્રેમ પિયુષનું પાન કરી મારા માલીક થઇ બેસવાની હતી. તેનો સ્વાર્થી સ્વભાવ મવાલી કરતાં પણ નીચ હતો. તેની દાળ ન ચડી, એટલે તેણે સુરતના એકેએક છાપા પર નનામા પત્રો લખી "સનાતન ધર્મ" ના તંત્રી અને મારી બદબોઈ કરવી શરૂ કરી. એક છાપાવાળાએ તો મારી પાસે પૈસા પડાવવા માટ ગર્ભીત રીતે મારા ચારિત્ર્યની ટીકા શુદ્ધાં કરી. ગૌરીશંકરને આ વાતની જાણુ થતાં તે

છેડાયો, અને તેણે પેલા "બ્લેક મેલીંગ" કરનારા છાપાવાળાના આખા કુટુંબના છાલ છોડા ફાડી નાખ્યા છાપાવાળાનું મ્હોં ચુપ થઈ ગયું. નાથુ તમાકુવાળાના નનામા પત્રો ગટરમાં પડવા લાગ્યા. ત્યારે તેને બીજો રસ્તો સુઝયો. તેણે આખી લીંબુશેરીમાં મને બદનામ કરી મારો હુરીઓ કરવાનું કાવત્રુ રચ્યું.

એ વાત આમ બની. એકવાર ગૌરીશંકર રાતે આઠેક વાગે મને મળવા આવ્યો. હું એ ત્રણ દીવસથી તેને મળી ન્હોતી એટલે તે આવતાંની સાથે મેં તેના ગળામાં હાથ નાખી, તેને ગાઢ આલીંગન દઈ દીધું. ગૌરીશંકરે મને ખાળવાને ઘણી કોશેષ કરી, પણ હું પ્રેમાંધ અવસ્થાને લીધે તેની અગમચેતી ન સમજી.

"હા—હા—હા—હા—હીહીહીહી—" મે તેને આલિંગન દીધું કે બીજીજ પળે કોઇના ભયંકર હાસ્યના અવાજ આવ્યો.

"જોયું કે? કેવા બદમાસો? આ આબરૂદારનો વસવાટ છે કે વેશ્યાવાડો? કાઢો સાળાને—મારો ગાળીને..." નાથુ કણબી બરાડ્યો અને પાંચ પંદર નવરાઓ મારા ઘરમાં ઘુસી આવ્યા. ગૌરીશંકર થરથર ધ્રુજી ગયો. બે કણબીઓએ તેના ગાલપર તડાતડ તમાચા લગાવવા માંડ્યા. જાણે તબલા બજાવતા હોયની તેમ ગૌરીશંકરની બબર લેવાઇ અને તે જાન બચાવવા માટે ઉઘાડા માથે લીંબુશેરીમાંથી દોટ મુકીને નાશી ગયો. તેના પ્રેમમાં અંધ બનેલી એક નીરાધાર અબળાનું શું થશે તેનો વીચાર કરવાની એ સનાતન ધર્મ કેસરીને અક્કલ સુઝી નહી. પોતાની વાસના તૃપ્ત નહી થવાથી કેટલાક કણબીઓ ગુસ્સે થયા હતા અને હીચકારા નાથુએ તેઓની સરદારી લીધી હતી. મારા ઘરમાં હોવા

ભેગા થઈ ગયા હતા. હું જ્યાં ઉભી હતી ત્યાંજ આરસપહાણની જડ પુતળી જેવી ઉભી હતી. મારૂં શરીર ધ્રુજતું ન્હોતું તેમ મારામાં કોઈ જાતનું ચેતન પણ ન્હોતું.

"રાંડ! કમજાત! નીકળ મારા ઘરમાંથી. હમણાંજ નીકળ, નહિ તો તારા હાડકાં ભાંગી નાખીશ. રાંડ છટકેલ! વંઠેલ વાંદરી! મારા જેવા વૈષ્ણવના ઘરમાં આવા ભવાડા?" નાથુ સતો થવા લાગ્યો. તેનાં કાતિલ શબ્દો મારી છાતીમાં ભાલા પેઠે ભોંકાયા અને મારી જડતા દૂર થઈ. હું સાવધ થઈ. મારી સ્થિતિનું મને ભાન થયું. હું એકલી હતી. મને એકલી અબળાને બદનામ કરવા સેંકડો મરદ બહાદૂરો ભેગા થયા હતા. આવી સ્થિતિમાં હવે કંઈક ચમત્કાર બતાવ્યા વિના મારો છુટકો થવાનો નથી એવો ખ્યાલ કરી હું નાથુની સામે જઈ લાલ લાલ ડોળા કાઢતી ઉભી રહી.

પ્રકરણ ૨૧ મું.

મણીનું મહાભારત.

બદમાશ નાથુએ મારી ઘેડ ફજેતી કરી તેથી પ્રથમ તો હું ડઘાઈ ગઇ. પણ જ્યારે ગૌરીશંકર શાસ્ત્રી નાશી ગયો અને નાથુએ મને રાતની વખતે ઘરમાંથી બહાર કાઢવા માટે ગાળો દેવા માંડી ત્યારે મારો પિત્તો ઉછળી આવ્યો. હું રાણુ જેવી વેશ્યાને ત્યાં વસી આવી હતી. અફલાતૂન મવાલીઓને રાણુએ પાણી પાયાં હતાં. અને હું પણ દુનીઆમાં અનેક આવારાના પાણી પી આવી હતી. નાથુ અને બીજા તમાસો જોનારા હીચકારાઓ ખોટી દમદાટીમાંજ ઉસ્તાદ હોય છે તે હું જાણુતી હતી હું નાથુની સામે જઇ ઉભી. મારી આંખો ગુસ્સાથી લાલચોળ બની ગઈ હશે. મારો ચહેરો પણ ઉગ્ર થયો હશે. બે ત્રણ પળ હું ચૂપ ઉભી રહી અને નાથુ જ્યારે ભાંડ ભાષામાં ગાળો દેવા લાગ્યો ત્યારે હાથ લાંબા કરી મેં રાડ પાડી: "ચૂપ રહો! નાથુભાઈ! તમે કહેવા શું માગો છે?"

"ઓહો! રાંડ! શું તારો રૂઆબ! નીજા મારા ઘરમાંથી હરામજાદી!" તે વધુ બોલ્યો.

"નાથુભાઇ! સાંભળો. હું તો હરામજાદી છું. પણ તમે ધર્મના ઢીંગલા છોને?"

"ચુપ રહે કાળા મ્હોની! મારા જેવા આબરૂદાર માણસના ઘરમાં મેં તારા જેવી વંતરીને રાખી તેજ ભૂલ કરી..."

"એઈ વંતરીના વાંદર! સાંભળ! તું મને કમજાત કહે છે ને તો ઓ સજાતના જાયા! મારા પર બદનજર કરતી વખતે તારા

ધર્મની ધગશ ક્યાં હવા ખાવા ગઈ હતી ? તું મારી બદબોઈ કરે છે પણ તારી નવી રોજ પેલા નથુશંકર સાથે ઠીઠીઠઠ્ઠા કરે છે તેનું તને ભાન છે કે ? તારી મંછી તારા નામના રોજ છાજીયા લે છે તેનું શું ! તું કયે મ્હોડે મને બદનામ કરવા નીકળ્યો છે ? દંભી રાક્ષસ ! હું ભલો માણસ સમજી તારી સાથે છૂટથી બોલવા લાગી પણ તેં પોતેજ મારા પર બદનજર ન્હોતી કરી ? શું જોઇને તું મારી સામે સતો થઈ મેદાને પડ્યો છે...” મારી જીભમાં આ વખતે વીજળી આવી હતી નાથુ કણબીને વચ્ચે બોલવાની મેં તકજ ન આપી. મેં તેના છાલ છોડાં ફાડી નાખ્યા તે જોઇને ત્યાં ભેગા થયલા માણસોને ગમ્મત પડી. તેઓને નવોજ તમાસો જોવાનો મળ્યો. આપણા લોકોની વૃતિજ લોકોના છિદ્રો શોધવાની છે. લીંબુશેરીના રહીશો મારો ફારસ જોવા આવ્યા હતા. પણ તેઓ હવે નાથુભાઇનું કોઠું ટીકવા લાગ્યા. નાથુની જીભજ સીવાઈ ગઈ. તે થરથર ધ્રુજવા લાગ્યો. તેની સામે જાણે સાક્ષાત ચંડિકા ઉભી રહી હોયની એવો ભાસ થયો હશે !

“બોલ—શું કહે છે ? તું બદમાસ કે હું બદમાસ ?...” મેં ફરીથી પડકાર કર્યો. પણ નાથુ કંઈ બોલ્યો નહિ.

“મણીબહેન ! જવા દો હવે ! હોય. દુનીઆ છે. બે વાસણ હોય તો ખખડે પણ ખરાં...” “જ્યારે લડવાની શકિત હોતી નથી ત્યારે ત્યારે એકદમ સમાધાની કરાવવાનો જુસ્સો કેટલાક પરવારતાઓમાં પ્રગટી નીકળે છે. આ સમાધાની કરાવવા બહાર પડેલો માણસ પણ આજ જાતનો હતો.”

“તમે પણ મારો તમાસો જોવા આવ્યા હતાને ? પણ સાહેબ-જાદા ! તારા ઘરમાં પેલી ગોલણ બેઠી છે તે તારી મા થાય છે કે ?

નામ ત્યારે બામણનો દીકરો—આજે આંકમ ને કાલે નોમ કરીને ચપટી ચોખા ભીખી ખાય છે ને સાથે સાથે ગોલણને રાખીને દ્રોણાચાર્ય ને કૃપાચાર્યની કીર્તિ પર કળશ ચઢાવે છે કેમ?…" હવે મારા સપાટામાં પેલો સમાધાની કરાવનાર સપડાયો હતો. તે તો મારા શબ્દો સાંભળી એવો છોભો પડી ગયો કે ત્યાં જરાવાર પણ ઉભા રહેવાની હિમ્મત કરી શક્યો નહી. રખેને તેના જજમાનોને કાને આ વાત આવશે તો તેનું ગોરપદું ચાલી જશે એવી બીકથી તે ત્યાંથી રસ્તો માપી ગયો.

"ઓ મારે! આ ત કોઈ બૈરી છે કે બલા?" હવે ત્રીજીવાર એક સ્ત્રી મારી ટીકા કરવા બહાર આવી. તે પડોશના વાણીઆની બૈરી હતી. તેના ધણીએ દુબળાઓ અને ઘોડીઆઓને રૂપીઆ પર મહીને ત્રણ ચાર આનાને વ્યાજે નાણાં ધીરીને સુરતમાં બે ચાર ઘર બંધાવ્યા હતા. શાહનો દીકરો ગણાતો આ સાહુકાર પાઇ પાઈ માટે મરી પડતો હતો. તેનું નામ હતું નેમચંદ! નેમચંદ શેઠની નવી ત્રીજીવારની હતી. અને નેમચંદ ઘોડે ચઢ્યો ત્યારે ભાઇ પાંસઠ વર્ષના અને તેની શેઠાણી ચૌદ વર્ષની હતી. હમણાં મારી મશ્કરી કરનાર સતીની દીકરી તે આજ દીવાળી! દીવાળીના બધા કારસ્તાનો નાથુ પટેલની મંછી દ્વારા મારી જાણમાં આવ્યા હતા. નેમચંદ વૃદ્ધ હતો. બહુ બહુ તો બે ત્રણ વર્ષમાં તેની સ્વારી પંજાબમેલમાં ફુલપાડા જવાની હતી તેથી દીવાળીએ બધી મીલકત અગાઉથીજ પોતાના નામ પર કરાવી લીધી હતી. બપોરે બારેક વાગાના સુમારે નેમચંદ પેઢી પર રૂપીઆ, આના, પાઈ ગણવા જતો અને દીવાળી શેઠાણીને ત્યાં મૂળચંદ ગાંધી "કેમ! હેંકે છો કે!" કરતો આવી બેસતો. મૂળચંદ આવતો કે દીવાળીના શરીરમાં સ્ફૂર્તિ આવી જતી. આ તેલ વેચનારને જોતાં વાણીઅણી હસી પડતી અને

પોતાના રંગેલા દાંત બતાવી ઘાંચીભાઇને નરમ ઘી જેવો બનાવી દેતી. આખી ગલી આ બલાની પિશાચ લીલાથી માહીતગાર હતી. છતાં તે સતી શીરોમણી ગણાતી કારણ કે તેના ધણીની તીજોરીમાં પૈસા હતા. હું તો નિરાધાર ગરીબ અબળા હતી એટલે દયા ધર્મના સાગરોને મારી નીંદા કરવાનો બીન શરતી પરવાનો મળી ગયો હતો.

"નાથુભાઇ! તમે પણ આવી વંઠેલ સાથે શા માટે માથાકુટ કરો છો? કાઢી મુકો ઘરમાંથી બહાર!..." દીવાળી પાછી બોલી.

"એ સાહુકારની સાળી!..." હું વીફરી! "મને તું વંઠેલ કહે છે તો પેલો મુળચંદ ઘાંચી તારો કયા જન્મનો ભાઇ થાય છે તે સમજાવશે?"

"બસ—મારી બંદુકની આ એકજ ગોળી દીવાળીનું મ્હોં કાળું કરવાને સમર્થ હતી. તે કંઇ બબડતી ફફડતી ત્યાંથી ચાલી ગઈ. બીજા બે ત્રણ જણને પણ મેં આવીજ રીતે ખુલ્લા પાડયા, એટલે મારી સામે વધારે ચું કે ચાં કરવાની કોઈની હિંમત ચાલી નહી. કાચના ઘરમાં વસનારાઓનેજ બીજાના ઘર પર પત્થર ફેંકવાની આદત હોય છે, પણ જ્યારે તેઓના ઘર પર પત્થર પડે છે ત્યારેજ તેઓની આંખ ઉઘડે છે.

"મણીબહેન!—" નાથુ દંડાગાર થઈ બોલ્યો: "હવે નકામો ટંટો જવા દોને!—"

"હું ક્યાં ટંટો કરૂં છું. તમે પવીત્રતાના ઇજારદારો મને પાપણી ગણીને ધુતકારવા આવ્યા છો, પણ રામ ને કૃષ્ણના સીધી લીટીના વારસો! તમારા, નીચ, નારકી, અધમ જીવન પર જરા નજર નાંખો, અને પછી મારા જેવી અબળાની એબ શોધવા આવો, તમે મુછાળા મરદો નથી, પણ હીચકારા બ્યંડળો છો!..."

"મણી બ્હેન! માફ કરો-હવે હદ થઇ." નાથુ કરગરવા લાગ્યો. મંછીએ પણ મને સમજાવવા માંડી અને મારો ગુસ્સો જેમ તેમ ઓછો થયો.

"મારે તમારા ઘરમાં રહેવુંજ નથી. હું આવતી અમાસે તમારૂં ઘર ખાલી કરી આપીશ." મેં નાથુને અલ્ટીમેટમ આપ્યો અને લીંબુ શેરીમાં જાગેલું મહાભારત આ રીતે પુરૂં થયું.

પ્રકરણ ૨૨ મું.

નવસારી બજારમાં મણી.

ગૌરીશંકર નવસારી બજારમાં "નુરે ઇસ્લામ" હોટલની બાજુમાં રહેતો હતો. નાથુભાઇને ત્યાં મારો ભવાડો થયા પછી, તે લીંબુશેરીમાં પગ મુકવાની હીંમત કરી શકયો નહી. છાપામાં કલમડી ચલાવીને મુસ્લીમ ગૂંડાઓ સામે લાઠી ચલાવવાની વાતો કરવામાં આ "સનાતન ધર્મ"નો અધીપતી શુરવીર હતો. પણ મારા પ્રેમની લહેજ્જત ચાખવા આવતાં ભાતખાઉ કણબીઓની સામે ઉભા રહેવાની મર્દાનગી પણ તે બતાવી શકયો નહી. વાતે શુરા સંગડનીઆમાંનો તે એક હતો. હીંદુઓનું સત્યાનાશ વળી જાય છે. મુસ્લીમ ગૂંડાઓ સીંધ અને ઉતર હીંદુસ્થાનમાં હીંદુ સ્ત્રીઓને બળાત્કારે ઉપાડી જાય છે. મસજીદ આગળ વાજાં વાગતાંજ હીંદુઓ સાથે ડંડા ઉછાળવા મેદાને પડે છે, માટે મુસલમાનો સાથે સામનો કરી લેવા જોઇએ તે માટે હીંદુઓને પાનો ચઢાવવા માટે તે કલમ, શાહીને કાગળનું નખ્ખોદ વાળી કાગદીઆના ધંધામાં તેજ

લાવતો, પણ જ્યારે મર્દાનગી બતાવવાનો વખત આવ્યો ત્યારે આ સનાતની શાસ્ત્રી ઉભી પુછડીએ નાશી ગયો. જો મેં મારી હીંમત ભેગી કરીને નાથુ કણબી તથા બીજાઓના ભોપાળા બહાર પાડી તેઓના મ્હોં કાળા નહીં કરી નાંખ્યા હોત, તો લીંબુશેરીના કણબીઓ મને રાતની વખતે ઘરબ્હાર વીનાની કરતાં અચકવાના ન્હોતા. એ તો મેં લાલ આંખ બતાવી, ત્યારેજ બધા ભડના દીકરાઓ ધડાધડ બારણા બંધ કરી સુઈ ગયા હતા.

મને કણબીઓના વીફરેલા ટોળામાં એકલી મૂકીને ગૌરીશંકર નાશી ગયો, તેજ પળથી તેના પરનું મારૂં વ્હાલ સુકાઇ ગયું હતું. તે દીલચસ્પ ગઝલો લખતો, પણ તેમાં સાચી મસ્તી ન્હોતી. તે રામમૂર્તિ પહેલવાન હોવાનો દાવો કરી, હાથમાં જાડી ડાંગ અને ખાદીની કફની પહેરી ફરતો, પણ એ ડાંગ વાપરવાની ઉસ્તાદી તેના બાપે તેને શીખવી ન્હોતી. આવો માણસ હીંદુ સમાજનો શું શુક્કર વાળવાનો છે એવો ખ્યાલ આવતાં હું હસી. તેનો હેતુ હીંદુ ધર્મને નામે પોતાનું પેટ ભરવાનો હતો. જેલના દરવાજાથી તે થરથર ધ્રુજતો હતો. કાયદાની ચાર દીવાલોની વચ્ચે સલામત રહીને તે "અમે હીંદુ" "અમે હીંદુ" એવી બાંગ મારી તાંડવ નૃત્ય કરતો. પણ તે મરદ બચ્ચો ન્હોતો. પોતાની માશુક પર બીજાની બદનજર પડતાં વેશ્યાઓના મવાલી યારો પણ માથા મુકી મેદાનમાં કુદી પડે છે. પણ આ તંત્રી મહારાજ તો મને નિરાધાર છોડીનેજ નાસી ગયા.

ગૌરીશંકર પર મને અભાવ આવવા છતાં મને બીજા કોઇનો આશરો ન્હોતો. એટલે બીજે દીને સવારના પહોરમાં હું તેને ઘેર નવસારી બજારમાં ગઇ. "નુરે ઇસ્લામ" હોટલની બહાર ફુટપાથ પર

બેસી કેટલાક મુસલમાનો કાવો પીતા હતા. તેઓ મને જોતાંજ હસ્યા.

"એ મની આઇ! મની આઈ!" બેચાર મુસ્લીમો મને જોઇને બોલી ઉઠયા. હું ગૌરીશંકર સાથે ફરતી હતી તે બધા જાણતા હતા અને "સનાતન ધર્મ"માં મારો ફોટો પણ મારા ઉત્સુ થારે પ્રગટ કરી દીધો હતો. તેથી મીયાભાઇઓ મારો ચહેરો ઓળખતા હતા.

"યા અલ્લા! ક્યા ગઝબનાક ખુબસુરતી હૈ! માનો કયામત હૈ!..." એક મુસલમાન હું તેની પાસેથી પસાર થઇ ત્યારે હું સાંભળું તેવા અવાજે બોલ્યો. હું કંઇ બોલી નહિ. ધીક્કારથી હું મૌન રહી.

હું ધમધમ દાદર ચઢી "સનાતન ધર્મ"ની ઓફીસમાં જઇ પહોંચી. ગૌરીશંકરે પોતાના છાપામાં વીદેશી સીગાર સામે જબરી લોહા ચલાવી હતી અને દર વર્ષે હીંદીઓ લાખો રૂપીઆની સીગરેટ અને સીગાર ખરીદી પરદેશીઓને રાતામાતા કરે છે તે માટે તેણે નવ નવ કોલમની આર્ટિકલો લખી હતી. આજ અધીપતી મ્હોંમાં સીગાર નાખી ધુંવો કાઢતો ખુરશી પર બેઠો હતો. અને આવતા અંકમાં હીંદુઓને સણસણાવી કાઢવા માટે કંઇ ચીતરી રહ્યો હતો. મને જોઇ તે હસ્યો—અને સવારના પહોરમાં મને ત્યાં આવેલી જોઇ જરા અજબ થયો.

"કેમ વ્હાલી! તને પણ એ બદમાસોએ સતાવી હતી કે?" તે જરા પણ શરમાયા વિના બોલ્યો.

"તમે તો મને છોડીને નાશીજ આવ્યાને?"

"શું કરૂં વ્હાલી! એ બદમાસોને મારી મારીને હું તેઓનો દમ કાઢી નાંખત. પણ અફસોસ! મારો ડંડો મારી પાસે ન્હોતો!..."

"હશે. હવે મારે તમારે ત્યાં રહેવું પડશે."

"કેમ? કેમ?" તે જરા ગભરાયો.

"નાથુ કણબીનું ઘર હું આજને આજ ખાલી કરવા માગુ છું..."

"તો બીજું ઘર ભાડે રાખ? સુરતમાં ઘરનો શું દુકાળ છે."

"પણ તમે મારા કાયદાસર પતિ થવાના છો એટલે હું આજથીજ તમારે ત્યાં રહું તેમાં તમને શો વાંધો છે?"

"જો વ્હાલી! મને દુનીયાનાં બાપની દરકાર નથી. હું તારે માટે આકાશ પાતાળ એક કરવા તૈયાર છું. પણ જ્યાં સુધી આપણા પુનર્લગ્ન નહી થાય ત્યાં સુધી આપણે સાથે રહીશું તો નીંદાખોર લોકો આપણી નીંદા કરશે અને મારી આબરૂ પર પાણી ફરી વળશે."

"ગઇ રાતે લીંબુશેરીમાં તમારી આબરૂના ગાડા ભરાયા હતા કેમ?"

"એ કણબાઓની વાત કોણ માનવાનું છે? હું કોણ? ધર્મ-ધુરંધર હિંદુ સનાતની છાપાનો તંત્રી! મારી સામે ચું કે ચાં કરવાની શું કણબાઓ હિમ્મત કરવાના છે? જો પેલો નાથીઓ ચેંચીં કરશે કેની તો હું ચરચર કલમ ચલાવીને ડાચું બંધ કરી નાખીશ."

"ત્યારે હું શું કરૂં?"

"તું આટલામાંજ કોઈ સારૂં ઘર શોધી કાઢને!"

"પણ નવસારી બજારમાં તો મુસલમાનો ઘણા રહે છે."

તેથી શું? હું છું કેની? મારો ડંડો જોઇને બધા મુસલ્લાઓ નાસી જાય છે. સમજી? હું કંઈ જેવો તેવો માણસ છું? મોટા મોટા અમલદારો સાથે મને પીછાન છે. મુસલમાનોના લત્તામાં રહીને હું "સનાતન ધર્મ"નો વાવટો ઉડાવી રહ્યો છું તે તું જોતી નથી? ફીકર નહી કર. હમણાંજ હું બીસમીલ્લાને મોકલીને તારે માટે ઘરનો બંદોબસ્ત કરાવું છું..."

"બીસમીલ્લા કોણ છે?"

"તે મારો વફાદાર નોકર છે."

"શું તમે હિંદુ થઇને મુસ્લીમ નોકર રાખ્યો છે ?"

"હા–તેમાં શું ખોટું છે ? આ બીસમીલ્લાને લીધે મેં ભલભલાના હાડકા ખોખરા કરાવ્યા છે. તું ગભરા ના–બસ મોજ કર ! આપણું નામ દેવાની કોઇનામાં તાકાત નથી..."

"વારૂ–તમે મારી સાથે પુનર્લગ્ન કરશો ?"

"ગાંડી રે ગાંડી ! આમ અધીરી શાની થાય છે ? તું કહે તો કાલે પુનર્લગ્ન કરી નાંખીએ. પણ જરા સારૂં મૂહુર્ત તો જોવું જોઇએને ? તારા જન્માક્ષર છે કે ?..."

"નહિ..."

"અફસોસ ! કંઇ ફીકર નહી. કાલે સવારે સંધ્યા કરી તારૂં મ્હોં જોઇને તારી કુંડલી બનાવીશ..."

"વાહ ! તમે મ્હોં જોઇને જન્મ કુંડલી બનાવશો ?"

"હા...ત્યારે તું મને જેવો તેવો જ્યોતિષી સમજે છે ? હું વીદ્યાભાસ્કર જ્યોતિષચંદ્ર ચુડામણી છું...કાશીમાં જઇ ભણી આવ્યો છું...ષટદર્શન મારે મોઢે છે...કૌમુદી કંઠસ્થ છે..." જોશી પોતાના અગાધ જ્ઞાનનું પ્રદર્શન કરવા લાગ્યો. હું તેની આપબડાઇ પર હસી. પણ હવે તો પડ્યું પાનું નિભાવી લેવામાંજ સાર છે એમ સમજીને ચુપ રહી.

પ્રકરણ ૪૮ મું

મણીના કેસનો ચુકાદો.

નવા ઘરમાં ભાડે રહ્યા પછી ગૌરીશંકર મને રોજ મળતો. પણ પુનર્લગ્ન કરવાની વાત કાઢતોજ નહી. હું તેને તેના વચનોની યાદ આપતી ત્યારે તે મને મીઠી મીઠી વાતોથી ભોળવી એ વાતજ ઉડાવી દેતો. આમ મહીનો પસાર થઇ ગયો ને હું ભડકી. આ મહીને હું રજસ્વલા ન થઈ. હવે પુનર્લગ્ન કરવાનો મારો વિચાર દ્રઢ થયો અને હું સીધી ગૌરીશંકરની ઓફીસમાં ગઇ. તે એકલોજ હતો. મને જોઈ તે જરા કચવાયો. પણ તેના કચવાટ તરફ લક્ષ આપ્યા વિના હું ખુરશીપર બેસી બોલી: "ગૌરીશંકર! આજે ન આવતીજ આપણા પુનર્લગ્ન થવા જોઇએ." મારા અવાજમાં દ્રઢતા હતી. આંખોમાં ગૂસ્સો હતો. ગૌરીશંકર મારા દ્રઢ અવાજથી જરા ચોંકયો. પણ બીજીજ પળે તે પોતાનો મનોભાવ છૂપાવી બોલ્યો: "કેમ! એવી શી ઉતાવળ છે?"

"ઉતાવળ નથી? આપણે એક બીજાના પ્રેમમાં છીએ તે આખું સુરત જાણે છે. મારાથી ખોટી લોકનિંદા સહન થતી નથી."

"ગાંડી! લોક નિંદાથી ડરવાની શી જરૂર છે? દુનીઆદારીઓએ કદી પણ સાચા પ્રેમની કિંમત આંકી નથી..." ગૌરીશંકર હસ્યો.

"તમે વાત ન ઉડાવો." હું ગૂસ્સે થઈ બોલી: "આ મહીને હું રજસ્વલા થઇ નથી અને મને લાગે છે કે તમારૂં સંતાન મારા પેટમાં છે."

"શું ઉઉઉ?..." જાણે સાક્ષાત શનીદેવ ભયંકર ક્રોધની જ્વાળામાં મને ભસ્મિભૂત કરી નાંખવાને નવસારી નગરમાં દોડી આવ્યા

હોય તેમ તેણે ભવાં ચઢાવીને બરાડ મારી: "તું ગર્ભવતી થઇ છે ને મારી સાથે પુનર્લગ્ન કરી તારૂં પાપ ઢાંકવા માંગે છે? નીકળ, પીશાચીની! હીંદુ કુલ કલંકીની! નીકળ—મારી પવિત્ર ઓરીસને તારા પાપી પગલાંથી અપવિત્ર ન કર..."

"ગૌરીશંકરજી..." હું ગંભીર અવાજે બોલી: "તમારાં વચનો યાદ કરો..."

"વચન! હુહ! વચન બોલાય છે અને હવામાં ઉડી જાય છે. વચનની કિંમત શી?"

"વચનની કિંમત કંઇજ નથી?"

"જરા પણ નહી. આજ કાલ કિંમત છે દંભની! જો દંભ કરતાં આવડતો હોય તોજ હીંદુ સમાજ તને સંઘરી શકશે તોજ આ "સનાતન ધર્મ"ના તંત્રીની માશુક રહી તું પ્રેમ પીયુષ પી શકશે..."

"નહિ તો?"

"નહિ તો તારા જેવી કલંકિનીઓ માટે અમે મુસલમાનોના ઘરો તૈયાર રાખ્યા છે."

"એમ? ગોંડલમાં પેલી મંગળા અઝીઝની બીબી બની, ઉમરેઠની લલિતા વિધર્મી બની મરીઅમ થઇ છતાં તમારી આંધળી સમાજની આંખો ઉઘડતી નથી?..."

"નહિં. અમારી બંધ આંખોજ સારી છે. અંધ હાલતને લીધે અમે જે ભયંકર રાસલીલા રમીએ છીએ તે અમે દેખી શકતા નથી ને તારે પણ અંધ થઇને રહેવું હોય તો ભલે રહે—મોજ કર, મજાહ કર, ચમન કર..."

"ધુળ પડો તમારી ખુની મોજમજાહ પર! ગૌરીશંકર! તમે સુધારક હોવાનો દાવો કરો છો, હીંદુ સમાજના સલાહકાર થઇ બેસી

તમે હીંદુઓના વકીલ થઇ બેઠા છો. પણ હું તમને કહું છું કે તમે દંભી નર પિશાચ છો..."

"બદમાસ બલા! મારા જેવા ધર્મ ધુરંધરનું આવું અપમાન? જ્યોતિષ ચંદ્રચુડામણી સામે આવું ગૂમાન? ઓ! ક્યાં છે? ક્યાં છે મારો પ્યારો દંડા?..." કહી તે નર પિશાચ ઉભો થયો: "નીકળ-ચંડાલણ! પતીતા! નીકળ મારા પવિત્ર ઘરમાંથી!..."

"ગૌરીશંકર! યાદ રાખજો કે હું પણ જોગમાયા છું. તમે મને ભોળવી હવે આવો ભયંકર દગો દો છો. પણ હું તમારા પર વેર લઇશ."

"ચાલી જા–કર્યું કર–તારાથી થાય તે કરી લેજે." તે શયતાન બોલ્યો અને હું ચંડીકા જેવી તેના ઘરમાંથી નીકળી પડી. મારી મનો-દશા ભયાનક થઇ ગઇ હતી. જો મારા હાથમાં હથીઆર હોત તો એ પાપીને હું ત્યાંજ પુરો કરી નાંખત. પણ અફસોસ! ઓ વીધી! મનુષ્યની ઇચ્છાશકિત એટલી બધી પ્રબલ હોવા છતાં તે અણીની વખતે શા માટે લાચાર થઇ જાય છે?

"પાગલની પેઠે હું ઘેર ગઇ. ગૌરીશંકરે મને ફરીથી ભયંકર દગો દીધો હતો. આ સમયે હું બારે ગાંઠ પુરી થઇ ગયલી હોવાથી મારા જીગરમાં વેર લેવાની વૃતી ધગધગવા લાગી. મને મારી આબરૂની પરવા ન્હોતી. ગૌરીશંકર સમાજમાં સાધુ પુરૂષ ગણાતો હતો. આવા નર પિશાચને ઉઘાડો પાડી મારા જેવી ભોળી રમણીઓનો માર્ગ સરળ કરવાની મેં પ્રતિજ્ઞા લીધી. ગૌરીશંકરજ મારા બાળકનો પિતા હતો. તેણે આપેલા વચનને સાચું માની મેં ગૃહસ્થાશ્રમના અનુભવના લ્હાવા લેવાના મનોરથ ઘડ્યા હતા. પણ એ દગાબાજે થોડાજ શબ્દોમાં મારા આશાનો મિનારો તોડી પાડ્યો.

"ગૌરીશંકરના થોડાક પ્રેમ પત્રો મારી પાસે હતા. આ પત્રો જાહેરમાં મૂકી તેની બદમાસી ખુલ્લી પાડી મેં ન્યાય મેળવવાનો વીચાર કર્યો. હું જાણુતી હતી કે સમાજ મને ન્યાય આપવાની નથી. જો હું મારી કરમકથા જાહેર કરૂં, તો દુનિયા મને એમજ કહેશે કે હરીણી! પારધીનો ધર્મજ જાળ બીછાવવાનો છે. તું એ જાળમાં ફસી માટે તુંજ ગૂનેહગાર છે. ગમે તેમ થાય–દૂનીયા ગમે તે કહે, છતાં ગૌરીશંકરનું મ્હોં કાળું કરવાનો મેં નિશ્ચય કર્યો.

"હું લાચાર, નિરાધાર સ્ત્રી હતી એટલે ગૌરીશંકર જેવા પહોંચેલ બુટ્ટી બદમાસ પર વેર લેવાનું મારે માટે સહેલું ન્હોતું. આ વખતે મને રસિક સાંભર્યો. તે ભીરૂ હતો, છતાં તેની મદદ લેવાનું મને મન થયું. રસિક શિવાય બીજો કોઇ મને મદદ કરશે એમ મને ન લાગ્યુ. રસિક મારો પ્રથમ પ્રેમી હતો તેથી તેજ મારી વ્હારે ધાશે, એમ ધારી મેં તેના પર નીચેનો પત્ર લખ્યો.

"વ્હાલા રસિકલાલ,

ભૂતકાળની સઘળી કડવી વાતો ભુલી જઇ ફક્ત આપણા પ્રથમ પ્રેમનું સ્મરણ કરી, આવતી કાલે સાંજે સાત વાગે મને હોપ પુલપર જરૂર મળજો. જીવ સટોસટનું કામ છે. હું ભયંકર આફતમાં છું. તમારા શિવાય મારી વ્હારે ધાય એવું કોઇ નથી, માટે જો તમે મને એક પળ પણ સાચા પ્રેમથી ચાહી હોય, તો કાલે રાત્રે જરૂર મળજો. હું તમારી ફાગને ડોળે રાહ જોઇશ.

લી૦ તમારી મણી.

આ પત્ર ટપાલમાં નાંખી મેં ગૌરીશંકરના સઘળા પ્રેમ પત્રો એક કવરમાં નાંખી ઠેકાણે મુકયા.

બીજે દીને ઘડીઆળમાં સાંજના સાડા છ વાગતાં હું ગૌરીશંકરના પ્રેમ પત્રોનું બંડલ લઈ હોપપુલ પર ગઈ. મારે કલાકેક થોભવું પડયું. આઠ વાગ્યા. લોકોની ગીરદી વીખરાઈ ગઇ. હું પુલ પર એક જગ્યાએ એકલી બેઠી હતી એવામાં રસિક મારી પાસે આવી ઉભો.

"મણી! શું છે?"

"હું ગર્ભવતી છું અને બદમાસ–દગાબાજ ગૌરીશંકર પર વેર લેવા માંગું છું–"

"તું શી રીતે વેર લેશે? તારી પાસે તેના પાપની શી સાબીતી છે."

"આ બોલતા કાગળો! ગૌરીશંકરે આ પત્રોમાં મારી સાથે પુનર્લગ્ન કરવાનું મને વચન આપ્યું છે..."

"એમ? તો તો બેડો પાર! લાવ, એ કાગળો હું જીલ્લા મેજીસ્ટ્રેટને બતાવી એ બદમાસને ઠેકાણે લાવવાના પગલાં ભરાવીશ—"

રસિક એટલા શબ્દો બોલ્યો. મેં તેના હાથમાં કાગળોનું બંડલ મુકયું. તેજ પળે કોઇએ પાછળથી ધસી આવી રસિકના માથા પર ડંડાનો ઘા કર્યો. રસિક બેભાન થઈ ગયો અને હું ભયની મારી જીવ લઇને નાઠી. નાસતાં નાસતાં મેં પાછું ફરી જોયું. રસિકને મારનારને ગૌરીશંકર હતો એવો મને ભાસ થયો. હું ભયથી ગભરાઈ ગઈ હતી. એટલે મને બરાબર યાદ નથી. પણ એટલું ખાત્રીથી કહું છું કે રસિકને ડંડાનો ઘા કરનારે ઉતાવળથી બેભાન રસિકને ઉપાડી લઇ નદીમાં ફેંકી દીધો, અને હું ભયથી થરથરતી પુલ પસાર કરી શહેરમાં દાખલ થતી હતી, તેવામાં પોલીસે મને પકડી. બસ–નામદાર જજ અને જ્યુરીના ગૃહસ્થો! આ દુઃખીઆરી મણીની કર્મકથા પુરી થઇ. હવે તમને યોગ્ય લાગે તેવો ન્યાય આપો."

મારૂં સ્ટેટમેંટ પુરૂં થયા પછી જુરી વિચાર કરવા ગઈ. પાંચજ માનીટમાં જુરી પાછી ફરી, અને જુરીના ફોરમેનને કોર્ટના ક્લાર્કે પુછ્યું: "આરોપીના ગુન્હા વિષે જુરીનો શો મત છે?"

"નિર્દોષ!..." જ્યુરીના ફોરમેને કહ્યું.

"હું જ્યુરીના સર્વાનુમતી અભિપ્રાય સાથે મળતો થઇ બાઇ મણીને છોડી મૂકવાનો હુકમ કરૂં છું. અને આરોપી ગૈ રીશં-રને પકડવાની પોલીસને આજ્ઞા કરૂં છું—"

તરતજ મને પોલીસે છોડી દીધા. હું મારે ઘેર ગઈ. ત્યારે મને ખબર પડી કે કોર્ટના હુકમની ખબર પડતાં મારા બદમાસ યાર ારી-શાંક

સમાપ્ત.